આવતી કાલનાં નાગરિકો માટે આજનાં ઘરોનું અગ્રણી માસિક

સંસ્થાપક ર.મ.રાવળ



૨૭૩

વર્ષ ત્રેવીસમું · અંક નવમો તંત્રી · બચુભાઈ રાવત સપ્ટેમ્બર ઈસ્વીસન ૧૯૪૬




માતૃમૂર્તિ

(મૅડોના—માતા મેરી—અને બાળક ઈશુ)

કલાકાર • રફાએલ

ચિત્રસંયોજનની કળામાં અનન્ય પ્રતિભા રૂપ ગણાતા જગવિખ્યાત ઇટાલિયન કલાકાર રફાએલે માતૃમૂર્તિ મૅડોનાનાં જે અનેક ચિત્રો દોરેલાં છે તેમાંનું આ 'મૅડોના ડેલા સીડિયા' અથવા 'મૅડોના ઑવ ધ ચૅર'ના નામે ઓળખાતું ચિત્ર અત્યંત દૃષ્ટિમધુર અને ચિત્રસંયોજનનો ઉમદા નમૂનો ગણાય છે. આ અંકમાંની રસમય ને કલાબોધક લેખમાળા 'ચિત્રવિજ્ઞાન'-માં એના સંયોજનનું રહસ્ય સમજાવ્યું છે તે પ્રમાણે સમગ્ર ચિત્રમાં ગોળાકારી રેખાઓ જ હોવા છતાં રફાએલનાં ઘણાં ખરાં ચિત્રસંયોજનોની પેઠે આમાં પણ ત્રિકોણાકારી પિરામિડની રચના રહેલી છે. ગોળાકારની બાબતમાં તો રફાએલ-નો હાથ એટલો સિદ્ધ ગણાતો કે તે કંપાસ વિના જ સંપૂર્ણ વર્તુલ દોરી શકતો; અને એ વિષયમાં એને માટેની એક વાત તો બહુ પ્રચલિત છે કે એક વખત એ કોઇને મળવા ગયો ત્યારે એઓ હાજર નહિ હોવાથી, રફાએલ, પોતે આવી ગયો હોવાની સંજ્ઞા તરીકે ત્યાં હાથેથી એક વર્તુલ દોરતો ગયો. પેલા ઘેર આવ્યા બાદ તરત સમજી ગયા કે રફાએલ આવી ગયો હતો !



ચિત્રો

દેવગિરિ શત્રુંજય (ફોટો) — વિનુભાઈ ગોધારી પૂ. ૬
માતૃમૂર્તિ (બાળક ઇશુ ખ્રિસ્ત અને માતા મેરી) મહાન
ઇટાલિય નકલાકાર રફાએલની જગવિખ્યાત કૃતિ — ત્રિરંગી મુખચિત્ર
સંત ઝેનેવ્યાવ — ચિત્રકાર: પુવી દ સાવાં — પાછલા પૂઠામાં
વૃક્ષશ્રેણી — ,, હોબેમા ,, ,,
મા દીકરી — ,, માદામ લેબ્રુન ,, ,,
આદમનો જન્મ — ,, માઇકેલૅન્જેલો ,, ,,

કાવ્યો

બાઈસાહેબ — ઉમાશંકર જોષી ૧૯૫

ચરિત્ર

એચ. જી. વેલ્સ — અશોક હર્ષ ૧૯૮

નાટિકા

બર્નીઅર — યશોધર નર્મદાશંકર મહેતા ૧૯૯

લેખો

પ્રવાસ-મંજરી [૬] મથુરા — રવિશંકર રાવળ ૧૯૬
ચિત્રવિજ્ઞાન [૨] (અર્ધેન્દ્રકુમાર ગાંગુલી) સૌ. અપર્ણા ત્રિવેદી ૨૦૩
રસદર્શન—૩૦ — હરિપ્રસાદ વ્ર. દેસાઇ ૧૮૯
નાટ્યોત્પત્તિ — યોગેન્દ્ર પ્રિયદર્શી ૨૦૬
રૉયલ ફોટોગ્રાફિક સોસાએટી — ર. ૨૧૦

વિભાગો તથા પ્રકીર્ણ

આપણા દેશની વસતિ અને ધંધાવાર પ્રમાણ (ચિત્રજ્ઞાન) ૧૯૪
કસોટી ૨૦૬
Our Friends Abroad (પરદેશના પત્રમિત્રો) ૨૦૭
માધુકરી ૨૧૧
આ માસનું પંખી—બપૈયો ૨૧૧
આ માસ ઇતિહાસમાં ૨૧૪
છેલ્લું પાનું ૨૧૫


ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે નિયમિત બહાર પડે છે. એટલે તે અરસામાં અંક ન મળે તો તરત એકાદ અઠવાડિયામાં તેની ફરિયાદ કરવી. બધા અંકો બે વખત ચેક કરીને ખૂબ તકેદારી-પૂર્વક પોસ્ટ કરવામાં આવે છે; છતાં અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે હમેશાં પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઇ કરી આપવાનું કાયદેસરનું કશું બંધન અમારે માથે રહેતું નથી તેની ગ્રાહકોએ કૃપા કરી નોંધ લેવી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ, ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂા. ૬; પરદેશમાં રૂા. ૭-૮-૦ અથવા ૧૨ શિલિંગ. છુટક નકલના દસ આના. પાછલા વર્ષના અંકો અપ્રાપ્ય છે. જે કાંઈ દુષ્પ્રાપ્ય અંકો મળે છે તે દરેકની કિં. ૧-૪-૦.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ કંપની, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ-૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.

આપણા દેશની વસતિ, તેની કાર્યક્ષમતા અને તેનું ધંધાવાર પ્રમાણ



સંખ્યાબળની નજરે જોતાં દુનિયા આખીમાં બીજે નંબરે આવતો છતાં, આપણો આ મહાકાય દેશ શોષણ અને ચસારાથી એટલો કંગાલ થઈ ગયો છે કે એની વસતિ-સંખ્યા વિશાળ હોવા છતાં તેમાં કામ કરી શકે તેવા માણસોની સંખ્યા બીજા નાના ને બચુકલા દેશોને મુકાબલે પણ ઓછી આવે છે એ આ સાથેના ડાબી તરફના આલેખમાં બતાવ્યું છે. ગ્રેટબ્રિટન, જર્મની ને ફ્રાન્સ એ ત્રણેય કરતાં કદ અને વસતિમાં વધી જતા આપણા દેશની વસતિની કાર્યક્ષમતા એ દરેક કરતાં ઓછી ઊતરે છે. ઇંગ્લંડ જેવા અંગુઠિયા દેશમાં દર પાંચ માણસે ત્રણ કામ કરી શકે છે ત્યારે આપણા જંગી દેશમાં માત્ર બે જ. પછીના આલેખમાં આપણી વસતિ જુદાજુદા ધંધાઓમાં કયા પ્રમાણથી વહેંચાએલી છે તે દર્શાવ્યું છે. એમાં ક્યાં સુધારાવધારાને અવકાશ છે તે આપણા રાષ્ટ્રનિયોજન કરનારા માટે અગત્યની વિચારણાનું ક્ષેત્ર છે. (શ્રી. ન. વિદ્યાવિહારના સૌજન્યથી.)

વર્ષ ૨૩ · અંક ૯ · સપ્ટેમ્બર ૧૯૪૬ ∴ આવતી કાલનાં નાગરિકોનું અગ્રણી માસિક

બાઈસાહેબ

· મિશ્રોપજાતિ અનુષ્ટુપ ·

વ્હેલી પ્હરોડે વનપંખીઓનાં
કાલાં સુરીલાં કલકૂજનોમાં
સંવાદ સૌ લાગણીઓનો શમાવતો
અરણ્યમાં સંત સુખે વધ્યે જતો.

નગરીનેણ આવીને વાગે છે પીઠમાં મથી;
વારતો, ધપતો ઊભી સીમમાં સંત કોડથી.

સામે દીઠા બે તહીં વાટમારગુ;
એકાબીજાને વળગી ટગુમગુ
આવી રહ્યા. સંત પગે પડીને
પૂછી રહ્યો અંતરથી લળીને:
'બાઈસાહેબનો કહેશો ક્યાં છે મુકામ તેમને?
મારે પરણવાના છે હૈયામાં કોડ એમને.'

સામું નિહાળી ક્ષણ એકમેકની,
હેઠે ધરી ધ્રૂજતી ક્ષીણ તર્જની,
વૃદ્ધો હસે ધીરગભીરઃ 'ભાઈ!'
ને હાંફતા પૂછતઃ 'કોણ બાઈ?
આ બાજુ છે કોઈ ન બાઈ નામે!'
અને કરી આંગળી શ્હેર સામે
બોલેઃ 'વસે છે સઘળી ય ત્યાં પુરે.
શાને ભમે ફોગટ આમ દૂરે?'

'નથી, નથી ત્યાં; વળી કોઈ એના
હૈયા તણો જાણણહાર છે ના.
દીઠી તમે જો કદિ હો'ય તો કહો.
નામે ગરીબાઇ! શું ચિંતવી રહો?'

ત્યાં શ્વેતકેશી હસી એક વૃદ્ધ
બોલ્યો કરીને સ્વર તીક્ષ્ણ ક્રુદ્ધઃ
'એના જ તો પાપ થકી જ સારા
આવા થયા હાલહવાલ મારા.
થયાં કરે સેવન એનું મારે,
છાંટો ન પામ્યો પણ પ્રેમ ક્યારે.'

બીજો તિરસ્કાર થકી કહેઃ 'બાપું
એવુંક એના મહીં શું જ કે હાર્યું
હૈયું અભાગી તુજ આવડું? અરે
છે કૈંક સોહામણી સુંદરી પુરે.
કો અર્પશે, ચાલ, તને ય હાથ.
ભલો થઈ આવ અમારી સાથ.'

'છો કોણ?' પૂછે વિનયાર્દ્ર સંત.
'હું લોભ!' 'હું મોહ!' વદે હસંત

બન્ને ય વૃદ્ધો. 'ઉભયે નમું છું,
કહું?—તમોને ક્યમ હું ગમું છું?
ખવાઈને જીર્ણ તમો સમાન
થાઉં હું તેથી? બસઃ તો પ્રણામ!'

'જરી, જરી થોભ!' વદે પહેલો.
'છે કૈંક આશા તુજ માટ. રહેલો
જે માર્ગ હું જાણું, બતાવું તે તને.
થયો કૃપાપાત્ર ન, તેથી એને
જાણી શક્યો છું દિલથી રગોરગ.
ખેંચાય છે નિત્ય ઘણું બધું જગ
એની પછાડી; પણ તે પરાણે.
એની ખૂબી તો વિરલા જ જાણે.

જા તુંગ શૃંગે ગિરિને.–તહીં હશે
બેઠેલ એકાકિની કો ગુફા વિશે.
રોતી હશે કે નથી કોઇ મારું',
હૂંઠી વળી હું વડું વિશ્વ સારું.

ઊભી હશે વા શિખરે ન જ્યાં પડે
ગરુડની પાંખની છાંય, કે અડે
દુઃશ્વાસ ના જ્યાં દુનિયા તણા. ને
છળીશ મા જોઈ અવસ્થ વાને.

સૂતી હશે કે કહીં શૈલઅંજિલે
ઓઢી ઝીણી વાદળપામરી ઢિલે.

જો કોડ હો એહ વધૂ વર્યાના,
તો આલશે શોખ પછી કર્યા ના;
સૌ બોજ માર્ગે ફગવ્યે, જવાય.
ખાંડા પરે ટેકવવો જ પાય.

અને કહું ભાઇ, રહસ્ય એક:
થતો ન ઈર્ષ્યાળુ પતિ તું છેક.
બીજા હશે પ્રેમિક તે વધૂને,
સહાય થાશે તહીં માર્ગ સૂને.
અનન્ય પ્રેમી બનવા મથીશ મા!
હજો જ એને વર કૈંક તું સમા!'

થંભ્યો ક્ષણાર્ધ ના સંત માર્ગે સ્મિતમુખે ધસે,
સહાયુવાન તે વૃદ્ધો અટ્ટહાસ પૂંઠે હસે.

પંખીસ્વરે જાગી ઉઠેલી ત્યાં ઉષા
વેરે સ્મિતો યાત્રિક સર્વની પરે.
ઘડી પછી જ્યાં પ્રગટંત પૂષા,
શૃંગે વધૂ સન્તન કોડિલો વરે.

—ઉમાશંકર જોષી—

'સન્તફ્રાન્સિસનાં ગરીબાઈ સાથેનાં લગ્ન'ની જેકોબ વાઝરમાને આપેલી કથા પરથી. એકવાર સન્ત ફ્રાન્સિસ ગરીબાઇને શોધવા નીકળી પડયા. રસ્તામાં બે વૃદ્ધ વટેમાર્ગુ મળ્યા. તેમાંથી એક જણે પત્તો આપ્યો કે ઊંચાં ગિરિશિખરો પર ગરીબાઇનો ભેટો થશે... વટેમાર્ગુને 'લોભ' ને 'મોહ' કહ્યા છે. લોભને ગરીબાઇનો પૂરો પરિચય છે. (માણસ લોભી હોય તેથી કાંઈ ગરીબાઇનો ને એનો પરિચય પૂરો થાય જ છે એવું નથી. માત્ર બીચારો ગરીબાઇનું રહસ્ય-હૃદય કદી પામી શકતો નથી એટલું જ.) સન્તને એ સૂચવે છે કે પોતાની પેઠે પરાણે આ પ્રિયાનું સેવન એ કરે નહિ, રસ્તો કપરો હોઇ સાથે રજ પણ દુન્યવી ગોઠંત ન રાખે ને પ્રિયાના અન્ય ચાહકોની–સન્તોની સોબત વાંછે.

પ્રવાસ-મંજરી

એક વધુ સંસ્કારયાત્રાનાં સંસ્મરણો

લેખક : રવિશંકર રાવળ

[૬] મથુરા



દિલ્હીની ગુજરાતી શાળાનું વિદાયમાન લેવામાં એટલું મોડું થયું હતું કે ગાડી ઊપડવાની ઘડીએ જ સ્ટેશનમાં પહોંચ્યા. ઘરનાં માણસો પહેલાંથી આવી જેમતેમ ઇન્ટર વર્ગમાં સરસામાન સાથે ગોઠવાઇ ગયાં હતાં. ત્યાં તો ભમરાને ય પેસવાની જગ્યા રહી ન હતી, એટલે હું સેકંડ ક્લાસમાં ચડી ગયો. ત્યાં પણ સામાનના ડુંગરા ખડકી બડા સાહેબો જગ્યા સર કરીને બેઠા હતા. મને સ્ટેશન પર વળાવવા આવેલા મારા મિત્ર, પુસા કૉલેજના પ્રોફેસર ડૉ. વ્યાસે એક પ્રોફેસર સાથે ઓળખાણ કરાવતાં મને બેસવાની જગ્યા મળી. એવામાં એક તરુણ જોડું આવી પહોચતાં તેમને સગવડ આપવા, સામેની જગ્યા પર બેઠેલા ત્રણ લશ્કરી અંગ્રેજોએ મને પોતાની વચ્ચે જગ્યા કરી આપી. એ ત્રણે જણા કંઇ ને કંઈ વાચન લઈ બેઠા હતા. તેમાંના એકે, પોતાની પાસેથી એક 'પેંગ્વિન' સીરીઝની શ્રી શેળવણકરે લખેલી 'ધ પ્રૉબ્લેમ ઑવ્ ઇન્ડિયા' નામની નાની ચોપડી બતાવતાં કહ્યું, 'આ લેખક ખરૂં જ કહે છે,—અને હું પણ માનું છું કે હિંદુસ્તાન સ્વતંત્ર થવું જ જોઈએ.' આવી સરલતા અને સ્પષ્ટતાની મેં આ પરદેશીઓ પાસેથી આશા રાખી ન હતી. મેં એ ચોપડી જોવા માગી. એમાં ભારતનો આદિકાળથી માંડી આજની કૉંગ્રેસની સાલવાર લડતો સુધીનો બહુ પ્રમાણભૂત ઇતિહાસ આપેલો હતો. વખતોવખતના અખબારી ઉતારા, નેતાઓ અને રાજ્યકર્તાઓનાં નિવેદનો વગેરે એવાં સરણીબંધ હતાં કે આજની પરિસ્થિતિ એક ફિલ્મની માફક સમજાય. અને નવાઈની વાત એ હતી કે એ ચોપડીનું પ્રકાશન ઇંગ્લંડની એક જ્ઞાનપ્રચારક પેઢીએ કર્યું હતું લાખો અમેરિકનો અને અંગ્રેજો આગળ હિંદુસ્તાનનો કેસ રજૂ કરવાનો આવો પ્રયાસ હિંદમાં ભાગ્યે જ થયો હશે. કેટલાયે ન્યાયી અને સમજદાર પરદેશીઓને આ ચોપડીએ હિંદના પક્ષકાર બનાવ્યા હશે.

મથુરામાં

દીવા થયા પહેલાં ગાડી મથુરા જંકશને આવી અટકી, અને હું તરત ઊતરી ઇન્ટર તરફ ધસ્યો. પણ ત્યાં તો ઉતારૂઓને બહાર નીકળવાની જ આફત હતી. અમારો સામાન તળિયે હતો અને પાછળથી આવેલા મુસાફરોએ છાપરે પહોંચે એટલા દાગીના તે પર ખડકી દીધા હતા; અને તે પણ દરવાજો ખોલવાની જગ્યાએ જ. એ તરફની ટ્રેનોના દરવાજા અંદર ખોલવા પડે છે. એટલે આ સ્થિતિમાં સામાન બાજુએ કરવાનું કે મુસાફરોને બહાર નીકળવાનું અશક્ય જ બન્યું હતું. વધારામાં બારીઓ પણ સળિયા ભરેલી હોઈ કોઈ માણસ કે દાગીના બારીમાંથી કઢાય એમ ન હતું. થોડી વાર તો લાગ્યું કે અંદરનાં માણસો ઊતરી નહિ શકે અને ગાડી ઊપડી જશે સદ્ભાગ્યે બીજા મુસાફરોમાં પણ મથુરાના યાત્રિકો હતા અને તેમના મજૂરોએ પરાક્રમ કરી સામાન ખસેડી દરવાજો ઉઘાડ્યો અને સૌ ઊતરી શક્યા. એ થોડી પળોની મૂંઝવણ તોબાહ હતી.

ટપાલની વિચિત્રતા પણ અહીં જ નડી. સ્ટેશન ઉપર કોઇ જ લેવા આવ્યું ન હતું. પણ હું ઠેકાણું જાણતો હતો, એટલે ટાંગો ઠરાવી ઉપડી નીકળ્યા અને ૧૮મી માર્ચની એ રાતના દીવાબત્તી થતાંથતાંમાં તો, મથુરાની પત્થર જડેલી ગલીઓ વટાવી સ્વામીઘાટ ઉપર મારા મિત્ર શ્રી રાધેશ્યામજી દ્વિવેદીની હવેલીએ અમે પહોંચ્યાં. એમણે લખેલા ટાઈમે ને ટ્રેનમાં અમે ગયા હતા, પરંતુ તેઓ જ બહારગામથી ધારેલી ટ્રેઇનમાં આવી શક્યા ન હતા. છતાં તેમના વફાદાર દરવાને હવેલીનો મોટો દરવાજો ખોલ્યો.

નદીકિનારાનાં તીર્થોની સગવડ એ હોય છે કે નદી પાસેના માર્ગ પર જ બજાર હોય છે, ને ગમે ત્યાંથી કિનારા ઉપર જઇ શકાય છે. અમે જરા સ્થિર થઇ, યમુનાઘાટની સંધ્યાની આરતી જોઇ અને સાંજના ઉપાહાર માટે ગરમ દૂધ વગેરે લીધું. ઉત્તર હિંદનાં બજારોમાં ખાદ્ય પદાર્થો ગુજરાત કરતાં સારા અને સસ્તા મળે છે.

અમને કિનારે ફરતા જોઇને કેટલાક પંડાઓએ પૂછપરછ માંડી: ક્યાંથી આવો છો, કોણ છો, વગેરે. આ પંડાઓ પાસે યાત્રિકોની પેઢીવાર નોંધ હોય છે. જેમના ચોપડામાં યાત્રિકોની પૂર્વપેઢી નીકળે તેના પર એ જ પંડાનો હક્ક ગણાય ને બીજા ખસી જાય. તમારો પંડો મળે નહિ ત્યાં સુધી અનેક પંડાઓ પૂછીપૂછીને તમારો દમ કાઢી નાખે. પણ અમે તો 'સ્વામી ઘાટ પરના જ્યોતિષી બાબાના મહેમાન છીએ' એટલું કહેતાં જ તેઓ ખસી જતા.

રાધેશ્યામ દ્વિવેદી

પણ સવારે ઊઠી દાતણપાણીથી પરવારી ચાની તૈયારી કરતા હતા ત્યાં રાધેશ્યામજી અધીરા થતા આવી પહોંચ્યા રાત વેઠીને તે ઠેઠ પટણાથી પહોંચ્યા હતા. ધારેલી ટ્રેનમાં આવી શક્યા નહિ તે માટે ખૂબ દિલગીરી દર્શાવી અને તુરત અમારા સ્વાગત અને સગવડ માટે દરવાનને દોડાદોડ કરાવી મૂકી. સ્નાન, રસોઇ વગેરેનો ઘર જેવો જ બંદોબસ્ત કરાવી દીધો ને અમારી બધી નિરાશા ઉડાડી મૂકી.

પંડિત રાધેશ્યામજી એક જાગીરદાર કુટુંબના ઔદીચ્ય બ્રાહ્મણ ગૃહસ્થ છે. તેમના ત્રણ પેઢીપરના પૂર્વજો ગુજરાતમાંથી રાજાઓના જ્યોતિષી તરીકે મથુરામાં જાગીર પામ્યા હતા. તેમના વડીલોમાંના ઘણા પ્રતાપી અને વિદ્વાન થઇ ગયા છે. ઘરમાં તો ગુજરાતના જ વ્યવહાર અને ભાષા છતાં દૂરત્વથી ઘણો ફેર પડી જાય છે. પણ ગુજરાતનાં સ્વજનો પ્રતિનો તેમનાં ભાવ અને આદર અપૂર્વ છે. એ પોતે પણ યુક્ત પ્રાંતોના એક અગ્રગણ્ય રાષ્ટ્રસેવક, સાહિત્ય અને ભાષાના પ્રચારક તેમજ સમાજસેવક તરીકે જાણીતા છે. મથુરાની પ્રત્યેક સંસ્થામાં તેમનું સારૂં વજન અને સન્માન છે. દેશના દરેક નેતાનો તેઓ ગાઢ સંપર્ક પામ્યા છે. તેમની સેવાભાવના, સરલતા અને ભાવુકતાએ તેમનું મિત્રમંડળ અતિ વ્યાપક બનાવ્યું છે. કવિ પ્રદીપને ગુજરાત સાથે સંપર્કમાં લાવનાર એ જ હતા. એમણે તુરતાતુરત મારા માટે પ્રચારકાર્ય શરૂ કરી દીધું અને સાંજ પહેલાં તો બેત્રણ સભા અને મુલાકાતો ગોઠવી દીધાં.

બપોર પછી યમુના ઘાટ પર ફરવા નીકળ્યા. ફરતાંફરતાં એક ચાની હૉટેલ આગળ અમને ઊભા રાખી રાધેશ્યામજીએ કહ્યું, 'તમને ગુજરાતી ઢબની ચા પાઉં.' અને અંદર જઈ ને સામે બેઠેલા ઊજળા વાનના બાંધી દડીના સાઠેક વર્ષના એક ગૃહસ્થને કહ્યું, 'લક્ષ્મીશંકરભાઇ, મહેમાન માટે સરસ ચા કરાવો.' દરમિયાન મારી પિછાન કરાવી, એટલે લક્ષ્મીશંકરભાઈ તો કાઠિયાવાડના ઔદીચ્ય બ્રાહ્મણ તરીકે મને ખૂબ ભાવથી મળ્યા અને વાતોની છોળે ચડ્યા. તેઓ મથુરામાં ક્યાંથી આવી ચડ્યા તેનો ઇતિહાસ પૂછતાં તેઓ મોટે

સાદે કહેવા લાગ્યા : 'ભાઈ, અમે તો નાટકકંપની કરી હતી. હું નથુરામ સુંદરજીની કંપનીમાં હતો. પછી જુદા થઈ કરાચીમાં સૂર્યવિજય નાટક કંપની કાઢી. પ્રહ્લાદ, મીરાંબાઈ વગેરે ભક્તિના ખેલો કરતા કરાચીથી સક્કર સુધી તો ગુજરાતીમાં ખેલો ચાલ્યા; પણ લાહોર ગયા ત્યાં કામ અટક્યું, કેમકે ગુજરાતી ભાષા ત્યાં કોઈ સમજે નહિ. એટલે કંપની વીંટી લેવાનો વખત આવ્યો. પણ એક હિંદી મિત્રે સુઝાડ્યું કે હિંદીમાં ખેલો કરો તો ચાલે. તેણે રાતોરાત હિંદી અનુવાદો કર્યા અને ત્રણ ચાર દિવસ રીહર્સલ કરી હિંદીમાં ખેલ જાહેર કર્યો. બસ, પછી તો વાત પૂછો મા. ભક્તિનો ખેલ જાણી હિંદી જનતા ઊલટી પડી. એ કાળમાં, અને હજી આજે પણ, ઉત્તર હિંદમાં મુંબાઇ જેવી નાટક કંપનીઓ નથી. તેની બાળ નકલ જેવી રામલીલા મંડળીઓ બહુ છે. મુંબાઇની પારસી નાટક મંડળીઓ નાયિકાઓને સ્ત્રી પાત્રો તરીકે લાવતી તેથી આકર્ષણ રહેતું, પણ જ્યારે ધાર્મિક ભૂમિકા તેઓ ભજવતી ત્યારે જનતાને રોષ થતો; પણ અમારી કંપનીમાં છોકરાઓ સ્ત્રી પાત્રો ભજવતા તેથી અસલ પાત્રને દોષ ન પહોંચતો. તે જોઈ જનતાએ જાહેર સભા ભરીને અમને જ ઉત્તેજન આપવાનું ઠરાવ્યું. તે પછી તો અમારી કંપનીનાં માન વધી પડ્યાં એક જ ખેલ પર અમે વરસ ખેંચી કાઢ્યું. અને ધીરે ધીરે પંજાબ યુ. પી. માં ફરવા લાગ્યા છેવટે મથુરા આવી કંપની વિખેરી નાખી. આ રાધેશ્યામજી પણ થોડો વખત અમારી સાથે આકોલા–જળગામ સુધી આવેલા.'

આ ટૂંક હકીકતમાં મને ગુજરાતની રંગભૂમિનું એક રસમય પ્રકરણ જડ્યું. રાધેશ્યામજીનો યુવાવસ્થાનો શોખ પણ જાણ્યો મેં તો ઉત્સાહમાં લક્ષ્મીશંકરભાઇને એ યુગના નટો, લેખકો, પ્રેક્ષકો અને નાટકની રીતભાત વગેરે વિષેની માહિતી અને પરિચય વિસ્તારથી લખી નાખવા કહ્યું લખે ત્યારે ખરા. આમ, સહાનુભૂતિપૂર્વક કલાક કાઢી નાખ્યો અને બીજે દિવસે લક્ષ્મીશંકરભાઇને ત્યાં કાઠિયાવાડી પૌષ્ટિક ભોજનનું નિમંત્રણ મેળવી અમે છૂટા પડ્યા.

ધર્મની વિકૃતિ

સાથેના સ્ત્રીવર્ગને સંતોષવા એકબે મંદિરો અને હવેલીઓ જોઈ. ધર્મઘેલાં નરનારીઓની પાર વગરની ભીડ, અર્થ વગરનો કલબલાટ, ઝાંઝપખાજનો અવાજ, ખૂણેખૂણે ગંદવાડ અને કચરા, શણગાર તથા ચીતરામણોમાં ભાવ વગરના ગોટાળા, એ બધાં આજના આપણા પ્રાકૃત ભારતીય જનસામાન્યની મૂઢતા અને અજ્ઞાનનાં પૂર્ણ પ્રતીક હતાં. ઉચ્ચ વિચાર પ્રેરતાં વ્યાખ્યાનો આપતા કે ભાવનામય જીવન જીવતા સંતો કે મહાત્માઓનાં દર્શન આવાં સ્થળોએ અશક્ય લાગ્યાં.

સંસ્કારી સમાજમાં

સાંજે મોડેથી મથુરાના આંતરભાગમાં જ્યાં અસલ નાગારકો રહે છે ત્યાં ગયા. નદીકાંઠાનાં ગામોમાં કેટલા ઊંચા ઢાળ–ઉતાર હોય છે તેનો ખરો ખ્યાલ ત્યાં આવ્યો. પ્રેમ–વિદ્યાલયના પ્રમુખ વકીલ શ્રીમાન ભાર્ગવજીનું ઘર તો વિશાળ ચોકવાળું હતું. હવા–ઉજાસવાળી મેડીની ગૅલેરીમાં તેઓશ્રી કોર્ટમાંથી આવી વિશ્રાન્તિ લઇ રહ્યા હતા. અમને જોઇ ખૂબ વિવેકપૂર્વક ઊભા થઇ મળ્યા અને પરસ્પર પરિચય થયો એટલે તેમણે બહુ ઉમંગથી પોતાની પુત્રીને બોલાવી કહ્યું કે થોડા વખતથી અમે એક સ્ત્રી-શિલ્પશાળા કાઢી છે ત્યાં એ ચિત્ર શીખે છે. પરદા અને મલાજાવાળી આ નગરીમાં કન્યાઓને તેમના વિકાસ માટે કાંઇક કરી આપવાના આવા કોડ સંસ્કારી ઘરોમાં જાગ્યા છે તે જોઈ મને આનંદ થયો. કન્યાનાં ચિત્રો પર મારી ચર્ચા સાંભળી તેમણે કહ્યું કે 'કાલે અમારી શિલ્પશાળાને મુલાકાત આપો. હું પણ હાજર રહીશ.' રાધેશ્યામજીએ રાતની એને બીજી મુલાકાત ઠરાવી રાખી હતી. એટલે અમે વહેલી રજા લઈ ઊઠ્યા.

મધુચક્ર

મથુરાના કેટલાક પ્રૌઢ અને તરુણ સાહિત્યપ્રેમીઓએ નિજાનંદ અને વિકાસ ખાતર દર અઠવાડિયે એક સ્થળે મળવા માટે એક 'મધુચક્ર' નામનું મંડળ કર્યું છે. તેના મુખ્યપ્રણેતા શ્રી નિયોગી કરીને એક બંગાળી ડૉક્ટર છે. તેઓ જાતે મંડળ માટે નિમંત્રણ આપી ગયા હતા. રાત્રે આઠેક વાગ્યે, એક મિત્રના મકાનમાં દસબાર મિત્રો અને ચાર બહેનો વગેરેની એ શાંત મિજલસ મને બહુ ગમી ગઈ. ત્યાં સરસ અભ્યાસીઓ, ચિંતકો અને સાહિત્યકો હતા. એ બધાની સમક્ષ વાર્તાલાપ કરવાનું–અને તે પણ હિંદીમાં કરવાનું–મને કહેવામાં આવ્યું ત્યારે મારા ક્ષોભનો પાર નહોતો પણ મેં મારી હમેશની રીત મુજબ મારી મર્યાદાઓનો ખ્યાલ રાખીને, વિષયને હું સમજતો હતો તેવા રૂપમાં, સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો એથી તેઓ સૌ પ્રસન્ન થએલા જણાયા. 'મૉડર્ન આર્ટ', હિંદી અને યુરોપી કલા વચ્ચેનો ફરક, વગેરે ચર્ચાઓ તો બહુ ગહન થાય તેમ હતી. અંતે મંડળના કવિઓએ પણ તેમનાં કાવ્યો સંભળાવ્યાં.

રાધેશ્યામજીની સાંઝીકળા

બીજે દિવસે સવારે રાધેશ્યામજીએ મને તેમના કુટુંબની સાંઝીકળાના નમૂના બતાવ્યા, અને તેમના એક કાકા શિવપ્રસાદજીએ તેને કેવી ઉચ્ચ કક્ષાએ પહોંચાડી હતી તેની વાત કરી. તેઓ દર વરસે શ્રાવણ માસમાં ઘરમાં મોટા દીવાનખાનાની ફરસબંધી પર કોરા ભૂકીરંગો વડે ચિત્રો પૂરે છે. તે માટે કાગળમાં જાતજાતની આકૃતિઓ કોરવી પડે છે. ખરેખરો હુન્નર અને કળાનો ભાગ તો મને એ લાગ્યો, એ આકૃતિઓ એટલી સુરૂપ અને સુરેખ હતી કે તેને હિંદની એક અનોખી કળામાં ગણ્યા વિના ચાલે નહિ. એ સેંકડો હસ્તકૃત કાગળ–જાળીઓ (stencils) આજની શાળાના ચિત્રશિક્ષણમાં સરસ ભૂમિકા બની શકે એવી હતી. આકારોને લાઘવ, સરળતા અને મનોહરતા આપવામાં કલાકારે વિચાર અને સૌંદર્યની તેની દૃષ્ટિ બહુ સમતોલ રાખી હતી. મથુરાની મારી યાત્રામાં આ કળાનો પરિચય હું અગત્યનો અનુભવ ગણું છું. એ સાંઝીચિત્રો જોવાને તો મથુરામાં લોકોની ભીડ થાય છે અને ઘણીવાર પ્રાંતના ગવર્નર અને અંગ્રેજ અધિકારીઓ પણ જોવા આવે છે. પણ ખરો પરવાનો તો તેને તૈયાર થતી જોવી એ છે.

બપોરે સ્ત્રી–શિલ્પશાળાની મુલાકાત લીધી કલાશિક્ષણ માટે લોકો અને સમાજમાં નવો ઉત્સાહ સર્વત્ર છે. પણ સુવિચારિત પાઠ્યક્રમ નથી, એ આજની શિક્ષણસંસ્થાઓની મુશ્કેલી છે. ત્યાં મથુરાના કલાકાર શિવપ્રસાદજીનો પણ પરિચય થયો.

શિલ્પશાળામાંથી પાછા વળતાં અમે એક પડદા ચીતરનાર સુશોભનકારના સ્ટુડિયોમાં ચડી ગયા. અહીં જાણવા મળ્યું કે યુ. પી.ની બધી રાસમંડળીઓ માટે ત્યાંથી જ પડદા ખરીદાય છે. પડદામાં બહુ ઊંચી કલાદૃષ્ટિ કે ચોકસાઇની જરૂર નહિ. જંગલનો, શહેરનો, ઘરનો, ગમે તેવો પડદો ચાલે! પણ એ સ્ટુડિયોના સંચાલકો ખરેખરા હિંમતવાળા ધંધાદારીઓ છે રોજના બેત્રણ પડદા ઉકેલી નાખે છે. ફાલતુ છોકરાઓને કામે લગાડી દે છે અને ધમધોકાર ધંધો ચલાવે છે. પણ તે ઉપરાંત તેઓ એક વિશેષ સામાજિક કળા જાણે છે. મથુરામાં લગ્ન સમયે વરરાજાની મોટર કે ગાડીના અવનવા શણગાર તેઓ કરે છે અને તે કારીગરી ઉલ્લેખનીય છે.

આ બધો વખત કુટુંબીજનોને (અનુસંધાન આગળ પૃ ૨૦૭મે)

જગત-સાહિત્યમાં અને માનવ-માનસમાં પોતાનું નામ સદાકાળને માટે અંકિત કરી જનાર

એચ. જી. વેલ્સ

એક કાપડિયાની દુકાનમાં ઊંચા સ્ટૂલ પર બેઠા રહેતા માત્ર તેર જ વર્ષની વયના ગુમાસ્તામાં, જગતમાં પોતાની અમર નામના કરી જવા જેટલી પ્રતિભા પડી હશે એવો ભાગ્યે જ કોઇને ખ્યાલ આવે. મજૂર વર્ગથી ખાસ જુદા ન પડતા એવા મધ્યમ વર્ગના છેક નીચલા થરમાં, ઇંગ્લંડના કેન્ટ પરગણામાં આવેલા બ્રૉમલી ગામે એક ધંધાદારી ક્રિકેટરને ત્યાં ઈ. સ. ૧૮૬૬ના સપ્ટેમ્બરની ૨૧મી તારીખે એ છોકરાનો જન્મ થએલો, અને જેવુંતેવું શિક્ષણ લઇને એટલી નાની વયે તો તેને નોકરીમાં જોડાઈ જવું પડયું; કારણ તેના પિતાની આવકથી કાંઈ ગુજરાનના બે છેડા સંધાય તેમ નહોતું.

પરંતુ મહિને માત્ર છ પેની પગારની તેની આવક કુટુંબને ખાસ પૂર્તિરૂપ થઈ પડે તેમ ન હતું. પરિણામે, પોષણના અભાવે તેને દૂબળા જ રહેવું પડતું. પોષણના અભાવની એ દૂબળાઇ માંડ ત્રીસેક વર્ષે એ ટાળી શકયો. પણ એ ટાળવાની આકાંક્ષા તો તેને એ વયથી જ રહેલી. પૂરતું શિક્ષણ ન લીધા બદલનો અસંતોષ પણ એને ત્યારથી જ સતાવતો રહેલો. સવારના સાડા સાતથી સાંજના સાડા સાત સુધી એ કાપડિયાની નોકરી બજાવતો. પરંતુ સ્ટૂલ પર વિચારમગ્ન બેસી રહેતા તેના ભેજામાં અનેક વિચારોની વણઝાર ચાલુ રહેતી. પોતે કોઇક દિવસ આ જતરડામાંથી છૂટશે. દુનિયાને કંઇક જુદું જ કરી બતાવશે, એવા મનસૂબા તે બેઠોબેઠો ઘડયા કરતો. શું કરી બતાવશે તેનો તો એને પોતાને યે કદાચ એ વેળા સ્પષ્ટ ખ્યાલ નહિ હોય.

આ કુમાર ગુમાસ્તો તે બીજો કોઈ નહિ પણ મહાન ઇતિહાસકાર, સમાજશાસ્ત્રી તથા કથાલેખક હર્બર્ટ જ્યૉર્જ વેલ્સ—જે પોતાના ટૂંકા નામ એચ. જી. વેલ્સથી જગપ્રસિદ્ધ છે. ગયા ઑગસ્ટની ૧૩મીની સાંજે મધુમેહની બીમારીથી ૭૯ વર્ષની વયે તેનું અવસાન થયું. એણે ત્યાર પહેલાં પોતાને માટે ભાખેલું કે, ૯૭ વર્ષની વયે પોતે એક વિસ્મૃત માનવી તરીકે આ દુનિયાની વિદાય લેશે. પરંતુ એની એ આગાહી ખોટી ઠરી છે. વિસ્મૃત માનવીને બદલે જગત–સાહિત્યમાં ને માનવ–માનસમાં પોતાનું નામ એ સદાકાળને માટે અંકિત કરી ગયો છે.

એના પોતાના વિષેની એ આગાહી ભલે ખોટી પડી છે, પરંતુ વિજ્ઞાનની ભૂમિકા પરની પોતાની તરંગકથાઓમાં એણે એ સિવાયની કરેલી આગાહીઓ તો આશ્ચર્યજનક હદે સાચી પડી છે. ઈંગ્લિશ ખાડી પર પહેલું વિમાન ઊડયું તેની યે વર્ષો પહેલાં એણે હવાઈ બૉમ્બમારાની આગાહી એના 'ધ વૉર ઈન ધી એર'માં કરેલી. એ જ રીતે યુદ્ધમાં બખતરિયા લોખંડી વાહનોનો ઉપયોગ એણે ઠેઠ ૧૯૦૨માં લખેલો ત્યાર પછી ૧૨ વર્ષે પહેલા મહાયુદ્ધમાં ટૅન્કોનો ઉપયોગ થવા પામેલો. આજે અમેરિકા ને બ્રિટનમાં જે 'તૈયાર ઘરો' (પ્રીફૅબ્રિકેટેડ હાઉસિઝ)નું ઉત્પાદન થઈ રહ્યું છે તેની આગાહી પણ આજથી ૪૫ વર્ષ પહેલાં એણે કરેલી; અને એ જ રીતે ઈ. ૧૯૧૪માં 'વર્લ્ડ સેટ ફ્રી'માં એણે પરમાણુ બૉમ્બની આગાહી કરેલી, જે હાલમાં જ ફલિત થવા પામી છે.

પણ માનવજાતના ભાવિનું હૂબહૂ ચિત્રણ કરવાની, લગભગ દ્રષ્ટાપદની આ ભૂમિકાએ પહોંચ્યા પહેલાં એને જિંદગીની ખરેખરી ઝપાટાઓમાંથી પસાર થવું પડેલું. જે કાપડિયાની દુકાને એ રહેલો ત્યાં કોઈ મજૂરે કરેલા ગોટાળા બદલ તેણે તેની જોડે મારામારી કરી



ઈંગ્લંડનો આ યુગનો

મહાન ઇતિહાસકાર, સમાજશાસ્ત્રી ને કથાલેખક

(સ્કેચ : સર વિલિયમ રૅાથેન્સ્ટાઈન)

અને પરિણામે ત્યાંથી રજા મળી. સંપૂર્ણ તંદુરસ્તીનો આનંદ તો જેની કલ્પનાથી યે પર હતો એવા અરધા ભૂખ્યા રહેતા હર્બર્ટને મહિને છ પેનીનો એ પગાર પણ ગુમાવવો પડયો, ને તદ્દન નિષ્કંચન દશામાં તે વિશાળ જગતમાં ધકેલાઈ ગયો. એ વખતની પોતાની બેબસી જ એણે પોતાની કૃતિ 'કિપ્સ'માં વર્ણવી છે.

જે કંઈ થોડીઘણી બચત રહી હતી એમાંથી એણે એક કમરો ભાડે લીધો,—'કમરો' નામ પણ એને માટે 'ભવ્ય' થઈ પડે! ખરી રીતે તો એ એક નાનું સરખું ભંડારિયું જ હતું. એ સાંકડા ખંડની વચ્ચેના પાર્ટિશનની પેલી બાજુ રહેનારાઓની દરેક હીલચાલ સાંભળી શકાય એવું એ તકલાદી હતું. આમ છતાં વેલ્સે એનો આશ્રય લીધો અને શિક્ષણ માટેની પોતાની ઉત્કંઠા શમાવવાને એકાદ નાનીસૂની નિશાળમાં શિક્ષકનો ધંધો મેળવ્યો. ત્યાં રહ્યે રહ્યે છેવટે એણે સરકારી શિષ્યવૃત્તિ મેળવી ને દક્ષિણ કેન્સિંગ્ટનની રૉયલ કૉલેજ ઑવ સાયન્સમાં દાખલ થઈ મહાન વિજ્ઞાની ટૉમસ હેન્રી હક્સલેના હાથ નીચે પ્રાણીશાસ્ત્રમાં બી. એસસી. ની ઉપાધિ મેળવી.

પણ એથી કંઇ ગુજરાનના પ્રશ્નનું નિરાકરણ ન થયું. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ભણાવવાનું માથે લઇ તે થોડુંઘણું રળવા લાગ્યો. જીવશાસ્ત્ર પર એક પાઠયપુસ્તક લખ્યું. 'યુનિવર્સિટી કૉરસ્પોન્ડન્ટ', 'એડયુકેશનલ રીવ્યૂ' 'ફૉર્ટનાઇટલી' વગેરેમાં લેખો લખવા માંડયા.

એવામાં એના હાથમાં એક લોકપ્રચલિત છાપું આવ્યું. એ છાપું પોતાના વાચકોએ પૂછેલા બુદ્ધિશાળી પ્રશ્નોના બદલામાં પ્રશ્ન દીઠ અરધા ક્રાઉનનું ઈનામ આપતું, અને એ પ્રશ્નનો જવાબ પણ જો પૂછનારો પોતે જ સાથે લખી મોકલે તો એટલી વધારે રકમ આપતું. વેલ્સે એમાં ભાગ લેવા માંડયો. ભવિષ્યમાં જગતનામી સાહિત્યકાર બનીને જે વેલ્સ પોતાના એક જ લેખની ઓછામાં ઓછી ૨૦૦ ગિની લેતો, એ વેલ્સે આ રીતે એક ક્રાઉનના વળતરથી લેખન-વ્યવસાયની શરૂઆત કરી. (અનુસંધાન આગળ પાન ૨૦૮મે)

સત્તરમી સદીના એક ઐતિહાસિક પ્રસંગની નાટિકા

બર્નીઅર

લેખક
શ્રી યશોધર નર્મદાશંકર મહેતા, બાર–ઍટ–લૉ

★

દૃશ્ય પહેલું

સમય : સત્તરમા સૈકાની એક રાત
સ્થળ : આગ્રામાં મુઘલ સમ્રાટ શાહજહાંના મહેલની પછીત.
પાત્રો : એક પુરુષ અને એક સ્ત્રી.

[અંધારી રાતે એક સ્ત્રી મહેલની પછીતે કોઈની રાહ જોતી ઊભી છે. અંધારામાં તેની મુખાકૃતિ દેખાતી નથી. પરંતુ મહેલની પાસે આવતાં બારીના ઝાંખા પ્રકાશમાં તે કંઈક દેખાય છે; તે યુવતી છે. એવામાં દૂરથી કોઇનો પડછાયો દેખાય છે. પડછાયો નજીક આવતાં સમજાય છે કે તે કોઇ પુરુષની આકૃતિ છે. પુરુષ છેક નજીક આવે છે.]

સ્ત્રી : કેમ આટલી વાર ?

પુરુષ : દરવાજા નજીક ઘોડો પલાણતાં કોઈ આવતું દીઠું એટલે સંતાવું પડયું. તું કયારની ઊભી છે ?

સ્ત્રી : ઘણીએ વાર થઇ. ચૂપકીથી મહેલમાંથી છટકી આવી છું.

પુરુષ : કોઇ જાણતુંકરતું તો નથી ને ?

સ્ત્રી : ના રે ના.

પુરુષ : બોલ, મહેલમાં શું ચાલે છે ? બાદશાહ કેમ છે ? ને પેલો ?

સ્ત્રી : એ તો પંડિતો સાથેની ચર્ચામાંથી ઊંચો જ આવતો નથી. બાદશાહ બહુ નહિ કાઢે. મને લાગે છે કે તારે ઉતાવળ કરવી જોઇએ.

પુરુષ : ઠીક; પેલો ફ્રેંચ હકીમ કંઈ કામ લાગે તેમ છે ?

સ્ત્રી : ના રે ના, એ તો એનો દોસ્ત છે.

પુરુષ : તેં દાણો ચાંપ્યો હતો ?

સ્ત્રી : ના; એ રસ્તો નકામો છે.

પુરુષ : ઠીક, ડાહીલી, કયો રસ્તો કામનો છે ?

સ્ત્રી : સામી છાતીએ તલવારનો.

પુરુષ : અબ્બાનું શું ?

સ્ત્રી : ઈસ્લામનું શું ?

પુરુષ : ઈસ્લામની ખાતર બધું જ.

સ્ત્રી : ચાંપલી પણ હવે તો એનામાં ભળી છે. હમણાં એ પણ એની વાદે સંસ્કૃત ભણે છે. બંને જણાં કંઇ હિંદુ ધર્મની કિતાબોના તરજૂમા કરે છે. મારૂં ચાલે તો . . . (દાંત કચકચાવે છે).

પુરુષ : મને ખબર છે. ગુસ્સો કરી તું છતી થાય ને મને છતો કરે ! પછી બધી બાજી નકામી જાય ને બાદશાહ મારો હોદ્દો ખૂંચવી મને દુરંગમાં ખોસે. તું બહુ તો મક્કે હજ કરવા જાય. પણ તેમાં ઇસ્લામનું શું વળે ? મુરખી ! (ધીમેથી એના લમણે મુક્કી મારે છે).

સ્ત્રી : ના રે. હું તો કંઈ બતાવતી જ નથી. પણ હવે બહુ ઢીલ કરવામાં માલ નથી. ને બીમાર જહાંપનાહ હવે તખ્ત ઉપર હોય કે ન હોય તે સરખું છે બધો વહીવટ દારાના હાથમાં છે. ઇસ્લામની ભરતી કે ઈસ્લામનો ઓટ એની જવાબદારી તારા ઉપર છે

[એવામાં પુરુષની દૃષ્ટિ સામેના કોટના ખૂણામાં પડે છે એ ઘડી તે તરફ જોઈ રહે છે. પછી સ્ત્રી તરફ જોઇ તે ઝડપથી બોલે છે]

પુરુષ : આવજે ! જાસૂસો જાગે છે, એટલે તારે જલદી ઊંધી જવું જોઇએ. (સ્ત્રીનો વાંસો થાબડી જતોજતો) પણ જાસૂસો બીચારા નથી જાણતા કે ઔરંગઝેબ તો હમેશાં જાગતો છે. (બોલીને મોંએ બુરખો ઓઢી ચાલતો થાય છે. સ્ત્રી પણ બુરખો નાખી ચાલી જાય છે.)

[પડદો]

દૃશ્ય બીજું

સમય : બીજા દિવસની સવાર.
સ્થળ : દારાનો મહેલ.
પાત્રો : દારા અને જહાનારા.

[દારા એક ઉપનિષદ્‌માં ગરકાવ થઈ વાંચતો જણાય છે. એટલામાં જહાનારા આવી ચઢે છે.]

જહાનારા : ભાઈ, અબ્બાને ઘણો બુખાર છે. જોકે બર્નીઅર કહે છે કે ત્રણ રોજમાં ઠીક થઇ જશે. શું વાંચે છે ? (દારાની પાસે આવી વળીને પુસ્તક જુએ છે; પછી આરતેથી ઉચ્ચારે છે) ઈ-શા-વા-સ્યો-પ-નિ-ષન્ત્. કેવું છે ?

દારા : બેનમૂન, બેનમૂન. એ સમજે અને વિચારે તેને બીજું સમજવાનું તથા વિચારવાનું રહેતું નથી.

જહાનારા : તું તો ઉપનિષદ્‌ના પેલા મહાવાકય જેવું બોલ્યો કે એકને જાણ્યાથી બધું જણાય છે.

દારા : શાબાશ છોકરી શાબાશ. તને ઉપનિષદ્‌નાં મહાવાકયો ઠીક યાદ રહ્યાં છે. પણ સંસ્કૃતમાં બોલ.

જહાનારા : एकेन विज्ञातेन सर्वं विज्ञातं भवति ।

દારા : વાહ જહાનારા ! પણ કહે તો ખરી કે તે આત્મા કેવી રીતે જાણવો ? તું એ આત્માને જાણે છે ?

જહાનારા : મારા જ્ઞાની ભાઈ ! તમારી પાસેથી સાંભળીને, મનન કરીને, ધ્યાન કરીને મેં મારા અંતરમાં અવાજ કર્યો કે 'હે જહાનારા !'...

દારા : (વચ્ચે બોલે છે) 'તે આત્મા તું છે.'

જહાનારા : હા; ઉદ્દાલકે જેમ પુત્ર શ્વેતકેતુને કહ્યું, તેમ દારાએ બહેન જહાનારાને કહ્યું. બ્રહ્મર્ષિ યાજ્ઞવલ્કયે જેમ પત્નીને કહ્યું, તેમ રાજર્ષિ દારાએ ભગિનીને કહ્યું.

દારા : જહાનારા ! નથી હું બ્રહ્મર્ષિ કે નથી રાજર્ષિ. મહાસમુદ્રનું માત્ર એક ક્ષણભંગુર મોજું છું. સામ્રાજ્યની સ્પૃહા નથી; સ્પૃહા માત્ર આત્મરાજ્યની છે.

જહાનારા : ભાઈ ! જનકવિદેહી સામ્રાજ્ય અને આત્મરાજ્ય બંનેના માલિક હતા.

દારા : ઘેલી ! એમને સામ્રાજ્ય સાંપડયા પછી આત્મરાજ્ય સાંપડયું. આત્મરાજ્ય સાંપડયા પછી સામ્રાજ્ય મેળવવાની ભાંજગડમાં એ પડયા નહોતા. આવી પડેલી ઉપાધિમાં ને આમંત્રેલી ઉપાધિમાં ફેર છે.

જહાનારા : દારા ! મુઘલ સામ્રાજ્યના વડા પુત્રને રાજતખ્ત તે આવી પડેલી ઉપાધિ છે, આમંત્રેલી નહિ.

દારા : ઉપાધિ આવી પડશે ત્યારે દારા તેને તરછોડશે નહિ. પણ નહિ હોય તેને પૂછતો નહિ જાય !

જહાનારા : ભાઈ ! અબ્બા તો ખર્યું પાન છે, અને તેમાં યે વળી બીમાર છે. દારા દારા કરતાં જીભ સુકાતી નથી. કાલ તો વઝીરજીને કહેતા હતા કે મારા છતાં જ દારાને તખ્તનશીન કરો. ભાઈ ! અબ્બાનો તારામાં કેટલો જીવ છે !

દારા : પણ મુરાદ શુજા ને ઔરંગઝેબને દારા દુશ્મન લાગે છે !

હું સૌથી મોટો જન્મ્યો તે મારો ગુનો ! એક રાજ ને ચાર ઉમેદવાર.

જહાનારા : ના; એક શાહુકાર ને ત્રણ લુટારા.

દારા : જોકે ઔરંગઝેબ તો એમ કહે છે કે એનું દિલ ધર્મમાં છે; તખ્તની એને પડી નથી. છે ફક્ત મારા અધર્મ તરફ વિરોધ !

જહાનારા : એના પેટનું પાપ નીકળે તેમ નથી. ધર્મની હિમાયતના ઓથે તખ્તની તગમ છૂપી છે. તું તો ભલોભોળો છે. ઔરંગઝેબની ચાલાકીથી મુરાદ ને શુજા પણ તારો વિરોધ કરી બેઠા છે.

દારા : બુદ્ધિ તો જેમ વાળો તેમ વળે. ઔરંગઝેબને હું ધર્મદ્રોહી, પાખંડી, પિતાના પ્રેમનો ઈજારદાર વગેરે લાગું છું, એટલે મારા ઉપર તેની કડવી નજર છે.

જહાનારા : પણ એની નીચતા, અદેખાઇ અને કુટિલતાથી હું થરથરૂં છું; મને અંતરમાં ભય છે.

દારા : જ્ઞાનમાં એટલી કચાશ. જેને જ્ઞાન છે તેને ભય શો ? જહાનારા ! આપણા દુશ્મનો આપણી અંદર છે, બહાર નથી. ઔરંગઝેબ દારાનો દુશ્મન નથી, ઔરંગઝેબનો છે.

જહાનારા: પણ સલ્તનતનો સવાલ છે, પ્રજાના સુખનો સવાલ છે, ફક્ત તારા એકલાના અંગત સુખનો સવાલ નથી.

દારા: જે નિર્માણ હશે તે થશે. મનુષ્ય તો માત્ર નિમિત્ત છે. તર્કવિતર્ક છોડ લાવ પેલું છાંદોગ્ય ઉપનિષદ્ ને હું તરજૂમો લખાવું તે લખવા માંડ. (જહાનારા ઉપનિષદ્ આપે છે અને સામે કાગળ ને કલમ લઇને બેસે છે).

[પડદો]

દૃશ્ય ત્રીજું

સમય : અઠવાડિયા પછીની એક સવાર.
સ્થળ : દીવાને ખાસ.
પાત્રો : શાહજહાન, દરબારીઓ અને વઝીર.

[શાહજહાન અને વઝીર વાતો કરે છે ઈરાનનો એલચી શાહજહાનની મુલાકાતે આવનાર છે. પ્રવેશદ્વારે એવી યોજના છે કે જે આવે તેને બાદશાહને ઝૂકીને જ આવવું પડે]

વઝીર : આલમપનાહ ! ઈરાનના શાહને માઠું લાગશે. તેમનો એલચી બારણામાંથી નમીને નહિ આવે, પાછો ફરશે. હિંદ અને ઇરાન વચ્ચેનો સંબંધ વગર કારણે બગડશે.

શાહજહાન : વઝીરજી ! ઈરાનીઓને ઇરાનના દરબારી વિવેકની ખુમારી મારે ભૂલાવવી છે; હિંદનો વિવેક શીખવવો છે. એશિયાનું નાક હિંદ છે, ઈરાન નથી, એ ઠસાવવું છે.

વઝીર : પરંતુ આપ આ રીતે શાહને શું મહત્ત્વ નથી આપતા ?

શાહજહાન : બેશક; પણ ઇરાનનો એલચી મુઘલ શાહને નમીને આવ્યા પછી. (એટલું બોલી મૂછમાં હસે છે).

વઝીર : જહાંપનાહ ! મને ધાસ્તી છે. એ નમીને આવે તે પહેલાં ઈરાનના શાહ મહત્ત્વ પામી જશે.

શાહજહાન : જોઈશું, જોઈશું.

[એટલામાં ઈરાનનો એલચી આવે છે એવી બૂમ સંભળાય છે. શાહજહાનના મોં ઉપર સંતોષ અને આનંદ છવાય છે અને તે દ્વાર તરફ જુએ છે. એલચી દ્વાર સુધી આવી પહોંચે છે સમજી જાય છે કે અપમાનનો કિસ્સો ગોઠવાયો છે. એક ક્ષણ તે સ્તબ્ધ ઊભો રહે છે, પછી પીઠ ફેરવે છે અને મુઘલ સમ્રાટને ભર સભામાં પૂંઠ બતાવી દાખલ થાય છે. દરબારીગણ સ્તબ્ધ થઈ જાય છે !]

એલચી : ઈરાનના શાહનો વફાદાર નોકર હિંદના શાહનો સંદેશો માગે છે.

શાહજહાન : ઈરાનના એલચી ઈરાનના શાહને રોશન કરે કે, ઈરાને હિંદુસ્તાનને પીઠ તો હમેશાં બતાવી છે, પણ એકાદ વાર છાતી પણ બતાવે એમ મુઘલસમ્રાટ્ ઈચ્છે છે. (ઇરાનનો એલચી ઝાંખો પડી જાય છે. શાહાનશાહ વઝીર તરફ જુએ છે) વઝીરજી ! ઇરાનના એલચીને હિંદની આબોહવા માફક નથી, માટે ઈરાનના શાહને લખો કે તેમના એલચીને વળાવવાની મુઘલસમ્રાટ્ વ્યવસ્થા કરાવશે.

એલચી : ઇરાનના શાહ....... (શાહજહાન તેને એકદમ બોલતો અટકાવે છે).

શાહજહાન : તહેરાનમાં હશો; આવજો. સંદેશો ભૂલશો નહિ.

એલચી : પણ.....

શાહજહાન : તમારી તબિયત નાદુરસ્ત છે માટે વધુ રોકાવું સલાહભરેલું નથી. પધારો. (વઝીર તરફ ફરી) વઝીરજી ! આજનું બીજું કામ બોલો. (એલચી ઝંખવાણો પડી ચાલ્યો જાય છે).

વઝીર : આલમપનાહ ! બેત્રણ નાની અરજીઓ સિવાય કંઈ નથી. સિવાય કે... (ઘણા ધીરા અવાજે) .... શાહજાદા ઔરંગઝેબે દક્ષિણમાં મોટું લશ્કર એકઠું કર્યું છે અને ઉત્તરે કૂચ કરી રહ્યા છે એવા સમાચાર મળ્યા છે.

શાહજહાન : (આશ્ચર્યથી) કોની સામે ? કોની રજાથી ?

વઝીર : કંઈ સમજાતું નથી.

શાહજહાન : ઔરંગઝેબને કોઇ સમજી શકે તેમ નથી.

[પડદો]

દૃશ્ય ચોથું

સમય : એક માસ પછી.
સ્થળ : દિલ્હીથી દૂર એક છાવણી.
પાત્રો : દારા, બર્નીઅર, દારાની બીમાર સ્ત્રી.

[ઔરંગઝેબના લશ્કરથી ભાગી છૂટેલો દારા દિલ્હીથી ઘણે દૂર એક છાવણીમાં એની બીમાર સ્ત્રીને લઇને રહે છે. ફ્રેંચ દાક્તર બર્નીઅર અને દારા સ્ત્રીની પથારી પાસે બેઠા છે]

દારા : હકીમજી ! ઔરંગઝેબની ખફામરજી વહોરીને પણ તમે મારી બીબીને જોવા આવ્યા તેથી તમને ધન્યવાદ છે.

બર્નીઅર: શાહજાદા ! હકીમ ફરજ બજાવે તેમાં ધન્યવાદ ન ઘટે.

દારાની સ્ત્રી : લુચ્ચો, બદમાશ, પાખંડી, નિર્દય, દિલ્હીના તખ્તે ! બાપને કેદ, બેનને કેદ, ભાઇઓનાં ખૂન ! એ સાપને તમે પગ નીચે છૂંદી ન નાખો તો તમને શરમ છે, દારા ! એ સાપનું ઝેર સારી સલ્તનતમાં વ્યાપી જશે ને અબ્બા બાબરે રોપેલું ને અબ્બા અકબરે પાળી પોષેલું મુગલાઈનું વૃક્ષ આ સાપના ઝેરથી મરી જશે.

બર્નીઅર : માફ કરજો બેગમ સાહેબા ! આપના ઉપર તો દીઅરજીનો ઘણો ભાવ છે. મને કહે કે ભાભીને સંભારજો ને જલ્દી મટાડી દેજો અને જણાવજો . . . .

દારાની સ્ત્રી : (આંખ કાઢીને) શું !

બર્નીઅર : કે આલમગીરને કોઇની સાથે અંગત વેર નથી ઇસ્લામની ખાતર એ તખ્તે આવ્યો છે, સલ્તનતની ખાતર નહિ અને ઈસ્લામની ખાતર તે જે કરે તે માફ છે, કેમકે આલમગીર તો ખુદાનો ઓલીઓ છે.

દારા : (નહિ જેવું હસીને) ધર્મના આક્રમણમાં અને ધર્મના રક્ષણમાં ફેર છે. પણ જ્ઞાનીને સમજાવી શકાય અગર અજ્ઞાનીને સમજાવી શકાય, અર્ધજ્ઞાનીને નહિ.

દારાની સ્ત્રી : ધૂળ ને રાખ. દીઅરજી એમના બાપદાદા કરતાં વધારે ડાહ્યા. હકીમજી! દીઅરજીને જણાવજો કે બાપ, ભાઈ, ભાભી અને બેન એમને માફ કરશે, પણ ભાવી એમને માફ નહિ કરે. અને જણાવજો કે ભાભી જોકે બહુ સમજણી નથી, પણ એને એમ લાગે છે કે ઇતિહાસ એમને ઇસ્લામનું રક્ષણ કરનારાઓમાં નહિ ગણે, સલ્તનતનાં મૂળ ખોદનાર ગણશે. ભાવીએ એમને ભુલાવ્યા છે. (ગરમ થઈ જાય છે અને ઊંડો નિઃશ્વાસ મૂકે છે.)

દારા : પ્રિયે! આવેશ હૃદયનું બળ હરે છે. હાર, જીત, લાભ, ગેરલાભ, સુખ, દુઃખ એ બધાં દ્વંદ્વોમાં તટસ્થ રહેવું.

દારાની સ્ત્રી : અરે મૂઇ તમારી ફિલસૂફી! અબ્બા બાબર, હુમાયૂં અને અકબર આ ફિલસૂફી જો શીખ્યા હોત તો દિલ્હીના મહેલમાં નહિ પણ તુર્કસ્તાનની ઝૂંપડીમાં દહાડા કાઢયા હોત!

દારા : બરાબર છે. અને આપણે આ જંગલમાં ઝૂંપડીમાં જ છીએ ને! શું દુઃખ છે? મારે તો મહેલ ને ઝુંપડી સરખાં છે.

દાર.ની સ્ત્રી : પણ મારે નથી.

દારા : એટલે તો દુઃખ છે.

દારાની સ્ત્રી : (પોતાના કપાળે ધીરેથી હાથ ઠોકી) મારાં કરમ જ ફૂટેલાં છે!

દારા : (પત્નીના કપાળે હાથ મૂકી શાંતિથી.) નસીબની સામે બળવો ન કરાય. બળતા ડુંગરનું મોં કંઈ હથેળીથી બંધ થાય છે? યમુનાનાં પૂર કંઇ લોટાથી ઉલેચાય છે? વિચાર કર. વિચાર વગર શાંતિ નથી.

દારાની સ્ત્રી : (દારાનો હાથ ધીમેથી પકડી આંખે અડાડી) હું તમને લગારે લાયક નથી.

બર્નીઅર : રજા લઉં? કંઈ સંદેશો છે?

દારા : ખાસ કંઈ નથી ઔરંગઝેબને કહેજો કે દારાની દુઆ છે. અને જેટલો કર્તવ્યપરાયણ છે તેટલો નીતિપરાયણ થાય.

[નમીને બર્નીઅર ચાલ્યો જાય છે.]

[પડદો]

દૃશ્ય પાંચમું

સમય : બે રોજ પછીની સવાર.
સ્થળ : ઔરંગઝેબનો દરબાર.
પાત્રો : ઔરંગઝેબ, બર્નીઅર, વઝીર, વલંદી ને બીજા એલચીઓ.

ઔરંગઝેબ : કેમ હકીમજી! ભાભીની તબિયત કેમ છે?

બર્નીઅર : ધીમે ધીમે સુધરશે.

ઔરંગઝેબ : કંઇ સંદેશો?

બર્નીઅર : આપના ભાઇએ દુઆ પાઠવ્યા છે ને કહાવ્યું છે કે જેટલા કર્તવ્યપરાયણ છો તેટલા નીતિપરાયણ થજો.

ઔરંગઝેબ : (સહેજ હસે છે. પછી ગંભીર મોં કરી) હકીમજી! બડે ભાઇને માલૂમ નથી કે રાજાને નીતિ-અનીતિનાં સામાન્ય કાટલાંથી જોખાય નહિ. રાજા નીતિ સર્જે છે, નીતિ ફેલાવે છે. અને જે નીતિ પોતે સર્જે છે તે નીતિથી પોતે સ્વેચ્છાથી બંધાય છે.

બર્નીઅર : શાહાનશાહ! આપ તખ્ત ઉપર આવ્યા પહેલાંની નીતિ પણ જો આપે સર્જેલી હોય તો કંઇ કહેવાનું નથી.

ઔરંગઝેબ : (એકી ટસે બર્નીઅર તરફ જોઈ રહે છે) હકીમજી! શરમાવા જેવું શાહજાદા ઔરંગઝેબે કંઇ જ કર્યું નથી, અને શાહાનશાહ આલમગીર કરશે નહિ. (એટલામાં વઝીર આવીને જણાવે છે કે વલંદી એલચી મળવા માગે છે.)

ઔરંગઝેબ : મોકલો (એલચી આવે છે) પધારો, પધારો, વલંદી અમીર! મુઘલ શાહાનશાહ આપની મરજી પૂછે છે.

એલચી : જહાંપનાહ! હિંદનું ઝવેરાત, હિંદનું કાપડ, હિંદના તેજાના એ બધા સારૂ વલંદી વહાણો તૈયાર છે.

ઔરંગઝેબ : જરૂર; પણ વહાણો ખાલી તો પાછાં નહિ આવે ને?

એલચી : વલંદી વહાણો કદી ખાલી પાછાં ફર્યાં નથી.

ઔરંગઝેબ : વ્યવહાર ચોખ્ખો સારો હિસાબ કોડીનો, બક્ષિશ લાખની.

એલચી : બેશક. વહાણનાં નૂર સિવાય કંઇ બાકી નથી.

ઔરંગઝેબ : વઝીરજી! નૂર નથી ભર્યાં?

વઝીર : આલમપનાહ! નૂર ગણી લેતાં પણ હિંદને ચોપડે જમા બોલે છે આપ ફરમાવો.

ઔરંગઝેબ : વઝીર! હિસાબ કોડીનો, બક્ષિશ લાખની. (એલચી તરફ ફરી) બોલો, હિસાબે જમા બોલે છે કે ઉધાર?

એલચી : હિસાબે વહાણનાં નૂર બાકી છે.

ઔરંગઝેબ : શાહજોગ વાત. વહાણનાં નૂર તમારાં. વઝીરજી! હિંદનો ચોપડો શું બોલે છે?

વઝીર : હિંદના ચોપડે વલંદા ખાતે ઉધાર છે.

ઔરંગઝેબ : તો જમા ઉધાર મેળવી તારવણી કરો. હિસાબ કોડીનો.

એલચી : પણ અમારે ચોપડે જમા ઉધારનાં પાસાં સરખાં છે.

ઔરંગઝેબ : પણ આપ તો કહો છો કે નૂર બાકી છે!

એલચી : નૂરની ગણત્રી બાકી છે.

ઔરંગઝેબ : એ પદ્ધતિ હિંદની નથી. હિંદ માલ આપે તે હિંદના કિનારે, આપના કિનારે નહિ.

એલચી : અને અમે માલ આપીએ તે અમારે કિનારે.

ઔરંગઝેબ : આપો તો, લાવો તો નહિ.

એલચી : પણ શાહાનશાહ! . . . .

ઔરંગઝેબ : કબૂલ. બક્ષિશ લાખની. વઝીરજી! વહાણનાં નૂર જેટલી કીમતનું ઝવેરાત અમારા મિત્ર વલંદી સમ્રાટને નજરાણામાં મોકલી આપો. આ અબ અર્ઝ!

એલચી : આદાબ અર્ઝ! (નમીને જાય છે.)

વઝીર : જહાંપનાહ! બસરા, યેમન અને તુર્કસ્તાનના એલચી મળવા આવ્યા છે.

ઔરંગઝેબ : બસરા ને યેમનવાળાઓ એલચીઓ ભલે ગણાય, છે ફક્ત વેપારીઓ. તુર્કી એલચીને જણાવો કે ખાસ કામ વગર શાહાનશાહ મળવાની જરૂર જોતા નથી. પેલા બસરા ને યેમનના વેપારીઓને આવવા દો.

[વઝીર જાય છે અને બંને એલચીઓને દાખલ કરે છે.]

બસરી એલચી : જહાંપનાહ! બસરાના સુલતાન સલામ મોકલે છે.

ઔરંગઝેબ : (ન સાંભળ્યું હોય તેમ બેદરકારીથી) બોલો.

બસરી એલચી : બસરાનો માલ હિંદ સ્વીકારે એટલી અર્ઝ.

ઔરંગઝેબ : હિંદ બધાનો માલ લે છે અને લેશે; તેમાં બસરાએ આટલે દૂર એલચી મોકલવાની જરૂર નથી.

બસરી એલચી : બસરાના સુલતાન મુઘલ શાહના દરબારમાં એલચી મોકલી માન આપે છે.

ઔરંગઝેબ : તમારા સુલતાનને કહેજો કે નાહક ખરચમાં ઊતરવાની જરૂર નથી; વેપારી મોકલશો તો ચાલશે. વઝીરજી! બસરાના આ વેપારી સાથે વાત કરી લેજો.

વઝીર : જહાંપનાહ! એમની અર્ઝ છે કે બસરાનો માલ વગર જકાતે હિંદમાં આવે.

ઔરંગઝેબ : વગર જકાતે માલ વેચવો હોય તો બસરામાં વેચી શકે છે. યેમનવાળાને બોલાવો

[બસરાવાળો જાય છે; યેમનવાળો આવે છે.]

યેમનનો એલચી : જહાંપનાહને સલામ.

ઔરંગઝેબ : બોલો.

યેમન-એલચી : યેમનનો માલ હિંદમાં ગળી શકે માટે જકાત માફ કરવાની નમ્ર અર્જ ગુજારૂં છું.

ઔરંગઝેબ : [વઝીર તરફ જોઇ] શું કહ્યું'તું મેં વઝીરજી ! આ કોઈ એલચીઓ નથી, વેપારીઓ છે. યેમનનો માલ હિંદમાં નહિ ખપે તો હિંદનું શું ઊંધુ વળવાનું છે ? વઝીરજી, એમને જણાવો કે હિંદને યેમનનાં ખજૂરનો ખપ હશે ત્યારે વિચાર થશે.

યેમન-એલચી : પણ . . .

ઔરંગઝેબ : (મોટેથી) આદાબ અર્ઝ.

[પડદો]

દ્દશ્ય છઠ્ઠું

સમય : પાંચ વર્ષ પછીની એક સવાર

સ્થળ : દિલ્હીનો રાજમાર્ગ.

પાત્રો : બર્નીઅર અને વલંદી એલચી.

[બંને પાલખીમાં બેઠાબેઠા જાય છે.]

વલંદી એલચી : બર્નીઅર, તમે આ મુલ્કમાં ઘણું રહ્યા !

બર્નીઅર : આઠ વરસ.

એલચી : ઘણો વિચિત્ર મુલ્ક. લોકો વિચિત્ર, મકાનો વિચિત્ર, રિવાજો વિચિત્ર, રાજતંત્ર વિચિત્ર. આ જુઓ : (આંગળી ચીંધી બેત્રણ ફકીરો બતાવે છે). વળી પેલા જુઓ : (કેટલાક નજૂમીઓ બતાવે છે).

બર્નીઅર : પેલા ફકીરો છે, પેલા નજૂમીઓ છે. મૂર્ખ સ્ત્રીઓને અને વહેમી લોકોને તગદીર જોવાને બહાને છેતરીને માતબર થય છે.

એલચી : સાંભળ્યું છે કે કેટલાક જોશીઓ ભવિષ્ય આબાદ જુએ છે !

બર્નીઅર : ધૂળ ને રાખ ! ગયે વરસે જ એક રાજજોશી ડૂબીને મરી ગયો ત્યારે આખા દિલ્હીએ કહ્યું કે જોશી પોતાનું ન જાણી શકયો તે બીજાનાં શું જાણતો'તો ?

એલચી : શાહાનશાહ બાબત તમે શું ધારો છો ?

બર્નીઅર : બડો હુશિયાર છે, ચાલાક છે. (પછી વલંદી એલચી સામે જોઈ) કયાં નથી જાણતા ?

એલચી : (હસીને) હા, વહાણનાં નૂર નદીધાં, નજરાણું દીધું. વલંદી વેપારીઓને લૂંટી વલંદી સમ્રાટને રીઝવ્યા ! બહુ લુચ્ચો. સાંભળ્યું છે કે ઘણી ઘાતકીરીતે કુટુંબીઓને મારી, બાપને કેદ કરી ગાદી મેળવી છે.

બર્નીઅર : એનાં કૃત્યો આપણી દૃષ્ટિએ તો ઘણાં કૂડાં; પણ એ તો એશિયામાં ગાદી માટે એવું થતું જ આવ્યું છે. જે ફાવ્યો તે ડાહ્યો. બાકી શાહાનશાહ ઘણો જ મહેનતુ ને કર્તવ્યનિષ્ઠ છે, મદિરા અને માનિનીથી મુક્ત છે.

એલચી : પણ રાજ્યમાં અંધેર ઘણું છે ને અંધાધૂંધી ભારે છે ઉમરાવો ફાવે તેમ કરે છે અને અમલદારો ફાટયાફાટય ફરે છે. ચારે તરફ લાંચ, રૂશ્વત, અંધેર ને અનીતિ છે.

બર્નીઅર : ઘર જૂનું થઇ ગયું છે. ટાકાટેકાથી થોડા દાયકા નીકળશે. ઔરંગઝેબ પછી અંધારૂં છે. દક્ષિણમાં તો સલ્તનતનાં મૂળિયાં ઊખડવા લાગ્યાં છે. કોઈ શિવાજી નામનો આદુ ખાઈને મચ્યો છે.

એલચી : રાજપૂતો પણ નારાજ અને નાઉમેદ છે.

બર્નીઅર : યુરોપને માટે મોકો આવશે.

એલચી : ફ્રેંચોની આંખ કયાં નથી હોતી ?

બર્નીઅર : ડચ આંખોનું તેજ પણ ઓછું નથી.

[થોડી વાર બંને મૌન રાખે છે.]

એલચી : દિલ્હીના મહેલ ને મસ્જિદો બાદ કરતાં દિલ્હી કંગાલ છે. આ ઘરો તો જુઓ ! માટીનાં ચણતર ને ઘાસનાં છાપરાં ! ઈંટ ચૂનાનું તો નામ નહિ ! રાજધાનીમાં આ દશા છે તો બીજે શું ! આખો દેખાવ જાણે તાત્કાલિક પડાવ માટે લશ્કરે ઊભી કરેલી છાવણીઓ જેવો છે !

બર્નીઅર : એમ જ છે. દિલ્હીની વસતિ વણઝારા જેવી છે. રાજાનું લશ્કર જાય તેની પાછળ અરધું દિલ્હી પણ ખાલી થાય. કારણકે ઘણી વસતિ લશ્કરની જરૂરિયાતો ઉપર જીવે છે.

એલચી : ને આ દુકાનો જુઓ ! જાણે ગોદીઓ ! કંઇ જ ભપકો ન મળે.

બર્નીઅર : જોકે દુકાનોના માલ ભપકાદાર હોય છે. પણ એ લોકો માલ બતાવ્યા કરતાં સંતાડે છે બહુ. બીચારા કરે પણ શું ? દુકાનદારોને અધિકારીઓ કનડે છે પણ બહુ. માલ બતાવે તો તફડાવી જાય.

એલચી : સાંભળ્યું છે કે રાજાને કંઈ પસંદ પડે તો તે ખરીદે નહિ, પણ ભેટસોગાદ તરીકે માગે.

બર્નીઅર : હા; અને અધિકારીની રહેમ હોય તો જ દુકાનદારનો ગલ્લો ભરેલો રહે.

એલચી : કહે છે કે દિલ્હીનાં બજારો ખાલીખમ રહે છે, કેમકે તમામ ચીજો અમીરઉમરાવો ને અધિકારીઓ ઉપાડી જાય છે. પછી બીજા લોકને માટે રહે શું ?

બર્નીઅર : બીજા લોકો કયા ? દિલ્હીમાં કાં તો અમીરી કે કાં તો ફકીરી. ત્રીજો વર્ગ જ નથી.

એલચી : પણ રાજધાનીમાંજ જો ગરીબાઇનો ગજબ, તો બીજે શું ? બીચારા કિસાનનું શું ?

બર્નીઅર : કિસાનનો ફક્ત પરસેવો. જાગીરદારની દયાથી જીવે, ખફામરજીથી મરે. અહીં કાયદા જેવું ખાસ કંઈ નથી. કાયદામાં અમલદારોના મનના તુક્કા અને કોટવાળના કોરડા.

એલચી : પણ ઉમરાવવર્ગ પણ ખાસ સુખી નથી એવું સાંભળ્યું છે.

બર્નીઅર : કયાંથી હોય ? આવકનો એક ને જાવકના બે. મોભા સાચવતાં દમ સુકાય છે. ભેટસોગાદોના ભાર નીચે બધા દબાઇ જાય છે. સાધારણરીતે દેવામાં ડૂબેલો એ વર્ગ છે.

એલચી : માલમિલ્કત, જાનમાલ, બધું અહીં અસ્થિર છે. આજે છે, કાલે નથી. આ સલ્તનત પણ લાંબું ટકે તેમ લાગતું નથી.

બર્નીઅર : સમ્રાટ લૂઇએ હિંદની સંસ્કૃતિની બડી બડી વાતો સાંભળી મને પુછાવ્યું ત્યારે મેં તો જણાવ્યું કે હિંદની રાજલક્ષ્મી જો કાંચન, જવાહીર, રાજમહેલો અને દરબારીઓના ઠાઠમાઠમાં ગણવી હોય તો ઘણી છે, બાકી પ્રજા તો કંગાલ અને ચીંથરેહાલ છે.

એલચી : (વિચારમાં મગ્ન થઈ) હા; બર્નીઅર, બધે જ એમ છે. સામ્રાજ્યો આમવર્ગ સારૂ નથી, અમીર વર્ગ સારૂ છે. છેક રોમન સામ્રાજ્યથી એ ચાલ્યું આવ્યું છે.

[પડદો]

[લેખકના આગામી નાટિકાસંગ્રહ 'રણછોડલાલ અને બીજાં નાટકો'માંથી–લેખકના તથા ઓલ ઇન્ડીયા રેડિયોના સૌજન્યથી]

કલાનાં રૂપરહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવતી લેખમાળા

ચિત્ર-વિજ્ઞાન

શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીના મૂળ પરથી અનુવાદક સૌ. અપર્ણાબેન ત્રિવેદી

આલંકારિક રીતના નકશાગાં વાંકી રેખાને બાદ કરીને ફક્ત સીધી રેખાની મદદથી જ ચિત્રરચના કરવામાં આવે છે: દાખલા તરીકે આપણે કૂકડાની લડાઇનું ચિત્ર નં ૧૭ જોયું. રેખા ને રૂપના તત્ત્વજ્ઞાનીઓ કહે છે કે દરેક સીધી રેખાના ચતુષ્કોણમાં વાંકી રેખાની ગોળાકૃતિ છુપાએલી હોય છે. તેવી જ રીતે દરેક વાંકી રેખાની રચનામાં સીધી રેખાનો ચતુષ્કોણ છુપાએલો હોય છે (આકૃતિ ૩૮). વળી એ વાત પણ સાચી છે કે એક બિન્દુને કેન્દ્ર કરીને દોરેલી નાનીનાની સીધી રેખાની સમષ્ટિથી ગોળાકૃતિ, વૃત્ત અથવા ચક્ર (circle)ની રચના થાય છે (આકૃતિ ૩૯). ગોળાકારની ત્રિજ્યા (radius) જેટલી મોટી હોય, તેટલી તેના પરિધની રેખાઓ મોટી હોય. ત્રિજ્યા જેટલી નાની તેટલી પરિધની રેખાઓ પણ નાની. મૂળમાં તો આ રેખાઓ બિન્દુ રૂપે જ હોય છે. (આકૃતિ ૪૦).


કેટલાક તત્ત્વચિંતકો કહે છે કે પ્રકૃતિની આકૃતિમાં કોઈપણ સ્થળે રેખાનું અસ્તિત્વ નથી,—છે ફક્ત બિન્દુ. ખરી રીતે અનેક બિંદુઓમાંથી જ રેખાની ઉત્પત્તિ થાય છે. અને આ રેખાની મદદથી જ ચિત્રકાર રસરૂપસંપન્ન ચિત્રની રચના કરે છે. દરેક ચિત્રમાં ડિઝાઇન અથવા રેખાની ગોઠવણીની ચાતુરી થોડેઘણે અંશે રહેલી હોય છે. એ રેખારચનામાં જેટલી શક્તિ, માધુર્ય, ઐક્ય ને રસપ્રકાશનું કૌશલ રહેલું હોય તેટલા પ્રમાણમાં તે ડિઝાઈન સાર્થક ને જોરદાર થાય. રસોપભોગીઓ દુર્બળ રેખા કરતાં અનુભવી હાથની જોરદાર રેખાની ડિઝાઇન વધુ પસંદ કરે છે. ચીનજાપાનનાં તથા બૌદ્ધયુગનાં હિંદી ચિત્રોમાં રેખાની આ બલિષ્ટતા સવિશેષ ઉલ્લેખપાત્ર છે.

પીંછીની એક જ રેખા વડે ચિત્રના એકેએક અવયવનું આલેખન કરવું, એ પૂર્વના ચિત્રકારોની વિશિષ્ટતા છે પીંછીની આ કલમકળા (calligraphy)એ પૂર્વદેશની ચિત્રરીતિને શક્તિશાળી ને બલવાન બનાવી છે. ફક્ત પહોળી રેખા જ બલવાન હોય છે ને ઝીણી પીંછીની પાતળી રેખા દુર્બળ હોય છે એવું યે કંઈ નથી. માધુર્ય એ જ રેખાનો ઇચ્છવાલાયક ગુણ કે વિશિષ્ટતા છે. સાધારણરીતે વાંકી રેખાની અવનવી પરિકલ્પનામાં રેખાના માધુર્યની ઉત્પત્તિ થાય છે. સરળતા અથવા રેખાની સ્વચ્છન્દ ગતિ રેખાને સુમધુર કરે છે. ગોઠવણી અથવા ઔચિત્ય એ રેખાની પરિકલ્પનાની બીજી વિશિષ્ટતા છે.


જે રસનું આલંબન લઈ ચિત્રરચના કરવામાં આવે છે તેને અનુરૂપ રેખાની કલ્પના હોવી જોઇએ. ચીનજાપાનનાં ચિત્રોની રેખાકલ્પનામાં આવા ઔચિત્યનાં કે રસને અનુરૂપ રેખાસૃષ્ટિનાં ઘણાં દૃષ્ટાન્તો જોવામાં આવે છે. નીચે આકૃતિ નં. ૪૭માં 'ધર્મ-વ્યાખ્યાન'ના હાથની 'મુદ્રા'માં રેખાનું એવું એક ચાતુર્ય છે કે એ જોતાં જ આપણને લાગે કે જાણે હાથ 'વાતો' ન કરતા હોય! આકૃતિ નં. ૪૮માં ગળાની નીચેના ગાળામાં આલેખેલી ઉપરાઉપરી બે રેખા (ત્રિવલ્લી), બીજા એક રસની ગોળ રેખાનો ભાવ લઇને એક સુમધુર રસની રેખાનો તરંગ લાવે છે. આંખની રેખા, ભમ્મરની ગોળ રેખા ને વાળની નીચે કપાળની અર્ધચન્દ્રાકાર નાનીનાની રેખાઓ, આ વાંકી રેખાનો જવાબ અથવા સુમધુર પ્રતિધ્વનિ પાડે છે. રેખાના આ પરસ્પર પ્રત્યુત્તરો ને સુમધુર તરંગોથી ચિત્ર રસમધુર બને છે.

ચિત્રનાં જુદાંજુદાં અંગોના અવયવોમાં સમાનતા અને સુમેળ સાચવી ચિત્રનું આલેખન કરવું જોઇએ. એક અંશની રેખા સાથે બીજા અંશની રેખાનો સુમેળ હોવો જોઇએ. જો ચિત્રના એક અંશ સાથે બીજા અંશનો વિસંવાદ હોય તો ચિત્રનો સુમેળ અને ભારસામ્યતા (balance)નો નાશ થાય છે. એટલે જુદાજુદા રસની, જુદીજુદી જાતની અને જુદાજુદા વજનવાળી રેખાનો સમન્વય કરીને, ઘણી વિરોધી અને વિરોધી પ્રતિધ્વનિવાળી રેખાઓમાં ઐક્ય સ્થાપવું એ નિપુણ ચિત્રકારનું કર્તવ્ય છે.


રેખાનો શ્રેષ્ઠ ગુણ કથનની કુશળતા છે. જે વાત કહેવી હોય તે વક્તવ્ય, અથવા તે ભાવ અને રસ, સ્પષ્ટપણે વ્યક્ત થાય એવી રીતે રેખાની સ્થાપના કરવી જોઇએ. જે રેખા વડે વક્તવ્ય બરોબર વ્યક્ત ન થાય તેવી રેખાનું કંઈ પણ મૂલ્ય હોતું નથી. વક્તવ્યની આવી



←૩૮




ઉપર ૩૯



૪૦


નીચે : ડાબી બાજુ—આકૃતિ ૪૭; જમણી બાજુ આકૃતિ ૪૮




←૪૭




૪૮→


૪૧


૪૨


૪૩


૪૫


૪૬


૪૪

યોગ્ય રીતની કથનશક્તિ એ ચિત્રરેખાનો ખાસ ઇચ્છવાલાયક ગુણ છે દરેક ચિત્રના ગુણદોષનિર્ણયમાં રેખાની આ ગૂંથણી (structure) ના ગુણનો વિચાર અનિવાર્ય બને છે.

પશ્ચિમ દેશની કલાનાં ચિત્રોમાં પ્રકાશ અને છાયાની જરૂરિયાતમાં તથા જુદીજુદી જાતના કલ્પિત વર્ણ–સમાવેશમાં મૂળ ચિત્રની અંદરની રેખાની ગૂંથણી ઘણી વખત દબાઈ જાય છે, તેથી ઝટ નજરે પડતી નથી. પ્રકાશ અને છાયાનું તથા જુદ જુદા વર્ણનું આવરણ ભેદીને અંદરની આકૃતિનો ઉદ્ધાર કરી, તેની વસ્તુ તથા રેખારચના (composition)ના ગુણનો વિચાર કરવો જોઇએ.

આવી રીતે ચિત્રના ભાગ છૂટા પાડીને પશ્ચિમ દેશની ચિત્રરેખાની ગૂંથણીનો વિચાર કરવાથી જણાય છે કે જુદાંજુદાં ચિત્રોમાં ચિત્રકારો જુદીજુદી પદ્ધતિની રેખા ગોઠવવાની પરિકલ્પના કરી ગયા છે. કોઈક વખત સીધી રેખા, તો કોઇક વખત વાંકી રેખા; કોઈ વખત ચક્રાકૃતિ, કોઈ વખત અંડાકૃતિ તો કોઇક વખત કોણાકૃતિ; એમ જુદીજુદી જાતની રેખાની કલ્પના વડે પશ્ચિમના કુશળ ચિત્રકારો જુદાજુદા રસનાં અને જુદાજુદા ભાવનાં ચિત્રોની રચના કરી ગયા છે. તેમનાં એ ચિત્રોના અંશોને છૂટા પાડવાથી આપણે તેમની રચનાપદ્ધતિની કુશળતા અને નિપુણતાનો પરિચય મેળવી શકીએ.

દાખલા તરીકે પુવી દ સાવાંનું ચીતરેલું Saint Geneviev- 'સેન્ટ ઝેનેવ્યાવ'નું ચિત્ર જોઇએ (જુઓ પાછલા પૂઠામાં આપેલી આર્ટપ્લેટ). એ ચિત્રની મૂળ આંતરિક આકૃતિ (જુઓ આ ઉપરની આકૃતિ નં. ૪૧) ફક્ત કેટલીક ઊભી (perpendicular) અને આડી (horizontal) સીધી રેખાની મદદથી જ તૈયાર કરવામાં આવી છે. માત્ર આકાશમાંના ચન્દ્રની ગોળાકૃતિ સિવાય, કોઈ પણ સ્થળમાં વાંકી રેખા નથી એમ કહીએ તો પણ ચાલે. જ્યાં સ્થિર સ્થિતિનું, એટલેકે ગતિના અભાવનું ચિત્ર રચવું હોય, અથવા શાન્તિના ભાવનો પ્રકાશ કરવાનો ઉદ્દેશ હોય, ત્યાં સાધારણરીતે કલાકાર સીધી રેખાનો જ આશ્રય લે છે; કેમકે સીધી રેખા વડે ગતિહીનતા અથવા સ્થિરભાવ સહજમાં પ્રકટ કરી શકાય છે. સેન્ટ ઝેનેવ્યાવ ફ્રાન્સના પારી (Paris) શહેરનાં એક પરોપકારી સંન્યાસિની હતાં. મૃત્યુ પછી પણ તેઓ પારી શહેરનાં અધિષ્ઠાત્રી અને રક્ષાયત્રી દેવી તરીકે પૂજાયાં છે. નિદ્રિત, સ્તબ્ધ, પારી નગરીનું કલ્યાણ ચિંતવતાં એ ધ્યાનમગ્ના દેવી, સુપ્ત નગરીને ચંદ્રનાં સ્નિગ્ધ કિરણોમાંથી જાણે અશબ્દ વાણીમાં આશીર્વાદ દેતાં હોય એવી ચિત્રકારની કલ્પના છે. અને સીધી રેખાની પરિકલ્પનામાંથી જ આ શાંત રસનો ભાવ અને ગાંભીર્ય સાહજિક રીતે પ્રકાશ પામે છે.

હવે એક બીજું ઉદાહરણ ડચ કલાકાર હૉબેમા (Hobbema)એ આલેખેલા 'ઍવન્યુ' (વૃક્ષ–શ્રેણી) ચિત્રનું લઇએ (જુઓ પાછલા પૂઠામાં). એની રચના કેટલીક ઊભી રેખા વડે કરવામાં આવી છે (ઉપરની આકૃતિ નં. ૪૨). આ ચિત્રમાં ચિત્રરચનાનો એક મુખ્ય નિયમ બતાવવામાં આવ્યો છે કે કોઈપણ ચિત્રનું કેન્દ્ર (centre of interest) ચિત્રની બરોબર મધ્યમાં ન હોવું જોઇએ;—જરા ડાબી

કેસહે જ જમણી તરફ મૂકવું જોઇએ. એટલે કે ચિત્રના બે 'સરખા' ભાગ ન કરવા જોઇએ. આ ચિત્રમાં એનું કેન્દ્ર મધ્યબિંદુથી જરાક ડાબી બાજુ પર છે. રેખારચનાનો બીજો એક નિયમ પણ આ ચિત્રમાં અમલમાં મૂકવામાં આવ્યો છે. જ્યાં એકાધિક (એક કરતાં વધારે) ઊભી રેખાઓની હાર હોય ત્યાં એ અધિકતાના એક ઈલાજ તરીકે ઓછામાં ઓછી એકએક આડી (horizontal) રેખાની યોજના કરવી જોઇએ. આ ચિત્રમાં ક્ષિતિજની રેખા ને તેને સમનાંતર નીચે બીજી એક આડી રેખાની રચના કરવામાં આવી છે.





ત્રીજું ઉદાહરણ ફ્રેન્ચ કલાકાર 'માદામ્ લેબ્રુન અને તેમની કન્યા'નું લઇએ (જુઓ પાછલા પૃષ્ઠમાં તથા આ સાથેની રેખાકૃતિ નં. ૪૩) આ ચિત્રમાં જોકે ખાસ કોઈ સીધી રેખા સ્પષ્ટપણે દેખાઈ આવતી નથી, છતાં એ ચિત્રની આઉટલાઇન અથવા પરિધિરેખા જોતાં તેમાં સીધી રેખાઓ ત્રિકોણાકારે પિરામીડની મ ફક ચિત્રને રચી રહેલી જણાશે. ચિત્રોમાં આવી રચના કરવાનો હેતુ એ હોય છે કે ચિત્ર જોતી વખત પ્રેક્ષકની દૃષ્ટિ સૌથી પહેલી ઊંચા શિખર પર પડે છે ને પછી ધીરેધીરે રેખાઓના ઢાળની સાથેસાથે તે નીચે ઊતરે છે. આ ચિત્રમાં ચિત્રકારનો મુખ્ય હેતુ એ જ છે કે માણસના ચહેરા તરફ જોનારને આકર્ષવું.

બીજા ઊતરતી શ્રેણીના ચિત્રકારો વેશભૂષા, આભૂષણો વગેરે તરફ આકર્ષવાનો પ્રયત્ન કરે છે. પણ યુરોપના (વેલાસ્કવેઝ)ને યાન્યેનાં સુવિખ્યાત પ્રાચીન કલાકારો Holbein (હૉલબીન) Velasquez છબિચિત્રોમાં ચહેરો ને વેશભૂષા બંને તરફ મન સરખું જ આકર્ષાય છે. આ રીતના પક્ષમાં કેટલાક કહે છે કે કોઇકોઇ માણસની છબીમાં તેની વેશભૂષા તેના પ્રધાન અંગ જેવી હોય છે. તેવાં ચિત્રે માં જો વેશભૂષાને બાદ કરીએ યા ઊતરતું સ્થાન આપીએ તો ઘણી વાર તે માણસને ઓળખવો કઠિન થઇ પડે છે.

જગવિખ્યાત ઇટાલિયન કલાકાર Raphael (રફાએલ)નાં ઘણાં ચિત્રો ઉપર્યુક્ત પિરામીડની રેખામાં રચાયાં છે. જુઓ એનું અત્યંત દૃષ્ટિમધુર ચિત્ર 'ખુરશીમાં બેઠેલી માતૃમૂર્તિ' (Madonna of the Chair). આ ચિત્ર કેવળ બહારથી જ ગોળ કૃતિવાળું છે એમ નથી; એની અંદરનું એકેએક અંગપ્રત્યંગ પણ વળાંક ભરી રેખા વડે જ રચાયું છે. (જુઓ આ અંકનું મુખચિત્ર તથા આકૃતિ ૪૪) એક માત્ર ખુરશીના હાથા સિવાય બીજે કોઈ પણ સ્થળે સીધી રેખાનો ઉપયોગ થયો નથી. જેમ સેન્ટ ઝેનોબ્યાવના ચિત્રમાં ફક્ત વાંકી રેખાનો એક ચંદ્ર જ છે, તેવી રીતે આ ચિત્રમાં ફક્ત ખુરશીના હાથામાં જ સીધી રેખા છે—બાકીબધો જ વાંકી રેખાઓનો સરવાળો છે. અને છતાં સમગ્ર ચિત્રની આંતરિક રચના ત્રિકોણાકારી છે.

જગનામી ડચ છબિચિત્રકાર Rembrandt-રેમ્બ્રાંનું 'વૃદ્ધા' (જુઓ આ પાનને મથાળે તથા આકૃતિ ૪૫) ગોળાકાર રેખાના સરસ દૃષ્ટાંતરૂપ છે. માથાની ટોપી, ગળાનો કૉલર ને આખુંય માથું જાણે એકબીજાની ગોળાકૃતિનો પ્રતિધ્વનિ કરતાં લાગે છે ગોળ કૃતિ રેખાઓના આ ધ્વનિ–પ્રતિધ્વનિમાં કોઈ પણ સ્થળે સીધી રેખા નથી. આમ, જરા વધારેપડતી લાગે તેવી વાંકી રેખાઓ વડે જ વૃદ્ધાની મૂર્તિને હૃદયંગમ કરવામાં આવી છે દૃષ્ટિને પીડાકારક અથવા વાંકી રેખાની વિરોધી એવી એક પણ રેખા આ ચિત્રમાં નથી.

જ્યારે એનાથી જુદા જ પ્રકારનું ચિત્ર, વરમીઅરનું 'કન્યાની પ્રતિકૃતિ' જુઓ. આ ચિત્ર (જુઓ ઉપર)માં માથું સંપૂર્ણ ગોળ નહિ, પણ લંબગોળ વાંકી રેખાથી રચાએલું છે. એમાં ચહેરાની ગોળાકાર રેખાને માથાની ગોળ ટોપીની રેખા પોષણ આપે છે, પણ એ બધી વાંકી રેખાઓને વધારે પોષણ તો વિરોધી ભાવની સીધી રેખાવાળા ટોપીના છોગાથી મળે છે. વિપરીત રસની આ સીધી રેખાએ આવીને ગોળાકારી રેખ ને શક્તિશાળી બનાવી છે.

હવે માઈકેલ ઍન્જેલોનું જગતવિખ્યાત ચિત્ર Creation of Man–આદમનો જન્મ જુઓ (પાછલે પૃષ્ઠે) એ ચિત્રની શક્તિશાળી



પરિકલ્પનામાં કોઇ પણ સ્થળે સીધી રેખા નથી. સામસામા લંબાવેલા બે હાથની સીધી રેખાની ક્ષીણતા વાંકી રેખાની યોજના વડે ભેદાઈ ગઇ છે અને આ સ્પર્શને લીધે ચિત્રના બે જુદા જુદા અંશ, સ્વર્ગ ને પૃથ્વીમાં ઐક્ય સ્થપાયું છે. (જુઓ ઉપરનું રેખાંકન ચિત્ર. એક ખૂણા પર એક ચોરસ પ્રકારવાળો અંશ છે, પણ અનેક વાંકી રેખાના મિશ્રણને લીધે એ અંશ જાણે ઢંકાઇ જ ગયો છે.

વિખ્યાત ફ્રેન્ચ કલાકાર Jean Francois Millet ઝ્યાં ફ્રાંસ્વા મિલેના 'કામે જતાં' (Going to work) નામના જાણીતા ચિત્રમાં બે શ્રમિકની સાથેસાથે જતી રૂપાકૃતિ રચાઈ છે. પહેલાં તો એમ જ લાગે કે ચિત્રકારે માત્ર બે ઊભી સીધી રેખાનો આશ્રય લઈને ચિત્ર દોર્યું છે. પણ ખરીરીતે એવું નથી. યુગલમૂર્તિ સમાં એ બે જોડેલાં પાત્રોની રેખાનું અનુસરણ કરવાથી દેખાય છે કે એમાં બે વાંકી રેખાઓ વડે રચાએલી બે લંબગોળ આકૃતિનો સમાવેશ છે (જુઓ રેખાકૃતિ નં ૪૬). જો કોઇ પણ સ્થળે જરાકે સીધી રેખા જેવું દેખાતું હોય તો તે ફક્ત ક્ષિતિજની ક્ષીણ રેખામાં જ. (ચાલુ)

નાટ્યોત્પત્તિ

આપણા પ્રાચીન નાટ્યશાસ્ત્ર તથા તેના અનુષંગી નૃત્ય આદિ શાસ્ત્રનો પ્રારંભિક પરિચય આપતી લેખમાળા

પ્રાચીન કાળમાં જે અનેક વિષયો પર વિધવિધ શાસ્ત્રો રચાયાં છે, તેમાં નાટ્યશાસ્ત્રનો પણ સમાવેશ થાય છે. તેમાં સંગીત, નૃત્ય, અભિનય આદિ નાટ્ય-વિષયોનું વિસ્તૃત અને પદ્ધતિસરનું વિવરણ કરવામાં આવ્યું છે. તેના આદિ આચાર્ય ભરત મુનિ હોવાથી તે 'ભરત નાટ્યશાસ્ત્રને' નામે ઓળખાય છે. જોકે એ 'ભરત' શબ્દ પરત્વે મતભેદ પણ પ્રવર્તે છે. કેટલાક તેનો અર્થ તેના પ્રત્યેક અક્ષર ઉપરથી અનુક્રમે 'ભાવ, રાગ અને તાલ' એવો કરે છે.

નાટ્યનાં બીજ ચારે ય વેદમાં વિદ્યમાન હોવાથી નાટ્ય વેદરૂપ જ છે એમ કહેવાયું છે. આથી નાટ્યશાસ્ત્રને પાંચમો વેદ પણ કહેવામાં આવે છે. વળી નાટ્યના વિષયમાં 'ભરત નાટ્યશાસ્ત્ર' સિવાય બીજા પણ અનેક ગ્રંથો રચાએલા છે. પરંતુ સૌથી આદિ ગ્રંથ તો ભરત નાટ્યશાસ્ત્ર જ છે અને અન્ય સર્વ ગ્રંથો તેના આધારે જ વધતી ઓછી ભિન્નતા સહિત રચાએલા છે.

પ્રત્યેક શાસ્ત્રમાં દૈવિક અંશનું આરોપણ કરવાની હિંદુ ધર્મની સામાન્ય રૂઢી અનુસાર નાટ્યશાસ્ત્રની ઉત્પત્તિને પણ દૈવિક વર્ણવવામાં આવે છે અને બ્રહ્માને તેના આદિ સ્રષ્ટા ગણવામાં આવે છે.

ધર્મશાસ્ત્ર, વેદાન્ત, ન્યાય, મીમાંસા વગેરે શાસ્ત્રો પુરુષાર્થ-સિદ્ધિના ઉપદેશ માટે રચવામાં આવ્યાં છે. પરંતુ તે દુર્બોધ હોવાથી મંદબુદ્ધિ માણસોનો તેમાં પ્રવેશ થઇ શકતો નથી. અરસિક માણસોને પણ શાસ્ત્રશ્રવણમાં કંટાળો આવે છે. આથી તેવાઓને સદુપદેશ આપવાના હેતુથી નાટ્યની રચના થઇ જેમ બાળક પ્રથમ મધ ચાટીને એ નિમિત્તે કટુ ઔષધ પણ પી જાય છે, તેમ જેઓ શાસ્ત્રના અર્થોને ગ્રહણ ન કરી શકે તેવા મંદબુદ્ધિઓને નૃત્યગીતથી શાસ્ત્રપ્રત્યે રૂચિ ઉત્પન્ન કરવાના ઉદ્દેશથી નાટ્ય સર્જવામાં આવ્યું છે.

નાટ્યોત્પત્તિની કથા એવી છે કે પૂર્વે ત્રેતા યુગમાં લોકો જ્યારે કામ અને લોભનો વશ થઇ ઇર્ષ્યા અને દ્વેષથી દુઃખી બન્યા, તેમના પાપાચારથી આખો જંબુ દ્વિપ પીડિત થયો, ત્યારે ઇંદ્રાદિ દેવોએ બ્રહ્મા પાસે જઈ દર્શન અને શ્રવણ યુક્ત કોઇ નવીન ક્રીડાની માગણી કરી અને કહ્યું કે 'વેદો શૂદ્રોને સાંભળલાયક નથી, તો સર્વ વર્ણોને યોગ્ય પાંચમો વેદ ઉત્પન્ન કરો.' આથી સર્વ તત્ત્વના જાણનારા બ્રહ્માએ ઋગ્વેદમાંથી પાઠ્ય, સામવેદમાંથી ગીત, યજુર્વેદમાંથી અભિનય અને અથર્વવેદમાંથી રસ લઇ, ઉપદેશયુક્ત અને સર્વ વ્યવહારદર્શક એવો ચારેય વર્ણને યોગ્ય 'નાટ્ય' નામનો પાંચમો વેદ ઉત્પન્ન કર્યો.

આ વેદ સૌ પ્રથમ ભરત મુનિને પ્રાપ્ત થયો ને બ્રહ્માની આજ્ઞાથી તેમણે 'ઇંદ્રવિજયધ્વજોત્સવ'માં દેવોએ દાનવો પર મેળવેલા વિજયનો પ્રથમ નાટ્યપ્રયોગ ભજવી બતાવ્યો. આ જોઈ ત્યાં આવેલા સર્વ દૈત્યો સંક્ષોભ પામ્યા અને તેમાં અનેક વિઘ્નો નાખવા લાગ્યા. આથી તેમને શાંત કરવા દેવોએ બ્રહ્માને વિનતિ કરી. બ્રહ્માએ દૈત્યોને પૂછ્યું કે 'તમે આ નાટ્યને શા માટે વિઘ્ન કરો છો?' આથી દૈત્યોએ કહ્યું કે 'આપે આ નાટ્યવેદ દેવતાઓ માટે રચ્યો છે અને તે અમારી વિરુદ્ધ છે. દેવોની જેમ દૈત્યો પણ આપનાથી જ ઉત્પન્ન થયા છે માટે આપે આમ કરવું ઉચિત નથી.' દૈત્યોનાં આ પ્રમાણેનાં કથનો સાંભળી બ્રહ્માએ કહ્યું 'તમે ખેદને તજી દો કારણકે નાટ્યમાં માત્ર દેવદાનવનાં શુભાશુભ કર્મો જ ભજવી બતાવાશે એવું નથી; પણ તેમાં ત્રિલોકનાં સર્વ કર્મોનું અનુકરણ કરી બતાવવામાં આવશે.' ત્યારબાદ નહુષ રાજા ઇંદ્ર પાસે યાચના કરી નાટ્યને પૃથ્વી પર લાવ્યો હોવાની કથા છે

બ્રહ્મા, શિવ, નારદ, ભરત, વ્યાસ, વાલ્મીકિ, લવ-કુશ, અર્જુન, પ્રદ્યુમ્ન, પાર્વતી, તંડુ અને ઉષા વગેરેને નાટ્યના આદિ આચાર્યો ગણવામાં આવે છે. રામચંદ્રના પુત્ર લવ-કુશ નાટ્યકલામાં કુશળ હોવાથી નાટ્યશાસ્ત્રને 'કુશીલવ શાસ્ત્ર' પણ કહેવામાં આવે છે.

નાટ્યશાસ્ત્રમાં નાટકનું લક્ષણ આ પ્રમાણે આપ્યું છે: 'લોકોનાં સુખદુઃખયુક્ત સ્વભાવને અંગાદિ ચાર અભિનયો વડે બતાવવો તેનું નામ નાટક' નાટ્યશાસ્ત્રમાં કહ્યું છે કે 'નાટક અધર્મીને ધર્મ, મદોન્મત્તને દમન, ષંઢને ઉત્સાહ, મૂર્ખને બોધ, વિદ્વાનોને ચાતુર્ય, ધનવાનોને વિલાસ, દુઃખીને ધૈર્ય, ઉદ્યોગીને દ્રવ્ય અને ઉગ્રને શાંતિ આપે છે.'

નાટક કેવું હોવું જોઇએ એ વિષે નાટ્યશાસ્ત્રમાં જણાવ્યું છે કે 'નાટક વિવિધ ભાવ અને અવસ્થાયુકત, લોકવૃત્તાંતને અનુસરનારૂં, ઉત્તમ, મધ્યમ અને અધમ સ્ત્રી-પુરુષોનાં ચરિત્રો દર્શાવનારૂં, સુખ અને વિશ્રાંતિ આપનારૂં, યશ, બુદ્ધિ અને આયુષ્ય વધારનારૂં, ધર્મદર્શક અને હિતોપદેશી હોવું જોઇએ.' **યોગેન્દ્ર પ્રિયદર્શી**

કસોટી

ઉકેલી ન શકો તો ઉત્તરો આ નીચે અવળા આપ્યા છે.

(૧) એક વાર શેઠે ખુશ થઇને પોતાના ચાર નોકરોને નીચેની શરતોએ દરેકને એકએક દિવસની રજા આપી દીધી: (૧) દીનુએ છેલ્લું ન જવું; (૨) કનુએ મનુ પહેલાં રજા ભોગવી લેવી; (૩) ચીનુ પહેલો જાય; (૪) દીનુ ચીનુ પછી તરત બીજે દહાડે જાય; (૫) મનુએ છેલ્લું જવું નહિ; ને (૬) કનુએ દીનુ પછી તરત બીજે દિવસે જવું. આમ રજા મળવાથી ચારે નોકરો ખુશ થઈ ગયા; પણ જ્યારે વારા ગોઠવવા બેઠા ત્યારે જ જણાયું કે આ શરતોએ એમને માટે રજા ઉપર ઊતરવું અશક્ય હતું. એથી તેમનાં મોં ખસિયાણાં પડી ગયાં. આથી શેઠે હસતાંહસતાં ઉમેર્યું કે એમાંથી ગમે તે એક શરત રદ કરવાની છૂટ છે. આટલી છૂટ મળતાં તો ચારે રજા પર ઊતરી શક્યા. તો એમણે કઈ શરત રદ કરી હશે?

(૨) ન બોલ્યામાં નવ ગુણ; શિર સલામત તો પઘડિયાં બ્હોત; પારકી આશ સદા નિરાશ;—એ આપણી જાણીતી કહેવતોની શિખામણો છે. પણ એ જ વિષયોમાં એથી બરોબર અવળી જ શિખામણો આપતી કહેવતો પણ આપણે ત્યાં છે. તે કઈ?

(૩) વિજ્ઞાનીઓએ જેને સ્વાદ વિનાનું, રંગ વિનાનું, વાસ વિનાનું, ન સળગી શકે તેવું, ન ફૂટી શકે તેવું, ઝેરી અસર વિનાનું, અને બહુ જ ઓછાં તત્ત્વો જ્યાં પેસી શકે ત્યાં યે પેસી જનારૂં એવું અમેરિકાનું મહાસમર્થ તત્ત્વ કહ્યું છે તે કયું?

(૪) મારો ટેલીફોન નંબર ચાર આંકડાનો છે. ખૂબી એ છે કે એના છેલ્લા બે આંકડા મારા ઘરનો નંબર દર્શાવે છે, અને એ બે આંકડાનો વર્ગ જ આખો ટેલીફોન નંબર બને છે; તો તે શો હશે?

(૫) સૂર્યમાળામાં સૌથી મોટો ગ્રહ કયો? મુક્તિફોજનું સ્થાપક કોણ હતું? હિંદના બુલબુલના નામથી કોણ ઓળખાય છે?

કસોટીના ઉત્તરો: (૧) પાંચમી; (૨) બોલે તેનાં બોર વેચાય; માથું મૂકે તે માલ ખાય; વાડ વિના વેલો ન ચડે; (૩) હેલિયમ; (૪) ૫૭૭૬ (એ એક જ રકમ એવી છે કે જે પોતાના છેલ્લા બે આંકડાનો વર્ગ છે); (૫) ગુરુ; જનરલ બૂથ; સરોજિની નાયડુ.

પ્રવાસ-મંજરી (અનુસંધાન પાન ૧૯૭થી) ગોકુળ-વૃન્દાવનનું ચક્કર લેવા ટાંગામાં મોકલી આપ્યાં હતાં તેઓ સાંજે થાકીપાકીને આવ્યાં. મૂળે ખરાં વૈષ્ણવજન નહિ; અને તેમણે પણ રસ્તાની ધૂળ, માણસોની ઠગાઇ વગેરેની ફરિયાદ કરી. યમુનાતીરની બંસી, ગોપીઓનો વિહાર, ગાયોનાં ધણ, વ્હાલસોયા ગોકુળનાં ગામડિયાં, એ બધાં તો આજે માત્ર કવિઓની કલ્પનામાં જ જીવતાં રહ્યાં છે.

કલામંડળની સ્થાપના

તે જ રાત્રે મારે માથે એક નવી ફરજ આવી પડી. મથુરામાં કેટલાક તરુણોએ એક સાહિત્ય-સંગીતનું મંડળ કર્યું હતું. તેઓ એક મકાન રાખી ત્યાં મળતા. નવા પ્રકારનાં નૃત્યો, ભારતીય સંગીત, કાવ્યવાચન વગેરે તેમના નિત્ય પ્રકારો હતા. હવે તેઓ તેમાં કળાની શાખા વધારવા માગતા હતા. મથુરામાં મારા આગમનની તક લઇ તેમણે વણ પૂછ્યું મુહૂર્ત ઠરાવ્યું. રાત્રે અમે ગયા ત્યારે અગાસી ભરાઇ ગઇ હતી. ઘણી ગંભીરતાથી મંડળના મંત્રીએ આજના કાર્યનો પ્રસ્તાવ મૂકયો. પ્રથમ સંગીત થઇ ગયું, એટલે ઉદ્‌ઘાટનનો વિધિ કરવાનો આવ્યો તેમાં તેમણે મારી સામે એક કોરો કાગળ અને રંગની પેટી ધરી દીધી અને ઘણા ભાવથી ઉચ્ચાર્યું કે આજની તત્ક્ષણ પ્રેરણાથી હું જે ચિત્ર કરું તે એ મંડળનું કાયમનું ધ્યાનચિહ્ન બનશે.

મારી પણ કસોટી આવી. માત્ર હરીકેન ફાનસના અજવાળે, મેં સીધું પીંછીથી જ, ફક્ત ગેરૂઆ રંગે શારદાદેવી એક કુમારને પીંછી આપતાં હોય એવું રેખાચિત્ર કરી આપ્યું. તેઓ ખુશ થઇ ગયા, અને સામેના એક નાના ખંડમાં ચોડયું. ત્યાં કળાના ઉમેદવારોનાં કાલાંઘેલાં અનુકરણચિત્રો પણ ચોડેલાં હતાં. એ પછી દીવાબત્તીના ફેરફારો કરી એક સફેદ પડદા પર, પાછળના પ્રકાશના આધારે પોતાનો પડછાયો પાડી એક નાના કુમારે સુંદર છાયાનૃત્ય કરી બતાવ્યું. આમ, કાર્યક્રમ સુંદર થતો ચાલ્યો. પછી તો મંડળના સભ્ય બચ્ચન કવિએ પોતાનું એક કાવ્ય સંભળાવ્યું. તેમાં '૪૨ની લડત વેળા એક લશ્કરી ટુકડીએ એક ગામડાનો નાશ કેવી ભીષણતાથી કર્યો તેનું વર્ણન હતું. એના શબ્દો અને બોલવાની રીત હૃદય ઉકળાવે તેવી હતી. ગમે તેવા માણસના હૃદયમાં વિક્ષોભ થયા વિના રહે નહિ એવા તેના ઉદ્‌ગાર હતા. આપણા પ્રાંતમાં આવી રીતે કાવ્યોનો રસ પાનારા કેટલા છે? શ્રી મેઘાણી જ અપવાદ રૂપે ગણાશે. એ પછી દીનાનાથ કવિએ પોતાનાં સંસ્કારિત ઝંકારિત પદો સંભળાવ્યાં ત્યારે લાગ્યું કે હિંદી સૃષ્ટિમાં કેટલાયે 'પ્રદીપો' છુપાયા હશે!

રાત ખૂબ વીતી ગઇ હતી; પણ મધુમય ચાંદની, કળા, કાવ્ય અને સંગીતના વાતાવરણની ધૂન અને છેવટે સુવાસિત પુષ્પોની સુંદર ગૂંથણીવાળી માળાએ મને પણ સ્વપ્નના સાગરમાં તરતો મૂકયો: ભારતની એકતા અને ભવ્યતા સાધવામાં કલા કેવું અજબ સાધન છે! પણ અન્ય સંસારમાં તેની કેટલી ઉપેક્ષા!

આગ્રા જતાં

બીજે દિવસે સવારમાં વહેલા તૈયાર થઇ આગ્રા જવાની બસઑફિસે પહોંચ્યા. ટિકિટો લઇ બેઠકો રીઝર્વ કરી, પણ બસ ઊપડવાને વાર હતી એટલે એક અધૂરી રહેલી વાત રાધેશ્યામજીએ પૂર્ણ કરી.

હું આગળ કહેવું વિસરી ગયો કે બજારમાં ફરતાં રાધેશ્યામજી મને મથુરાના શેઠ ભગવાનદાસજીના મકાનમાં લઇ ગયા હતા. ત્યાં મેં સ્વ. કલાકાર રાજા રવિવર્માનાં બે અસલ ચિત્રો જોયાં. તે એમની કલમના શ્રેષ્ઠ નમૂના ગણાય. એક હતું 'બેગમનું સ્નાન' અને બીજું હતું 'અશોકવનમાં સીતા.' એ ચિત્રોનું આલેખન અને માધુર્ય બજારમાં મળતી છાપો મારફત કદી નહિ સમજાય. તે જ ઘરમાં રાજા શેઠ લક્ષ્મણદાસજી સી.આઇ.ઈ.નું મોટું પોર્ટ્રેટ રાજા રવિવર્માનું જ કરેલું છે તે પણ તેમને હિંદના શ્રેષ્ઠ કલાકાર તરીકે આજે પણ સ્થિર કરે છે. વધુ નવીનતા મને એ મળી કે બસના સ્ટેશનની પાસે જ ઉપર્યુક્ત શેઠના સંબંધી શેઠ ગુલાબચંદ ટોંગીઆને ત્યાં રાજા રવિવર્માનું એક દૃશ્યચિત્ર જોવાનો પ્રસંગ મળી ગયો. રાજા રવિવર્માની સિદ્ધિ આકસ્મિક ન હતી. તેમણે બહુ ચીવટથી દૃશ્યસામગ્રીનો અભ્યાસ અને આલેખન કર્યાં હતાં, એની પ્રતીતિ આ ચિત્રો જોતાં થઇ, અને રાજા રવિવર્મા માટે વધુ માનદૃષ્ટિ કેળવીને બસ ઊપડે તે પહેલાં જલદી પહોંચી જઇ જગ્યા પર ગોઠવાઇ ગયો. . . . . અને બે જ કલાકની દોડ પછી આગ્રાના રસ્તા વટાવતા અમે રાજામંડીના બસસ્ટૅન્ડ ઉપર પહોંચી સામાન ઉતારવા માંડયો. (ચાલુ)

પરદેશના પત્રમિત્રો — Our Friends Abroad

રસમય કે વિવિધ વિષયો પર પ્રકાશ પાડતા પત્રોને અભાવે આ નીચે કેટલાંક વિદેશી પત્રમિત્રોનાં સરનામાં પ્રકટ કર્યાં છે, જે વાચકોને બહુ ઉપયોગી નીવડશે. તે સરનામાં ભાઇ સફદરહુસેન મેરાલી(બૉકસ ૬૪૫, મૉમ્બાસા) તરફથી મળેલાં છે, અને તેનો ઉપયોગ કરવા ઈચ્છનારે, પત્રવ્યવહાર કરતી વખતે, પોતાને તે નામ એ ભાઈ તરફથી(કુમાર માસિક મારફત) મળ્યાં હોવાનો ઉલ્લેખ કરવો જરૂરી છે.

(1) Miss Anneke van Hourne, Buskin, Huetlian, 6 Bussum (Holland); (2) Miss J. Bennett, 18 Longshaw Street, Little Hulton, Nr. Bolton, Lancashire, (England); (3) Miss Betty Gibson, 35, Copeland Quad, Ibrox, Glasgow, S. W. 1., (Scotland); (4) Miss Annie-Marie Bouget, 37 Rue du Metier, Mantes Bassicourt, Seine-Dise (France); (5) Miss Ruby Mae Lairmore, 113 Vardon Street, Hot Springs, Ark, U. S. A.; (6) Cyril W. Davies, 1 Cambridge Building, Thorndike Street, London, S. W. 1. (England); (7) Miss La Verne Gidley, Route 2, Munford, Alabama, U. S. A.; (8) Miss Nyla De n Rogan, P. O. Box 35, Philadelphia, Missouri, U. S. A.; (9) Doris Drebenstedt, Palmyre, Missouri, Star Route, U.S.A.; (10) Mr. C. D. Argyros, Abbass Avenue, Khartoum, (Sudan); (11) Mr. Kantilal J. Shah, P. O. Boxt 7, Vicoria, Mahe, Seychelles; (12) Mr. Ratilal Moolchand Sheth, Hodeidah, (Yemen, Arabia); (13) Mr J. A. Moorisby, 37, Federal Street, North Hobart, (Tasmania); (14) Mr. Andy Anderson, P.O. Box 3150, Hollywood, California, U. S. A. (બીજાં સરનામાં આવતે અંકે).

નવાં પત્રમિત્રો

(૧) માણેકલાલ હિં. વ્યાસ, સ્કૉલર, ઈન્સ્ટીટ્યુટ દ ઈન્સ્ત્રુસાંવ, નવા ગોવા–Noa Goa તથા દીવ–Diu; (૨) કૃપિયાશંકર આધવજી જોષી, ચાગલા બિલ્ડિંગ, ઝીણા સ્ટ્રીટ, રણછોડ લાઈન, કરાંચી; (૩) વીટી, સોરઠિયા બોર્ડિંગ, વણઝારી વાવ, જુનાગઢ; (૪) બલદેવ જાની, પો. બૉ. ૭૧, દારેસ્સલામ–બ્રિ ઇ. આફ્રિકા; (૫) અબ્દુલ અઝીઝ એચ. ખાકી, પો. બૉ. ૪૩૮, દારેસ્સલામ- બ્રિ. ઇ. આ; (૬) કુરબાનહુસેન એ. પટવા, પો. બૉ. ૩૯૯, દારેસ્સલામ–બ્રિ. ઇ. આ.

એચ. જી. વેલ્સ (અનુસંધાન પાછળ પાન ૧૯૮થી)

અને પછી તો શિક્ષણનું ક્ષેત્ર છોડીને હિંમતભેર પત્રકારત્વના ક્ષેત્રમાંએણે ઝંપલાવ્યું 'પૉલમૉલ ગેઝેટ','સૅટર્ડે રીવ્યૂ', 'નેચર' વગેરે પ્રસિદ્ધ પત્રોમાં એણે લખવા માંડ્યું. માત્ર પાંચ જ ફૂટની ઊંચાઇના, આંખમાં ખોડવાળા એ દૂબળા આદમીમાં જે શકિત, સ્ફૂર્તિ તથા કલ્પનાશીલતા સુષુપ્ત રહેલાં તેનો જાગ્રત પ્રવાહ હવે વહેતો થયો. પોતે જે અનુભવોથી તંગ આવેલો એ અનુભવો કોઇને યે અનુભવવા ન પડે એવા નવા પાયે જગતને મૂકવાની તિતીર્ષા એને જાગી હતી.

પહેલો હાથ એણે નવલકથા પર અજમાવ્યો. એ કૃતિ 'કિપ્સ'ને અનન્ય લોકપ્રિયતા મળ્યા પછી 'વિલિયમ ક્લિસોલ્ડ','ટોનો બગે' વગેરે એક પછી એક નવલકથાઓ એ બહાર પાડતો ગયો. એની ખ્યાતિ ઠેઠ અમેરિકા સુધી પહોંચી ગઇ. સમાજશાસ્ત્રીય કથાલેખનનો એ પ્રકાર આ જમાનાની જ પેદાશ છે અને એનો સૌથી વધુ પ્રાતિનિધિક લેખક કોઇ હોય તો તે એચ. જી. વેલ્સ છે.

પોતાના એક મિત્ર ઉપરના પત્રમાં વેલ્સે એક વાર લખેલું, "'ammer, 'ammer, 'ammer on the 'ard 'igh road" (હૅમર, હૅમર, હૅમર ઑન ધ હાર્ડ હાઈ રોડ.) અને એ જ સૂત્ર જાતે અપનાવીને કામના ભારે બોજા અને નબળી તબિયત વચ્ચે પણ એ એક પછી એક સંખ્યાબંધ કૃતિઓ બહાર પાડતો ગયો.

કલ્પનાસાહિત્ય પછી એ શિક્ષણ, સમાજકારણ અને રાજકારણના વધુ નક્કર ક્ષેત્રમાં પડ્યો. ઇતિહાસના નિષ્ણાતોનાં પરસ્પર વિરોધી મંતવ્યો બાજુએ રાખી એણે 'ધી આઉટલાઇન ઑવ હિસ્ટરી'નો મહાગ્રંથ લખ્યો અને જગતને સાચી માનવભાવી ઇતિહાસદૃષ્ટિ આપી. અને લેખક તરીકે શ્રીમંત બનાવનાર એની વૈજ્ઞાનિક તરંગકથાઓ નહિ પણ આ ઇતિહાસદૃષ્ટિ જ હતી.

પોતાના જીવનકાળમાં લગભગ ૫૦ પુસ્તકો એ લખી ગયો છે અને એમાં છેલ્લામાં છેલ્લા રાજકીય, સામાજિક, વૈજ્ઞાનિક પ્રવાહોને એણે અપનાવ્યા છે, એટલું જ નહિ પણ એ સંશોધનોના તાર્કિક અનુસંધાનમાં ભાવિને લગતી કેટલીક આગાહીઓ પણ કરી છે. વાર્તાઓ, નવલકથાઓ કે અન્ય કૃતિઓનો પ્રભાવ કદાચ કાળબળે ઓસરતો જશે, પરંતુ એની આ ત્રણ કૃતિઓ તો જગતસાહિત્યના અમૂલ્ય વારસા રૂપ બની રહેવાની છે (૧) ધી આઉટલાઇન ઑવ હિસ્ટરી (ઇતિહાસની રૂપરેખા); (૨) ધ સાયન્સ ઑવ લાઈફ (જીવનનું વિજ્ઞાન); અને (૩) ધ વર્ક, વેલ્થ ઍન્ડ હૅપીનેસ ઑવ મૅનકાઇન્ડ (માનવ જાતિનાં સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ).

કૉલેજમાં ભણતી વખતે જ વેલ્સ સમાજવાદથી આકર્ષાએલો અને એ અંગેના પોતાના વિચાર એણે એની કૃતિ 'ઍન્ટિસિપેશન્સ'માં રજૂ કર્યા છે. એ કૃતિની એક જ વર્ષમાં ૧૮ આવૃત્તિઓ થઈ. એ દ્વારા જગતના એક વિચારનેતા તરીકે તે સ્વીકારાઈ ગયો. એ વખતના અગ્રણી સમાજવાદી વિચારકો જ્યૉર્જ બર્નાર્ડ શૉ તથા વેબ દંપતી તેનાં મિત્રો હતાં અને તેમાંથી વેબદંપતીએ તેને 'ફૅબિયન સોસાએટી' માં જોડાવાનો પ્રેરેલો. પરંતુ મંડળના સિદ્ધાંતો તથા નીતિ અંગે શૉ તથા તેની વચ્ચે ઝગડો થતાં તેણે એ મંડળમાંથી રાજીનામું આપેલું.

એણે આત્મકથા પણ લખી છે: 'એકસપેરીમેન્ટ ઇન ઑટોબાયોગ્રાફી'. પરંતુ એમાં ભૌતિક બાજુ કરતાં બૌદ્ધિક બાજુ પર વધારે ભાર મૂક્યો છે, ને પોતાના દેહ કે આત્માના અનુભવો કરતાં પોતાના મનની પ્રક્રિયાઓનું માં એણે મોટે ભાગે નિરૂપણ કરેલું છે.

એના યુગમાં 'મહાન ચ ર' તરીકે ઓળખાતા સાહિત્યકારોમાં એક વેલ્સ હતો. બીજા ત્રણ તે ચેસ્ટરટન, આર્નોલ્ડ બેનેટ અને શૉ. બીજા પણ હતા!, પરંતુ તેમની લાક્ષણિકતા આ ચારના કરતાં જુદી હતી. હાર્ડી હતો, પણ એ તો એકાદ ઓલીમ્પીઅનની માફક સૌથી અતડો જ રહેતો. કિપ્લિંગ પણ હતો; પરંતુ એની શાહીવાદી ખુમારી પર ઇંગ્લંડનો સમજુ વર્ગ ને અણગમો હતો. એ ચારમાંથી હવે તો માત્ર સંત બર્નાર્ડ (જ્યૉર્જ બર્નાર્ડ શૉ) એકલો જ હયાત રહેલો છે.

પોતાનાં લખાણોમાં લગભગ શૉ જેટલો જ જુસ્સો દર્શાવવા છતાં ખાનગી જીવનમાં તે શૉના જેટલો ઉધમાતિયો નહોતો. ફ્રાન્ક સ્વિનર્ટને લખ્યું છે: 'શૉના આગમન સાથે તમારા પર પણ જુસ્સાનું મોજું ફરી વળે અને પાછળનું બારણું ધડાક કરતું બંધ થાય. પરંતુ વેલ્સ દાખલ થાય તો તમારી, મારી કે કોઇની માફક હળવેકથી બારણું બંધ કરીને, બહુ ઊંચી નહિ પણ બાંધી દડીની, સહેજ શ્યામવર્ણી અને ખૂબ આસમાની રંગની આંખોવાળી માનવમૂર્તિ તદ્દન શાંતપણે તમારી નજીક આવતી લાગતી નજરે પડે.'

વેલ્સે જોકે પોતાને કલાકાર કરતાં પત્રકાર તરીકે જ ઓળખાવ્યો છે, છતાં એનામાં રહેલા કલાકાર ને દ્રષ્ટાને ગોપવી શકાય તેમ નથી. એની રંગદર્શી કૃતિઓ પણ માત્ર 'રોમાન્સિંગ'ના ભાવથી નથી લખાઈ. એની બધી કૃતિઓ પાછળ વૈજ્ઞાનિકરીતે પૃથક્કરણસાધ્ય વિશિષ્ટ સંદેશ રહેલો છે ને એ ખુદ એના જીવનમાંથી જ પ્રતિબિંબિત થયો છે. ડિકન્સ સિવાય બીજા કોઈ નવલકથાકારનાં પાત્રો આટલાં લોકપ્રિય નથી બન્યાં. નાનાંમોટાં, ગરીબતવંગર, રાજદ્વારીઓ—સાહિત્યકારો, સૌ વર્ગોના અને સઘળી કક્ષાના લોકોનો એ પ્રિય લેખક હતો.

એમણે બે લગ્ન કરેલાં. પહેલું, લંડનમાં અભ્યાસકાળ દરમ્યાન પોતાની એક પિતરાઈ ઈસાબેલ મેરી વેલ્સ સાથે. પોતાના વિદ્યાર્થી—શિક્ષક જીવનનાં સ્મરણો સાથે એ લગ્નકાળનાં પણ સ્મરણો જોડીને એમણે તે પોતાની 'લવ ઍન્ડ મિ. લેવિશામ' નામની નવલકથામાં ગૂંથ્યાં છે. પાછળથી એ લગ્નના છૂટાછેડા લઈને એમણે પોતાના અધ્યાપકકાળની એક વિદ્યાર્થિની એમી કૅથેરીન રૉબિન્સ સાથે બીજું લગ્ન કર્યું. એનાથી થએલા બે પુત્રો પૈકી એક જી.પી. વેલ્સના સહકારમાં તો એમણે 'સાયન્સ ઑવ લાઈફ'નું પુસ્તક લખ્યું છે.

માનવજાતમાં અનન્ય આશા ધરાવતો વેલ્સ છેલ્લે છેલ્લે નિરાશાવાદી બની ગયો હતો, અને એના અંતિમ પુસ્તક 'Mind at the End of its Tether'ની પ્રસિદ્ધિ પછી તો તે 'Prophet of Gloom' તરીકે જ ઓળખાતો. પહેલાંની કૃતિઓમાં જણાતો એનો આશાવાદી સૂર એ કૃતિમાં લુપ્ત થયો છે. અને અત્યારના જગતપ્રવાહોના તલસ્પર્શી અવગાહન પછી એણે જણાવ્યું છે કે, 'માણસે હવે કાં તો ઊર્ધ્વ જવું જોઇએ અથવા તો પતિત થવું જોઈએ. અને અત્યારે તો મને એના પતન ને નાબૂદીનો જ સંભવ વિશેષ જણાય છે.'

એણે એ છેલ્લું પુસ્તક મોતની છાયા નીચે રહીને લખેલું. એના ડૉકટરોએ પણ આશા રાખી નહોતી અને તેમણે એના સંબંધીઓને ગમે તે પળે એના અવસાન માટે તૈયાર રહેવાની તાકીદ આપી રાખેલી. આમ છતાં વેલ્સે તો એ પૂરૂં કર્યું જ.

આજે ૫. સ. ૨માં (પરમાણુ સન=Anno Bombini ના બીજા વર્ષમાં) આપણે જીવી રહ્યા છીએ. આ જગત પરના આપણા જીવનનો નિર્ણય થવામાં પરમાણુ બૉમ્બની શોધ પછી હવે બહુ સમય નહિ લાગે. અત્યારની ત્રિશંકુ દશામાંથી છૂટવાને આગળ ભરાતું એક જ પગલું, આપણે બેહિશ્ત સરજીશું કે દોજખ તેનો નિર્ણય કરી આપશે. એ પગલું સમગ્ર માનવજાતની હયાતીનો પુખ્તપણે વિચાર કરીને ભરવાને, ગેબના પરદા પાછળથી પણ વેલ્સનો અવાજ વાતાવરણમાં પડઘા પાડી રહ્યો છે. **અશોક હર્ષ**

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો —— લેખક

ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ

[૩૦]

૧૯૪૪ સુધીમાં તો સાબરમતી જેલનો ખૂણેખૂણો હું જોઈ વળ્યો. નવા આવનારાઓને હું હિંમત આપતો, પ્રેમભાવ કેળવતો ને આનંદ આપતો. ત્યાં હું 'ભસેગા ઓર કાટેગા' નામનું એક હાસ્યરસનું સાપ્તાહિક પત્રમાં કાઢતો. 'કૂતરાં ભસે છે તે કરડતાં નથી અને કરડે છે તે ભસતાં નથી'; પરંતુ આ જેલસાપ્તાહિક તો એવો કૂતરો હતો, જે 'ભસતો પણ ખરો અને કરડતો પણ ખરો!'

જેલના રાજદ્વારી કેદીઓનાં જીવનચરિત્રો, વ્યક્તિગત ટીકાઓ, એમની દિનચર્યાઓની માર્મિક મીમાંસા વગેરે એમાં આવતું અતિશયોક્તિ કરવાની એમાં છૂટ હતી; અથવા અતિશયોક્તિ એતો એનો મુખ્ય અલંકાર હતો. એમાં 'ઇંદ્રસભા'થી માંડીને તે 'વીણાવેલી' સુધીનાં નાટકોના તથા પ્રાચીન છંદો ને વૃત્તોના રાગો હતા. જે પ્રસંગો અને ભાવને અનુકૂળ આવે તે રસને અનુસરતા ઢાળોમાં હું એ ગાતો ને બીજા બધા ઝીલતા. ભવાઇ, હરદાસની કથા, કીર્તન તથા નાટકનું એ મિશ્રણ હતું!

બે વખત નાસિક જેલમાં, એક વખત યરોડામાં અને પહેલી વખતની સાબરમતી જેલમાં એનાં કટાક્ષકાવ્યો અને નાટકોએ જેલની કંટાળાભરેલી જીંદગીને રસીલી બનાવી દીધી અને છેલ્લી જેલયાત્રામાં તો એ સાપ્તાહિક બહુ લોકપ્રિય થઇ ગયું. છાપાંમાં દેશવિદેશના સમાચારો મોકલે છે તેમ જેલમાંની એકેએક વ્યક્તિના સમાચારો ખૂણે ખૂણાના ખબરપત્રીઓ લાવતા 'અને ૫૦૦ યુવકો એના અંકનું વાચન સાંભળવા દર રવિવારે સવારે બડા ચક્કર'માં એકઠા થતા. તાલ, અભિનય અને વિવેચન સાથે એનાં કાવ્યો ગવાતાં અને બીજા લેખકોને પણ એવાં કાવ્યો મોકલવાનું ઉત્તેજન અપાતું.

આવા મનોરંજક પ્રસંગો, જાદુના ખેલો, રાસ, રાષ્ટ્રીય ઉત્સવો, ગણપતિ ને શિવાજી જયંતીઓ, ટેનીસ હતૂતૂ ને ગિલ્લીદંડા તથા કુસ્તી ને દોડ વગેરે કાર્યક્રમોથી જેલમાં

'ફરી જોબનિયું આપે
હરિ! તું ફરી જોબનિયું આપે'

એવી કવિ નર્મદાશંકરની પ્રાર્થના અમારે માટે ફળી હતી.

યરોડા જેલમાં એક હોજ હતો. તેમાં એક ભાઇએ ગુલાબી સુનેરી માછલીઓ લાવીને નાખી અને જોતજોતાંમાં એનો વિસ્તાર ત્યાં વધી ગયો. એક ભૂરૂં પક્ષી ત્યાં ક્યાંકથી આવી ચડયું, એને અમે પાળીપોષીને મોટું કર્યું. એક ભાઇએ એક કુરકુરિયું પાળ્યું. એને દૂધ પાઇને એવું જાડું કર્યું કે એને 'ચર્ચિલ' ના નામથી બધા ઓળખવા લાગ્યા. એક જૈન ભાઇ ખિસકોલીના બચ્ચાને પોતાના ભાગનું દૂધ પાતા. એક મૈયાજીએ બિલાડી પાળી હતી અને બે દક્ષિણી ભાઇઓ રાત્રે નક્ષત્રો અને રાશિઓનું દર્શન કરાવતા. સાંજે અમે એક ઝાડ પર ચડીને દૂર મહાત્માજી રહેતા તે આગાખાન મહેલનાં દર્શન કરતા.

તિલકજયંતી, ગાંધીજયંતી, પર્યુષણ પર્વ, ગણેશ ચતુર્થી, ઈદ, નવું વર્ષ, દીવાળી, બળેવ વગેરે ઉત્સવો ઉજવતા; માસિક ધ્વજવંદન તથા ૧૨૪મી અની રાજદ્રોહની કલમમાં આવે એવાં રાજદ્વારી ભાષણો પણ કરતા. કૉમ્યુનિસ્ટ ભાઇઓ રશિયન નાટકો લેનીન જયંતિ, સોવિયેટ પ્રદર્શન અને ટૂર્નામેન્ટો ગોઠવતા. સમાજશાસ્ત્ર, બ્રહ્મસૂત્ર, ઉપનિષદો, ખલીલ જિબ્રાન, ટાગોર વગેરે પર ભાષણો થતાં; અને અખંડ રેંટિયો, અખંડ ગીતાવાચન તથા નવા ગ્રંથોનાં ઉદ્ઘાટન થતાં. થાળીનૃત્ય, ભીલનૃત્ય, રીંછના ખેલ, પોવાડા, અભિનવ વેશભૂષા (ફૅન્સી ડ્રેસ) વગેરે પણ પ્રસંગોપાત્ત થતાં. એક ભાઇએ કેવળ થીગડાંની જ છત્રી બનાવી હતી, તેને જેલરે જેલમાંથી નાસી જવાના બલૂન જેવી માનીને શંકા કરેલી. એ ભાઇને પછી અમે એમની આવી અદ્ભુત યોજનાશક્તિ માટે 'સર વિશ્વેશ્વરૈયા' નામનો ચંદ્રક અર્પણ કર્યો હતો!

પીઢ અને મૂગા લોકસેવક રવિશંકર મહારાજ અને થામણાવાળા બબલભાઇની વિનંતીથી મેં એક આરોગ્ય પરિષદ પણ જેલમાં ભરેલી તે આઠ દિવસ ચાલેલી. જેના પરિપાકરૂપે 'આરોગ્ય–તનનું, મનનું ને દેશનું' એ નામનું પુસ્તક બહાર આણીને મેં કર્યું.

સાબરમતી જેલમાં પહેલી જ વખતે જઇને મેં જાહેર જીવન ખીલવવાનો 'કૉન્ટ્રૅક્ટ' લઇ લીધો! એક મોટા ખંડનું 'ગાંધીહૉલ' નામ પાડી ત્યાં દરરોજ બપોરના ૩થી ૪ વાગ્યાની વચ્ચે વ્યાખ્યાનો રખાવતો વૃદ્ધો અને પીઢ કાર્યકરોને વિનતિ કરી કે દેશના જે આશાવંતા નવજુવાનો અહીં એકત્ર થયા છે તેમને તમારાં જ્ઞાન અને અનુભવનો લાભ આપો. દરબાર સાહેબે ઢસાની પોતાની આત્મકથા કહી, એમાંથી કલ્યાણજીભાઇએ 'ગુજરાતનું નૂર' લખ્યું. અબ્બાસ સાહેબે પોતાના બાલ્યકાળથી તે વિલાયત ગયા હતા તેની, વડોદરાની ન્યાયાધીશીની, મહારાજા ગાયકવાડ સાથેનાં સ્મરણોની તથા છેવટે ગાંધીજીને મળ્યા પછીના કાયાપલટની ઉત્તેજક વાતો કરી, એમાંથી 'વૃદ્ધ જુવાન' પુસ્તક લખાયું. અમૃતલાલ શેઠ અને મણિલાલ કોઠારીએ રાજસ્થાનો અને દેશી રાજ્યોના પ્રશ્નને સમજાવ્યો. મેઘાણીએ હૃદયભેદક ગીતો ગાયાં. એ જ પ્રથા બીજી જેલોમાં પણ ચાલુ રહી. સેનાપતિ બાપટે, પોતાના સાહસપૂર્ણ જીવનની, સાણે ગુરુજીએ ભૂગર્ભ પ્રવૃત્તિની, તેંડુલકરે જર્મનીની, ડૉ. સાઠે અને ચંદુલાલ દેસાઈએ તિલક મહારાજ સાથેના પ્રસંગોની અને આગાએ ઈરાનની વાતો કહી.

મહેરઅલી પાસે તો મોટું પુસ્તકાલય હતું અને બીજાઓ પણ પોતપોતાનાં રસ અને રૂચિ અનુસાર પુસ્તકો લાવ્યા હતા. એ ગ્રંથોનો લાભ તો બધા જ સાર્વત્રિક રીતે લેતા.

લોઢા ને પથ્થર સિવાય જ્યાં બીજું કંઈ જોવાનું ન હતું ત્યાં અમે ડમરો ને તુલસી વાવ્યાં, દિનકરભાઇ દેસાઈની પ્રેરણાથી રંગબેરંગી ફૂલોના સુન્દર બગીચા કર્યા ને ઓરડીઓમાં પુરાવાનો એક કલાક મોડો કરાવી ચાંદની રાતમાં પ્રેમભક્તિનાં ગીતો ગાયાં.

ધોતિયાં ધોવાની, વાસણ માંજવાની, ઓરડીઓ શણગારવાની અને વાંચવાની સ્પર્ધાઓ થતી. અંતકડીની રમતો, કવિસંમેલનો, મેહફિલો અને નહાવાની તથા બગીચાને પાણી પાવાની શરતો કરી નવા મિત્રો અને નવા સંસાર રચ્યા.

સરકારે તો અમને રાજકાજમાં પડવાની ખો ભુલાવવા સજાઓ કરી હતી પણ...

''દીવાલ પથ્થરની ભલે ના કેદખાનું થઈ શકે,
સળિયા ભલે લોઢાતણા, પિંજર કદી નહિ લાગશે;
મન જો હશે નિર્દોષ મારૂં શાંત ચિત્તે ધારશે,
આ પિંજરૂં એ કેદખાનું તીર્થ જેવું લાગશે'.'

(ચાલુ)

શિક્ષક: વસુ, નકશામાં ઉત્તર અમેરિકા બતાવ જોઇએ.

વસુ: (બતાવીને) આ રહ્યો સાહેબ.

શિક્ષક: બરોબર. હવે, છોકરાઓ, તમને ખબર છે કે એ ઉત્તર અમેરિકા કોણે શોધ્યો?

છોકરાઓ: વસુએ.

રૉયલ ફોટોગ્રાફિક સોસાએટી

(ઇંગ્લંડની 'શાહી ફોટો કલા સંસદ'નો પરિચય)

એક મામૂલી પ્રાયોગિક શરૂઆતમાંથી ફોટોગ્રાફીની કલાએ આજે જીવનના એકેએક ક્ષેત્રમાં મહત્ત્વનું સ્થાન જમાવી લેતી જે સર્વસ્પર્શી પ્રગતિ કરી છે તેમાં ઇંગ્લંડની 'રૉયલ ફોટોગ્રાફિક સોસાએટી'નો ફાળો મોટો છે. બ્રિટનના એ જગવિખ્યાત ફોટો–કલા મંડળનો શતાબ્દી ઉત્સવ થોડાં જ વરસોમાં આવશે.

એ મંડળના આરંભકાળે તો એને થોડા સમયના ઊભરા જેવું ગણવામાં આવતું અને ઉત્સાહના આવેગમાં હવાઇ કિલ્લા રચાતા પણ લાગતા; પણ રાણી વિક્ટોરિયાના પતિ પ્રિન્સ આલ્બર્ટે તેમાં રસ લઈને પ્રોત્સાહન આપ્યું ત્યાર પછી એ મંડળે ઘણી પ્રગતિ કરી.



ઇ. ૧૮૫૩માં સ્થપાએલું એ મંડળ આજે ફોટોગ્રાફીની કલાના સાર્વત્રિક વિકાસ માટેનો જગતનો એક મોટો કેન્દ્રસ્થ ચોરો ગણાય છે, જ્યાં ધંધાર્થીઓ તેમજ નિજાર્થી શોખીનો (પ્રોફેશનલ્સ તેમજ ઍમેટર્સ) ફોટોગ્રાફીની સંવૃદ્ધિ કરનારા પરસ્પરના અનુભવોની આપલે કરે છે આજે તેનું સંખ્યાબળ ૫૦૦૦ની ઉપર જાય છે અને દુનિયાભરનાદેશોના આગેવાનફોટોગ્રાફરોતેનાસભ્યોછે.

સ્થાપનાને એક જ માસ થયો હતો એટલામાં તો તેણે 'ફોટોગ્રાફિક જર્નલ' નામનું માસિક પણ શરૂ કરેલું જે આજ પર્યંત ચાલુ છે. એ મંડળ તરફથી ફોટોગ્રાફીનું જે વાર્ષિક પ્રદર્શન ભરાય છે તેનું ૧૯૪૬નું ૯૧મું પ્રદર્શન હાલ યોજાઇ રહ્યું છે.

સ્થાપના પછી ત્રીજે વર્ષે એના જીવનમાં નોંધપાત્ર બનાવબન્યો. સોસાયટીના મંત્રી રૉજર ફેન્ટનની સરકારી યુદ્ધ–ફોટોગ્રાફર તરીકે નિમણૂક કરી એ વખતે ચાલતી ક્રીમિયન લડાઇમાં મોકલવામાં આવ્યા. એ વેળાએ જે ગાડીમાં તે કામ કરતા તે ગાડાનું ચિત્ર આ સાથે આપ્યું છે. એણે એ યુદ્ધમાં કરેલી કામગીરીના નમૂના એક મોટા આલ્બમરૂપે આજે સોસાએટીનો અમૂલ્ય સંગ્રહ બની રહ્યાછે.


ધંધાર્થી તસ્વીરો ઉતારવાના કામકાજ ઉપરાંત એ કાળે ફોટોગ્રાફી ફક્ત નિજાનંદી શોખીનોનો એક નાદ માત્ર ગણાતી, અને કલાત્મક ચિત્રો પાડવામાં જ તેનો ઉપયોગ કરાતો. પણ જેમજેમ સાધનોમાં સુધારા થતા ગયા તે સાથે વિજ્ઞાન અને સંશોધનનાં ક્ષેત્રોમાં પણ ફોટોગ્રાફીનો સારો ખપ છે એમ સમજાયું, અને ધીમે ધીમે સોસાએટીની કારોબારીના બંધારણમાં ફેરફાર થઈને તેમાં કલા–શોખીનોને બદલે વિજ્ઞાનવેત્તાઓને લેવામાં આવ્યા પણ ઇ. ૧૮૯૨માં જ્યારે કલાકારોને લાગ્યું કે આથી તો મંડળ ફોટોગ્રાફીની કલાત્મક બાજુને ખીલવવાની બહુ તક નથી આપતું, ત્યારે તેમણે કેવળ ચિત્રાત્મક ફોટોગ્રાફી કરનારૂં એક નવું તડ 'ધ લિંકૂડ રિંગ' (સાંકળેલી કડી) એ નામથી સ્થાપ્યું અને પોતાનો જ એક ખંડ 'સૅલૉં' નામથી અલગ ઊભો કર્યો. ઇ. ૧૯૧૦ લગી તેની અસર ટકી. તે પછી એ 'લિંકૂડ રિંગ' બરખાસ્ત થઇ અને એનો સૅલૉં 'ધ લંડન સૅલૉં'ના રૂપમાં પલટાઇને આજે ફૂલતો ફાલતો બની ગયો છે.

વીસમી સદીના આરંભમાં એ મંડળને પચાસ વરસ થઇ ગયાં છતાં ત્યાં સુધીમાં એની સભ્યસંખ્યા ૮૦૦ જેટલી જ હતી ૧૯૨૦માં તે ૧૧૦૦ની થઇ અને ૧૯૩૯માં ૨૮૦૦ એ પહોંચી પણ આ યુદ્ધ દરમ્યાન ફોટોગ્રાફીનો ઉપયોગ લડાઈનાં સર્વ ક્ષેત્રોમાં વધી જવાને કારણે એની સભ્યસંખ્યા આશ્ચર્ય પમાડે એટલી વધી ગઇ. ૧૯૪૫ની આખરે તેના સભ્યો ૫૦૩૭ જેટલા છે !

આ વધારાની સાથોસાથ સોસાએટીની પ્રવૃત્તિનો વિસ્તાર પણ ફેલાયો અને ખાસ પ્રકારનાં ક્ષેત્રો ખીલવનારાં જુદાંજુદાં દળો સોસાએટીમાં બંધાયાં. એ રીતે બનેલાં 'પિક્ટોરિયલ ગ્રૂપ' (ચિત્ર મંડળ), 'મિનીએચર કૅમેરા ગ્રૂપ' (નાના કૅમેરા મંડળ), 'કાઇનેમેટોગ્રાફ દળ' વગેરે દળોની જ સભ્યસંખ્યા ૨૫૦૦ની થઇ છે. તેઓ અંદર અંદર ભાષણો, પ્રયોગદર્શનો વગેરે ગોઠવે છે.

એ ઉપરાંત સોસાએટી તરફથી દર મહીને સાથેલામાં બે પ્રદર્શનો ફોટોગ્રાફોનાં જ થાય છે. પણ મંડળનો મહાપ્રસંગ તો દરેક વર્ષના સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં આવતું વાર્ષિક પ્રદર્શન જ બને છે. એમાં 'પિક્ટોરિયલ' (ચિત્રાત્મક) ફોટોગ્રાફી ઉપરાંત વિજ્ઞાન અને ઉદ્યોગની પ્રત્યેક શાખામાં જે છેલ્લામાં છેલ્લી કામગીરી થઈ હોય તેના નમૂના પણ મૂકવામાં આવે છે: રંગપ્રયોગો, પ્રાકૃતિક ઇતિહાસ, દસ્તાવેજી કે દફતરી નોંધ, સૂક્ષ્મ દર્શન 'ફોટો-માઇક્રોગ્રાફી', ધાતુવિદ્યા, ભૂસ્તર, હવાઇ માપણી, પત્રકારત્વ અને મુદ્રણકલા, લેખચિત્રો, વેપાર–ઉદ્યોગ, સ્ટીરીઓસ્કોપી, અને અમુક અંશે સીનેમેટોગ્રાફી (જોકે આ છેલ્લી શાખા માટે તો જુદું જ પ્રદર્શન યોજાય છે), એવી અનેક શાખાઓ આજે વિસ્તરી છે. આ પ્રદર્શનમાં પોતાનું કામ રજૂ કરવાનો અધિકાર દુનિયાના તમામ (ધંધાર્થી કે નિજાર્થી) ફોટોગ્રાફરોને કોઈ પણ જાતની ફી કે બાધા વગર મળે છે.

ઉપરાંત સોસાએટી બીજી પ્રજાઓ સાથે પણ પોતાના સંગ્રહોની આપલે ગોઠવે છે; અને આ વખતે ઈંગ્લંડનાં સ્થાનિક મંડળો લંડન કૅમેરા ક્લબ, ઇન્સ્ટીટ્યૂટ ઑવ બ્રિટિશ ફોટોગ્રાફર્સ, બ્રિટિશ કાઉન્સિલ–વગેરેના સહકારથી બ્રિટિશ ફોટોગ્રાફીને દેશદેશાવરનાં જુદાં જુદાં કેન્દ્રોમાં રજૂ કરવાની તૈયારી કરે છે. (ડડલી જૉન્સ)–ર.



માધુકરી

ઉગે આજ સદીઓનું
સપનું સુનેરી
(કરસનદાસ માણેક)

હજારો નિરાશાના અંધાર છેદી,
અગણુ અંતરાયોના દુર્ગોને ભેદી,
પુગી મુક્તિશૃંગે શહીદોની સેના,
છલાવીને માતાની બલિદાન-વેદી;
પુરાણી ગુલામીનાં વાદળ વિખેરી,
ઉગે આજ સદીઓનું સપનું સુનેરી.

ક્ષિતિજપે જુઓ મુક્તિનો અંશુમાળી,
રહ્યો કૂંળાં કિરણોથી અંતર ઉજાળી,
અને અંતજ્હોણી દીસંતી સદા તે,
વીતી રાત દાસત્વની આજ કાળી;
નવાં સર્જનોની બળવંત ભેરી,
ઉગે આજ સદીઓનું સપનું સુનેરી.

ઇંગ્લંડ જનાર પ્રથમ હિંદી—પારસી

અંગ્રેજોને ઇ. ૧૬૧૨માં ગુજરાતના મુઘલ સુબેદાર દ્વારા સૂરત, ખંભાત તથા બીજી બે જગ્યાએ વેપાર કરવાની મંજૂરી મળી અને તેમણે મુખ્ય કોઠી સૂરતમાં નાખી. ઈ. ૧૬૬૧માં જ્યારે મુંબાઇ અંગ્રેજોને મળ્યું ત્યારે તે સૂરતને જ કબજે હતું. શિવાજીએ ૧૬૬૪ તથા ૧૬૭૦માં સૂરત લૂટ્યું તે વેળા આ પરદેશી વેપારીઓને તેણે હાથ સરખોયે નહિ લગાડેલો. ત્યારપછી એ વિદેશીઓની ઉદ્દંડતાથી ગુસ્સે થઇ ઔરંગઝેબે સૂરતની કોઠીનો કબજો લઈ અંગ્રેજોને હાંકી કાઢવાની આજ્ઞા આપી. પણ પછી સંધિ થતાં અંગ્રેજો ફરી સૂરતમાં વેપાર કરવા લાગ્યા. સૂરતનો રાજ્યવહીવટ મુઘલ ફોજદારને કબજે હતો.

સૂરતની એ ઇસ્ટ ઇંડિયા કંપનીની કોઠીના દલાલ સૂરતના રુસ્તમજી માણેકજી નામના એક પારસી હતા. કોઠીમાં એમનું ભારે માન હતું. જ્યારે કંપની પાસે એમનું ખૂબ લેણું પડ્યું ત્યારે કોઠીના ગવર્નરે એમને દૂર કરી દીધા! ઈ. ૧૭૨૧માં એ ગુજરી ગયા, પણ તોયે કંપનીએ એમનું લેણું ચૂકવ્યું નહિ. એમના પુત્રોએ અંગ્રેજો આગળ ઘણી યે ફરિયાદો કરી, પણ કાંઇ વળ્યું નહિ. અંતે એમણે સૂરતના મુઘલ ફોજદારને અરજી કરી. પણ એનું પરિણામ એ આવ્યું કે બે મોટા પુત્ર—ફ્રામજીને મુંબાઈમાં અને બોમનજીને સૂરતમાં કેદ કરવામાં આવ્યા. આથી ત્રીજા પુત્ર નૌરોજીએ ઠેઠ ઇંગ્લંડ જઇને કંપનીના બોર્ડ ઑવ ડીરેક્ટરો સામે દાવો કરવાનો નિશ્ચય કર્યો. આ બાતમી મળી જતાં સૂરતના કંપનીના અધિકારીઓ અને મુઘલ ફોજદારે મળીને નૌરોજીના માર્ગમાં અનેક હરકતો નાખી. પણ કૃતનિશ્ચય નૌરોજી શાહી અંગ્રેજ જહાજ 'સૅલેસબરી'માં (જેનો કૅપ્ટન બ્રેથવેઇટ હતો) ચટાઈઓના કોથળામાં સામાનની માફક લપેટાઇને પારસલ રૂપે ચુપકીદીથી પહોંચી ગયા.



સુએઝની નહેર ત્યારે ખોદાઈ નહોતી, એટલે કેપ ઑવ ગુડ હોપને રસ્તે, આફ્રિકાની પ્રદક્ષિણા કરીને સાત આઠ મહીને તે લંડન પહોંચ્યા. કંપનીના ડાયરેક્ટરોએ નૌરોજીનું સદ્‌ભાવથી સ્વાગત કર્યું. ન્યાયાલયની બધી કારવાઇઓ પાર કરવા તેને ત્રણ વર્ષ લંડનમાં રહેવું પડ્યું. તેમના પિતાની દલાલીમાંથી રૂખસદ, તેમના ભાઈઓની કેદ અને તેમના દેવાની રકમ વગેરે બાબત પૂરી તપાસ થઈ. દરમ્યાન કંપનીના

આ માસ (સપ્ટેમ્બર)નું પંખી

બપૈયો



પોતાના ઉદ્દીપક કલશોરથી, સાહિત્યમાં કોકિલ પછી તરત જ જે સ્થાન પામ્યો છે એ બપૈયો રૂપમાં બહુ કમનસીબ છે. એ કોયલના જ વંશનું પંખી, પણ દેખાવે બાજ કે શકરા જેવું. એકાદ ફૂટ જેટલા દેહમાં છ આંગળ તો એની પૂછડી રોકે છે. (શકરાને એટલી લાંબી નથી હોતી.) રંગ ધૂળિયો બદામી; ગાલ ધોળાશ પડતા; છાતી રતૂમડી; પેટ ધોળું; ઉપર પટા; પૂછડી નીચેના ભાગે સફેદ ને તે પર પણ ચારપાંચ પટા. ચાંચ લીલાશપડતી; તેને સીધી કાળી અણી; આંખ પીળી કે નારંગી; પગ પીળા. ચટાપટાને લીધે, ઝાડની ઘટામાં ચળાતાં સૂર્યકિરણ વચ્ચે એ એવો તો ભળી જાય છે કે એ બોલતો હોય એ જ ઝાડ નીચે ઊભા રહી શોધો તો યે નજરે ન ચડે. અને એ સ્વભાવે પણ એવો ભીરુ કે એને અંધારામાં જ ભરાઇ રહેવું ગમે છે. માત્ર એની અશરીરી મિઠ્ઠી વાણી સંભળાયા કરે: 'પીપી..યા', 'પીપી..યા.'

આખો ઉનાળો અને ભરચોમાસામાં પણ ગાનની ઝડીઓ વરસાવતા મૃદુ લહેકાવાળા એના એ કલશોરને આપણા હિંદી કવિઓએ બિરદાવ્યો છે, જ્યારે અહીંના તાપથી અકળાતા અંગ્રેજોને તો એ અવાજ નિદ્રાશાંતિનો ભંગ કરતો હોવાથી ઝેર જેવો લાગે છે, અને તેથી એમણે એનું નામ પાડ્યું છે 'બ્રેઇન ફીવર બર્ડ'; અને એને વાણીવાણીને મારે છે.

કોયલના જ વંશનું હોઈ આ પંખી પણ જાતે માળા ન બાંધતાં પોતાનાં ઈંડા બીજાં પંખી (મોટે ભાગે લેલાં) પાસે સેવડાવે છે. બાજ જેવાં એનાં રૂપરંગથી ડરામણો હોવા છતાં બીજાં પંખી એનાથી છેતરાતાં નથી, અને લેલાં જેવાં પણ એને રંજાડે છે.

પોતાના ગાનના ગૌરવથી માનીતો થએલો આ બપૈયો બીજી રીતે પણ ઉપકારી છે. ચોમાસામાં ખેતીનો નાશ કરનાર 'કાતરા' નામનાં જે વાળવાળાં જીવડાં પાક ઉપર પડે છે તેને બીજાં પંખી ખાસ ખાતાં નથી, પણ બપૈયો તો શોધીશોધીને ખાય છે.

(શ્રી 'વનેચર'ના મૂળ લેખ પરથી સંપાદિત)

સત્તર ડાયરેક્ટરોની સહીથી ૧૭૮૩ની ૧૬મી ઑગસ્ટે મુંબાઇના પ્રેસિડેન્ટ ને કાઉન્સિલને પત્ર મોકલવામાં આવ્યો કે નૌરોજીના બંને ભાઇને છોડી મૂકવા ને આ મામલાની પતાવટ કરવી. નૌરોજીએ પણ એ જ મતલબના ઘણા કાગળો પોતાને ઘેર લખ્યા કે જેથી એમાંનો એકાદ પત્ર તો પહોંચે જ.

અંતે મામલો પંચને સોંપવામાં આવ્યો અને પંચે ઈ. ૧૭૮૪ની ૧૮મી જાન્યુઆરીએ કંપનીની વિરુદ્ધ ૫,૪૬,૩૯૦ રૂપિયાનું હુકમનામું (ડિક્રી) કર્યું. સાથોસાથ ડિક્રીદારને તેના સરસામાન તથા નોકરચાકર સાથે કંપનીને ખર્ચે હિંદ પહોંચાડવાનો હુકમ થયો. હિંદ આવ્યા બાદ ઈ. ૧૭૮૨માં નૌરોજી અવસાન પામ્યા.

('બાલક'માંના શ્રી. વ્રજરત્નદાસના લેખ ઉપરથી)

અળસિયાં

ચોમાસામાં નજરે પડતા એ કદરૂપા ને મામૂલી કીડા ખેતીમાં અમૂલ્ય સહાયક નીવડે છે એની ઘણાને ખબર જ નહિ હોય. સામાન્ય પડતર જમીન ઉપર એક ઇંચ ફળદ્રુપ જમીનનું પડ બાંધતાં કુદરતને એકલે હાથે હજારો વર્ષો લાગે છે અને તેમાં તે અનેક વનસ્પતિઓ, પ્રાણીઓ અને ચીજોનો ઉપયોગ કરે છે. આજે સુધરેલા દેશોમાં પણ અમુક ખાતર, અમુક ઝાડપાન ને જીવાતોની મારફતે, બગડેલી જમીનને ફળદ્રુપ કરવા જે પ્રયત્ન ચાલે છે તેમાં આ અળસિયાં ઘણા મદદગાર નીવડયાં છે. એની ખાતરી કરવા માટે એક નાનો પ્રયોગ કરી જુઓ. ત્રણ કૂંડાં લો. તમારા વાડા, વાડી કે ખેતરની થોડી માટી ભરીને એક કૂંડામાં થોડાક અળસિયાં મૂકવાં, બીજાને એમને એમ રાખવું, ને ત્રીજામાં ખેતરો કે બાગની વાડ પાસે અળસિયાંની અઘાર પડી હોય તે ઉઠાવી લાવીને ભરવી. પછી તે ત્રણે કૂંડાંમાં જલદીથી થાય તેવી એક જ જાતની ચીજ વાવવી, તેમને સરખું પાણી વગેરે આપવું અને ત્રણેના પાકનો ઉતાર જોવો. સાદી માટી કરતાં અળસિયાંવાળા કૂંડામાં લગભગ ત્રણગણું ને પેલી અઘારવાળા કૂંડાંમાં લગભગ પાંચગણું તૂલ થએલું જણાશે.

જેનાથી આપણે સુગાઇએ છીએ ને જે અળસિયાંની અઘાર વાડા કે બગીચામાંથી વળાવીઝુડાવીને કઢાવી નાખીએ છીએ તે કેટલી કામની છે એ જાણતા નથી. પશ્ચિમમાં તો એ મામૂલી કીડા તથા તેની રહેણીકરણી વગેરે વિષે પુસ્તકો લખાયાં છે. ખેતીને ઉપયોગી એ અગત્યના જીવડા વિષે આપણે પણ માહિતી મેળવી લેવી જોઇએ.

અળસિયાં મોટે ભાગે જમીનમાં જ પુરાઇ રહે છે અને ચોમાસામાં જમીન પોચી થાય ત્યારે દર પાડીને ઉપર આવે છે. તે પછીથી જ્યાં સુધી ઝાકળ પડયાં કરે અને તેથી જમીન પોચી રહે ત્યાં સુધી તે સવારે જમીનમાંથી બહાર આવશે. તેને કોઇ અડકવા જશે કે તેના દર પાસેની જમીન કોઈ કારણથી સહેજ ધ્રૂજશે તોપણ તે તરત પાછાં દરમાં સંતાઈ જશે. તેની ચામડી ઘણી સુંવાળી હોવાથી તેનાથી ભૂખર હવા ખમાતી નથી. આવી હવા હોય ત્યારે તેના શરીરમાંનું પાણી એકદમ સુકાઇ જાય છે અને તે મરી જાય છે. તેના શરીર પર સહેજ ચીકણો પદાર્થ હોય છે, જેથી તેને પકડતાં તે હાથમાંથી લપસી જાય છે. તેનાથી રેતાળ પ્રદેશમાં તો જીવી શકાતું જ નથી, કારણકે ત્યાં એને જોઇતો ખોરાક અને ભેજ મળતાં નથી. તેનો આગલો ભાગ અણીવાળો છે અને પોચી જમીનને તો તે વડે કોચીને તે બહાર લાવે છે. પણ જમીન જો કઠણ હોય તો તેવી જમીનને તે ખાઇ જાય છે, અને પછી એની જે માટી તેનાં લાંબા આંતરડાંથી પસાર થઇને તેની અઘાર તરીકે બહાર નીકળે છે તેમાં અત્યંત ઉત્તમ ગુણો રહેલા હોય છે. એ ઉપરાંત સડેલાં પાંદડાં, એઠવાડ, ચા કે કૉફીનો નકામો કચરો, શાકભાજીની છાલ અને ડાંખળાં વગેરે પણ તે ખાય છે. આવો કચરો ફેંકી ન દેતાં જો જમીનને સહેજ ખોતરીને તેમાં તેને દાટો તો તે કચરો બહાર પડયો નહિ રહે અને તે અળસિયાં માટે ખૂબ ઉપયોગી ખોરાક બની રહેશે. જેમ કેટલાંક પક્ષીઓ ઝીણા કાંકરા ગળે છે અને તેમની મદદથી પોતે ગળેલા અનાજનો પેટમાં દળીને ભૂકો કરે છે, તેમ આ અળસિયાં રેતીના કણોને ગળે છે અને તે કણોની મદદથી તે આ કચરા, માટોડી, જમીનના ક્ષારો વગેરેને દળીને તેમનો ભૂકો કરે છે. એ ભૂકાની સાથે તેમના શરીરમાંની ગ્રંથીઓમાંથી ઝરેલા રસો તથા ઉપયોગી જંતુઓ પણ ભળે છે. એમાંથી પોતાને જોઇતું પોષણ લઇ લીધા બાદ બ કીનો બધો ભાગ વિષ્ટારૂપે તે દરની બહાર કાઢે છે. આ વિષ્ટામાંથી સુંવાળી ફળદ્રુપ જમીન બને છે. આ જમીનમાં ઝાડ અને વનસ્પતિને જોઇતાં બધાં તત્ત્વો મળાઉ રૂપે હોય છે. પૃથ્વીના પટમાં આવા મહાન રસાયણશાસ્ત્રીઓ જેવા લાખો કીડાઓ રહે છે અને તેઓ જમીનને ફળદ્રુપ રાખવા પ્રયત્ન કરે છે.

જમીન સારી હોય અને તેમાં તે કીડાને માટે જોઈતાં ખોરાક અને ભેજ હોય, તો એક એકરે લગભગ ૨૫ લાખ અળસિયાં ત્યાં હોઇ શકે. આટલા બધા કીડા તો કોઇક જ જમીનમાં હોય, પણ એકરે ૨૫ થી ૫૦ હજાર કીડા હોય એવી વાડીઓ તો ઘણી બની શકે. અને તેટલા કીડા દર વર્ષે ૫૯૦ મણ સારી પોષણવાળી માટોડી બનાવશે. આટલું જાણ્યા પછી જે બાગના માલિકો પોતાના બાગમાંથી પાંદડાં, ડાંખળાં વગેરે ખરી પડેલી અને સડી શકે એવી ચીજો વળાવીને બહાર ફેંકાવી દે અને તેમને જમીનમાં દટાવી ન દે તો ત્યાંના અળસિયાંને ભૂખે મારે છે, અને તેમની ઉમદા કાર્યશક્તિનો લાભ ગુમાવે છે. તેઓ ગાલ્લીઓ ભરી બહારનું કીમતી ખાતર લાવીને નાખે છે, પણ જો સાથેસાથે આવા કીડાઓની મદદથી દર એકરે જો તેઓ ધારે તો ૧૬–૧૭ ગાલ્લી સૌથી ઉત્તમ ખાતર બનાવડાવીને પોતાની જમીનને ઉમદા પ્રકારની બનાવી શકે. તેમણે તો ફક્ત એક જ કામ કરવાનું છેઃ વાડીમાં પાંતડાં વગેરેનો પડતો કચરો અને તેમના ઘરમાં પડતો શાકભાજી, અનાજ વગેરેનો કચરો કહોવડાવીને પોતાની વાડીના જુદાજુદા ભાગોમાં તેમને દટાવવો અને ત્યાં ભેજ રખાવવો, એટલે આ કુદરતી રસાયણશાસ્ત્રીઓ સુંદર ફળદ્રુપ જમીન બનાવશે.

—હરરાય અમુલખરાય દેસાઇ

આકાશમાં થતી વીજળી

ઇલેકટ્રિસિટીનું પાવર હાઉસ જેમ વીજળી ઉત્પન્ન કરતું હોય છે; તેમ મેઘાડંબર પણ વિદ્યુત નીપજાવતું હોય છે. ગાજવીજ સાથેનું તોફાન એ બીજું કશું નહિ પણ પવનથી ગતિમાન થએલું ઇલેકટ્રિક મશીન જ છે. પૃથ્વી પરથી વરાળ ઊંચી ચડે છે. શરૂઆતમાં તો તે ધીમેધીમે ચડતી હોય છે, પણ પછી ઘસારાબંધ ઊર્ધ્વ ગતિ કરતી હોય છે. તે જ્યારે અતિશય ઠંડી ભરેલી ઊંચાઇએ પહોંચે છે ત્યારે તેમાં રહેલી ભિનાશ નાનાંનાનાં ફોરાંઓમાં જામી જાય છે. ગતિ અને ઘર્ષણને લીધે આ ફોરાં વાતાવરણમાંથી થોડા ઘનવિદ્યુદ્ભાર (Postive charges) લે છે. આમાંનાં ભારે ફોરાં ગુરુતા અને પવનની ગતિને લીધે એકઠાં થઈ નીચલી હરોળમાં ગોઠવાઈ જાય છે.

પૃથ્વી ઋણ–વિદ્યુત્ ભારવાહી હોય છે. માથા ઉપર ઘન–વિદ્યુતભારવાળાં વાદળાંથી આકર્ષણ પામી ઋણ–વિદ્યુદ્ભારવાળી (Negative charged) વીજળી ધરતીની નીચે છાયા વીજળી રૂપે વહેવી શરૂ થાય છે. આ રીતે વાદળાં અને પૃથ્વી બન્ને અનુક્રમે ઘન અને ઋણ ધ્રુવ સમાં બની રહે છે. આ બન્ને ધ્રુવ વચ્ચે ખેંચાણ શરૂ

થાય છે. આથી આકાશગાંના ગતિજન્ય વિદ્યુદ્યંત્ર (Dynamo)માં ભારે વૉલ્ટેજ ઉત્પન્ન થાય છે અને વાદળાં તથા પૃથ્વી વચ્ચેનું અંતર પૂરવા શ્યામલ વાદળાંના પડદા ઉપર, પૃથ્વી સરસો લંબાતો, કલાકના બે કરોડ વીસ લાખ માઇલની ગતિની ઝડપવાળો, વિદ્યુલ્લેખાનો લીસોટો અંકાય છે આ સમયે વિદ્યુત્‌ના બે સંયોગબિંદુઓ— વાદળાં અને પૃથ્વી—ઉપર દબાણ (Pressure) સરખું ના થાય ત્યાં સુધી વિદ્યુલ્લેખાના પથ પર વિદ્યુત્પ્રવાહ વહેતો રહે છે.

વીજળી એ વા-વરસાદના તોફાનમાંથી જન્મતી વિદ્યુત્‌નો નિર્વિજકારો (Discharge) છે. વાદળાં અને પૃથ્વી, આ બે ધ્રુવના ગાળા વચ્ચે જ્યારે વિદ્યુત્-તણખો (Spark) વહે છે ત્યારે માણસના હાથના જેટલી જાડાઇનો હવાનો થર વિજકારાય (Charged થાય) છે અને આની અંદર થઇને તીવ્ર વિદ્યુત્પ્રવાહ વહેવો શરૂ થાય છે. હવા મૂળ તો ગરમ હોય તે વળી એકદમ વિસ્તાર પામે. આમ થવાથી ઝટકા સહિતની મેઘગર્જના થાય છે.

વીજળી એ કંઇ વિદ્યુત્‌નો એક તણખો (Spark) જ નથી, પણ એક જગ્યાએ ઉપરાઉપરી થતા અનેકાનેક વીજપાત હોય છે. આંખને આંજી દે એવી વીજળી ઝબુકી જાય એટલામાં ત્રણ બાબતો બનતી હોય છે: સેકન્ડના દસ લાખમા ભાગમાં દસ લાખ વૉલ્ટેજ વાળો, નીચી ગતિ કરતો, વિદ્યુલ્લેખા (Bolt) ના પથને ઝગઝગાટ કરતો 'ઝાટકો' (Stroke) ઉત્પન્ન થાય છે; આ પછી પૃથ્વી સાથેના સંયોગબિંદુથી ઉગ્ર વૉલ્ટેજ વાળો વિદ્યુતનો ફુવારો સેકન્ડના પચાસ લાખમાં ભાગ જેટલા સમયમાં વાદળમાં પાછો ફરતો હોય છે. આ વખતે મકાન, ઝાડ, પ્રાણી જે કંઈ વીજળીના સંયોગબિંદુ નજદીક હોય તેને વિદ્યુત્‌નો જીવલેણ ઝટકો લાગે છે. આ પછી સેકન્ડના હજારમાથી તે દસમા ભાગ સુધીના સમયમાં પૃથ્વી અને વાદળાં વચ્ચે સ્થિર રહેતો વિદ્યુત્પ્રવાહ વહેતો રહે છે. આ ગાળામાં જેને વિદ્યુત્‌નો ઝાટકો લાગ્યો હોય તે બળી, ઝળી કે સળગી ઊઠે છે.

મેઘગર્જના અને વીજળીના ઝબકારા વચ્ચેનો સમય નોંધવામાં આવે તો, વીજળી કેટલા અંતર ઉપર ઝબુકી તેનો ખ્યાલ આવી શકે. અવાજની ગતિ પાંચ સેકન્ડમાં એક માઇલની હોય છે. ધારો કે વીજળીના ચમકારા પછી ૨૦ સેકન્ડ બાદ ગર્જના સંભળાઈ તો એમ જાણવું કે ચાર માઇલ દૂર વીજળી થઈ છે.

વીજળી કંઈ ટૂંકો જ પથ ગ્રહણ કરે એવું પણ નથી. ઓછામાં ઓછા અવરોધનો રસ્તો તે પકડતી હોય છે. લોખંડનાં માળખાંનાં મકાનો, ટેલીફોન અને તારના થાંભલાઓ, ઊંચાં વૃક્ષો, વીજળીના તારો વગેરે વીજળીના ઉત્તમ સુવાહકો હોવાથી વીજળી તેમના તરફ વધુ આકર્ષાય છે. વીજળી પડવાથી ઝાડ ચીરાઇ જાય છે. તેના જીવનસત્ત્વ અને ભેજની વરાળ થઈ જાય છે અને વિદ્યુત્પ્રવાહ મૂળની નજીક આવતાં તેની નજદીકની વસ્તુઓ પણ ભયમાં આવી પડે છે. વીજળી મકાનની દીવાલ ભેદી, બારીબારણાં બંધ હોય તો પણ, મકાનમાં પેસી જાય છે. ખંડમાં લોખંડનો સરસામાન હોય તો તે તેના વહનમાર્ગો બને છે ને તેથી વીજળી નવા સર્કિટમાં પણ વહેવા માંડે છે. નજદીકમાં માનવી હોય તો તેને પણ તે ઝડપી લે છે. એક ને એક સ્થળે વીજળી બીજીવાર પડતી નથી એ માન્યતા ખોટી છે. ન્યૂયૉર્કના ગંજાવર એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ ઉપર તે પંદર મિનિટમાં પંદર વાર પડી હતી અને અત્યાર સુધીમાં તેના ઉપર કુલ્લે ૬૮ વાર ત્રાટકી છે.

મેઘગર્જના વખતે ખુલ્લામાં બહાર જવું, કે ખુલ્લી જગ્યામાં આપણો દેહ ઊંચામાં ઊંચી વસ્તુ બની રહે એમ ઊભા રહેવું સલામતીભર્યું નથી. નાનાં છુટાંછવાયાં ઘરો કે એકલદોકલ ઝાડ કે તારની વાડો પાસે રક્ષણ મેળવવા ઊભા રહેવું તે ઉલટું વીજળીના આક્રમણપથમાં ઊભા રહેવા જેવું છે. જો આવા વખતે ઘર બહાર હોઇએ તો ઘાડાં જંગલ, ગુફા, ઊંડી ખીણ કે ટેકરાની તળેટી જેવાં સ્થળોએ જતા રહેવું સલામતીભર્યું છે. અને જો કદાચ આવું કંઇ ના મળી આવે તો જમીન પર સૂઈ જવાથી સંકટમાંથી ઊગરી શકાય ખરૂં.

ગાજવીજ વખતે ખુલ્લામાં હો અને જો તમે ગર્જના સાંભળો તો જાણજો કે વીજળી તમારા ઉપર પડનાર નથી. વીજળી તમે જુઓ તો જાણજો કે તમે તેનાથી બચી ગયા છો. જો તે તમારા ઉપર પડી તો તે સંબંધે તમે કશું જાણી શકવાના પણ નથી એય ચોક્કસ છે.

કુદરતનું કોઈ તત્ત્વ નિરર્થક કે નિરૂપયોગી તો નથી જ હોતું. વીજળીના વીજકારણ (charging)થી હવાના થરમાંથી નાઇટ્રોજન અને પ્રાણવાયુનું રાસાયનિક મિશ્રણ થઇ નાઇટ્રિક ઍસિડ બને છે અને તેનું વર્ષાદ સાથે પૃથ્વી ઉપર અવતરણ થાય છે. આ નાઇટ્રિક ઍસિડ વનસ્પતિસૃષ્ટિના સંવર્ધન અને ફળ આપવા માટે ઉત્તમોત્તમ કુદરતી ખાતર થઈ પડે છે. —ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

નવાં યંત્રો

હાથમાં ખોડવાળા અપંગો પણ સરળતાથી પુસ્તકો વાંચી શકે તેવું એક યંત્ર તૈયાર કરવામાં આવ્યું છે. એ યંત્રના પાટિયા પર પુસ્તકને મૂકી તેનાં પાનાં સાથે કાગળની ક્લિપ જોડવામાં આવે છે અને બધી ક્લિપો સાથે જોડેલો એક દોરો વિદ્યુત્મોટરથી ફરતા એક નળાકાર (સિલીંડર) ફરતો વીંટાળેલો હોય છે. વાંચનાર સ્વિચ દાબે એટલે આ નળાકાર ફરે તેમ પાનાં ફરતાં જાય છે.

દીવાસળીના ટોપકાના ચે ચોથા ભાગના કદનો એક વીજળિક ડાયનેમો તૈયાર કરવામાં આવ્યો છે, જે નાનકડી છીપમાં પણ સહેલાઇથી સમાવી શકાય છે એક મિનિટમાં એ ૬૦૦૦ આંટા ફરે છે એક સેકંડના ૧૦૦ આંટાનો વેગ થયો ! આ યંત્રનું વજન માત્ર ૧/૧૦ ગ્રામ જેટલું છે અને તેના કેટલાક ભાગ તો એટલા બારીક અને નાજુક છે કે માત્ર માઈક્રોસ્કોપની મદદથી જ જોઇ શકાય.

બહેરી સ્ત્રીઓનો કર્ણદોષ બહુ ખૂબી પૂર્વક ઢાંકી રાખી તેને સાંભળતી કરવાનો એક નવો કીમિયો શોધાયો છે. કાનમાં પહેરવાનાં એરીંગની સાથે જ પ્લાસ્ટિકની બનાવેલી એક ઝીણી પારદર્શક ભૂંગળી જોડી દીધી હોય છે એરીંગ સાથે અફળાતાં અવાજનાં મોજાં ઝીલાઇને એ નળી દ્વારા કાનના પડદા સુધી પહોંચે એવી તેમાં કરામત કરી હોય છે. આવી ગોઠવણીવાળાં એરીંગને હવે Hearrings (હીઅરિંગ્ઝ અથવા હેરીંગ્ઝ) એવું નામ અપાયું છે.

ન્યૂયૉર્કમાં આર. વી. ઍન્ડરસન નામના એક શોધકે, સ્ટેશન પર ટિકિટ આપવા માટે માણસ બેસાડવો પડે છે તેને બદલે મુસાફરોને આપોઆપ ટિકિટ મળી જાય એવું યંત્ર તૈયાર કર્યું છે. યંત્ર પર જુદાંજુદાં ગામનાં નામ તથા ત્યાં સુધીનું ગાડીભાડું વગેરે લખ્યું હોય છે. એક ફરતા ચક્ર ઉપર કાંટો હોય છે તે કાંટો, પોતાને જે સ્થળે જવાનું હોય તે સ્થળના નામ પર મૂકે અને યંત્રમાં તે જગ્યાનું ભાડું પણ મૂકે એટલે આપોઆપ યંત્રમાંથી ટિકિટ છપાઈને બહાર આવે છે. એ રીતે કેટલી ટિકિટો ગઇ વગેરેની નોંધ પણ આ યંત્રમાં જ રહે છે રમતગમતનાં મેદાનો અને થીએટરોમાં પણ આવાં યંત્રો મૂકવાની વિચારણા ચાલે છે. —લલિત ભટ્ટ

ઉતારૂ : ગાડીઓ જો વખતસર ન આવતી હોય તો આ તમારાં ટાઈમટેબલનો અર્થ શો છે?'

પોર્ટર: એ જો ન હોય તો ગાડી કેટલી મોડી આવે છે તે શા ઉપરથી ખબર પડે ?

નવાં પુસ્તકો

Investigations into Pre-historic Archaeology of Gujarat: ૧૯૪૧–૪૨માં ઉત્તર ગુજરાતમાં પ્રાગૈતિહાસિક અવશેષોના સંશોધન માટે યોજાયેલા પ્રવાસમંડળની કામગીરીનો દળદાર (૪૦૦ પૃષ્ઠનો) અહેવાલ; શ્રી અમૃતલાલ વ. પંડ્યાના આલેખેલા નકશાઓ, આલેખો, ચિત્રો વગેરે તથા અન્ય ફાળા સાથે: કર્તા–હસમુખ ડી. સાંકળિયા, પ્રકાશક–વડોદરા રાજ્યના પુરાતત્ત્વખાતા તરફથી એ. એસ. ગદ્રે, પુરાતત્ત્વાધિકારી, વડોદરા, ૨૨–૦–૦. Polish Short Stories: યુરોપની બીજી ભાષાઓને મુકાબલે ઓછી જાણીતી, છતાં તેમનાથી કોઈ રીતે ઓછી ન ઊતરે એવી, તદ્દન અનોખી જ ઢબની તીવ્ર ભાવોદ્રેકભરી ટૂંકી વાર્તાઓનો સંગ્રહ: સંપાદક-ઉમાદેવી, પ્રકાશક–ઇન્ડો-પોલિશ લાયબ્રેરી, મુખ્ય વિતરક–પદ્મ પબ્લિકેશન્સ લિ. લક્ષ્મી બિલ્ડિંગ, ફીરોઝશાહ મહેતા રોડ, મુંબાઈ–૧, ૪–૦–૦; Commonsense about Sex જાતીય પ્રશ્નોનું જ્ઞાન આપતા, લીઓનોરા આઈલ્સના વિખ્યાત પુસ્તકની હિંદી આવૃત્તિ: પ્રકાશક–કુતુબ પબ્લિશર્સ, વિન્ડી હૉલ લેઈન, મુંબાઈ–૫, ૨–૮–૦; The Aryan Home આર્યોના આદિ વસવાટો અંગેના પ્રશ્ન વિષે સંશોધનાત્મક નિબંધ: લેખક-પ્રકાશક–પ્રા૦ ડૉ. માણેક પીઠાવાળા, કાત્રક બિલ્ડિંગ, વિક્ટોરિયા રોડ, કરાચી-૩, ૫–૦–૦; The Gujarat Region and the Parsees: હજારેક વરસથી આ દેશમાં વસતી એ નાની પણ મહાન કોમના આપણે ત્યાંના વસવાટનાં કારણ-ધારણની ચર્ચા કરતી સમીક્ષા: લેખક–પ્રકાશક—ઉપર મુજબ.

મહાભારત સર સર્વપલ્લી રાધાકૃષ્ણનના હિંદી ફિલસૂફી ગ્રં. ૧ના ૮મા પ્રકરણનો અનુવાદ–જેમાં મહાભારતના યુગમાં બ્રાહ્મણ ધર્મ અનેક સંપ્રદાયોનાં વહેણના મિલનથી વિશાળ હિંદુ ધર્મ કેમ બન્યો તેનું દર્શન કરાવ્યું છે: અનુવાદક ચન્દ્રશંકર શુક્લ, પ્રકાશક–વૉરા ઍન્ડ કં. પબ્લિશર્સ લિ., મુંબઈ–૨, ૨–૦–૦; **શુક્રતારક** ગુજરાતી સાહિત્યના એક અગ્રણી વિવેચક પંડિત નવલરામ લક્ષ્મીરામનું નવલ શૈલીમાં આલેખાયેલું ચરિત્ર: લેખક–વિજયરાય ક. વૈદ્ય, પ્રકાશક-ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, છુટક કિં. ૨–૦–૦; **ઝાંશીની રાણી લક્ષ્મીબાઈ** ૧૮૫૭ના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં જેની ભાવના, વીરતા, રણકુશળતા અને ક્રાન્તિનું નેતૃત્વ ટોચે રહેલાં અને જે દુનિયાના નારીવર્ગ સમક્ષ એક ભવ્ય આદર્શ રજૂ કરી ગએલાં તે સ્ત્રીરત્નનું વિસ્તૃત ચરિત્ર: લેખક–ગોવિંદરાવ પાંડુરંગ ભાગવત, પ્રકાશક–ઉપર મુજબ, ૧–૦–૦; **ભાલણ, ઉદ્ધવ અને ભીમ** એ ત્રણ પ્રાચીન ગુજરાતી કવિતાઓનાં જીવન અને કવન સંબંધે વિવેચન: લેખક–રામલાલ ચુનીલાલ મોદી, પ્રકાશક–ઉપર મુજબ, ૦–૧૪–૦; **ગુજરાતીઓએ લખેલા ફારસી ગ્રંથ** ઈતિહાસ, વિજ્ઞાન, વૈદક, વહાણવટું, જીવનકથા, ધર્મ, સૂફીવાદ, રમૂજ, પત્રવ્યવહાર, રોજનીશી, એમ વિસ્તૃત ક્ષેત્ર પર પથરાયેલી એક અજ્ઞાત રહેલી સાહિત્યસામગ્રીની માહિતી આપતી નોંધોનો સંગ્રહ: લેખક–દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરી, પ્રકાશક–ઉપર મુજબ ૧–૦–૦; **દૂધ**–સર્વસંપૂર્ણ ખોરાક–ઊગતી પ્રજાની શારીરિક સમૃદ્ધિ માટે અત્યંત અગત્યના આ પૌષ્ટિક ખોરાક વિષે વૈજ્ઞાનિક તેમજ અન્ય માહિતીઓ આપતું એક ઉપયોગી પુસ્તક: લેખક–નરસિંહ મૂળજી શાહ, પ્રકાશક–ભારતી સાહિત્ય સંઘ લિ. અમદાવાદ, ૧-૮-૦; **લડત આવે તો** અહિંસાની રીતે પ્રજાએ કેમ કામ લેવું એ સમજાવતું પુસ્તક: લેખક વજુભાઈ શાહ, પ્રકાશક–ઉપર મુજબ, ૧-૦-૦.

આ માસ (સપ્ટેમ્બર) ઈતિહાસમાં

તા. ૧ અંગ્રેજો ટ્રાન્સવાલ જીતી દ. આફ્રિકામાં કાયમ થયા, ૧૯૦૦.
તા. ૩ પ્રબળ અંગ્રેજ લોકનાયક ઑલીવર ક્રોમવેલનું મૃત્યુ, ૧૬૫૮.
તા. ૬ અમેરિકામાં પહેલી વસાહત કરવા માટે પિલગ્રિમ ફાધર્સ મે ફ્લાવર જહાજમાં ઈંગ્લંડથી ઊપડ્યા, ૧૬૨૦.
તા. ૧૧ અંગ્રેજોએ સર જેલી ભેદનીતિના પરિપાકરૂપ રાજકીય મહામારી હિંદુ-મુસ્લિમ હુલ્લડના મુંબાઈમાં પહેલવહેલા ગણેશ, ૧૮૮૩.
તા. ૧૫ વિદ્વાન અને વયોવૃદ્ધ હિંદી (ગુજરાતી–મારવાડી) લિપિશાસ્ત્રી અને પુરાતત્ત્વવિદ્ ગૌરીશંકર હીરાચંદ ઓઝાનો જન્મ, ૧૮૬૩.
તા. ૧૮ સત્તાવનના બળવામાં દિલ્હી કબજે કરી અંગ્રેજોએ મુઘલ સમ્રાટ બહાદુરશાહને હુમાયૂંના મકબરામાંથી કેદ કર્યો, ૧૮૫૭.
તા. ૨૨ વિચક્ષણ મુત્સદ્દી વિઠ્ઠલભાઈ પટેલનું અવસાન, ૧૯૩૩.
તા. ૨૫ અકબરે કંદહાર જીતી મુઘલ સત્તા વિસ્તારી કર્યો, ૧૫૯૪.
તા. ૨૯ હિંદમાં અંગ્રેજી રાજ્યની પહેલી મેખ મારનાર ફૂટનીતિજ્ઞ રૉબર્ટ ક્લાઇવનો જન્મ, ૧૭૨૫

આ માસની વ્યક્તિવિશેષ

સર સર્વપલ્લી રાધાકૃષ્ણન્



સત્ત્વશીલ હિંદી તરીકે ત્રિખંડ દુનિયામાં મહાત્મા ગાંધીજી અને રવીન્દ્રનાથ ઠાકુર પછી કદાચ ત્રીજું જ સ્થાન ધરાવનાર, આપણા આ જગતખ્યાત તત્ત્વચિંતક અને પૂર્વના તત્ત્વજ્ઞાનના સૌથી સમર્થ પુરસ્કર્તાનો જન્મ ઈ. ૧૮૮૮ની ૫મી સપ્ટેમ્બરે મદ્રાસ પાસેના તીરૂતામી ગામે થએલો. એમનો સમગ્ર અભ્યાસ ક્રિશ્ચિયન શાળા–મહાશાળાઓમાં જ થયો. ૧૯૦૩માં મૅટ્રિક, ૧૯૦૭માં બી. એ. અને ૧૯૦૯માં પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાને એમ. એ. થઈ એમણે યુનિવર્સિટી-ચંદ્રક મેળવ્યો અને મદ્રાસ પ્રેસિડેન્સી કૉલેજમાં અધ્યાપક નીમાયા. એમની પ્રતિભાનો પરચો તરત જ દેખાવા માંડ્યો અને ત્યાંથી મ્હૈસુર યુનિવર્સિટીએ એમની સેવાઓ માગી. એ પછી સર આશુતોષ મુકરજીએ એમને કલકત્તા યુનિવર્સિટી માટે માગી લીધા. આ સમયે એમણે લખેલાં પુસ્તકો પૈકી 'હિંદી તત્ત્વજ્ઞાનના ઇતિહાસ'ના ગ્રંથોએ એમને દિગંતવ્યાપી કીર્તિ અપાવી અને ૧૯૨૩માં 'એમ્પાયર યુનિવર્સિટી કૉન્ફરન્સ'માં એ ગયા ત્યારે એમની વિદ્વત્તાથી આકર્ષાઈ એમને ખાસ વ્યાખ્યાનો આપવાનાં આમંત્રણો આપનાર યુનિવર્સિટીઓમાં ઇંગ્લંડની રૂઢ અને પીઢ ઑક્સફર્ડ યુનિવર્સિટી પણ હતી, જે માન મેળવનાર એ પ્રથમ હિંદી હતા. યુરોપ અને અમેરિકામાં પોતાની એ વ્યાખ્યાનમાળાઓ દ્વારા હિંદી તત્ત્વજ્ઞાનની મહત્તા અને હિંદુ જીવનદર્શનની પારગામી ઉત્કૃષ્ટતા સંસ્થાપિત કરીને એ સ્વદેશ પાછા આવ્યા ત્યારે કલકત્તા યુનિવર્સિટીએ એમને પોતાના આજીવન સભ્ય બનાવી લીધા અને આંધ્ર યુનિવર્સિટીએ એમને ડૉક્ટરની તથા સરકારે 'સર'ની પદ્વીઓ આપી.

ગાંધીજીની સૂચના અને માલવીયજીની ઇચ્છાને માન આપી એમણે બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉપ-કુલપતિનું પદ સ્વીકાર્યું છે ને એ સંસ્થાને તરતી કરવા પોતાનો સર્વ શ્રમ અર્પણ કર્યો છે; છતાં બીજી યુનિવર્સિટીઓ સાથે એમનો ઘણો સારો સંબંધ છે. આજે તેઓ ઇન્ટર યુનિવર્સિટી બોર્ડના પ્રમુખ છે અને સ્વતંત્ર હિંદનું રાજબંધારણ ઘડવા નીમાએલી લોકપ્રતિનિધિ સભામાં પણ નીમાયા છે.

હાટહાટ હીરા નહિ   કંચનકા ન પહાર
સિંહનકા ટોલા નહિ   સંત વિરલ સંસાર

સ્વ. નંદશંકર (કરણઘેલાના કર્તા ને સર મનુભાઈના પિતા) અસાધારણ શક્તિવાળા અમલદાર તરીકે સર્વત્ર દીપી નીકળ્યા હતા. નાંદોદમાં ઍડમિનિસ્ટ્રેટરની જગ્યાએ હતા તે વેળા, કહેવાય છે કે, એક લાંબો તુમાર ખોવાઈ ગએલો તે પોતાની સ્મરણશક્તિને બળે સર્વાંગસંપૂર્ણ પુનરપિ લખાવી આપેલો. એઓ ધોળકા તાલુકામાં મામલતદાર હતા તે વખતે એક લાઈસન્સ ટેક્સની એમણે ન્યાયપુરઃસર કરેલી આકારણી કલેક્ટરને ઓછી લાગી, ને નંદશંકરને વધારે આકારનું પત્રક બનાવી લાવવાનો હુકમ કર્યો. જવાબમાં નંદશંકરે રાજનામું આપી દીધું. કલેક્ટર આ હિંમત જોઇ અપ્રસન્ન થયો નહિ.

કહેવતોના અર્થ: 'ઘંટીના સો ફેરા ને ઘંટનો એક.' કોઈ પણ નાના પ્રયત્નને મુકાબલે મોટાનું સામર્થ્ય અથવા મહત્તા બતાવવાને વપરાતી આ કહેવતનો અર્થ પણ એટલો જ સ્પષ્ટ છે. તેના જેવી બીજી કહેવતો: સો દહાડાની પાવસ ને એક દહાડાની વાવસ' (એટલે કે સો દિવસની ચાલુ વરસાદની હેલી ભલે થઈ હોય, પણ એક જ દિવસનો તડકો કે ઉઘાડ થાય તો ભેજને સૂકવી નાખે છે); 'હાથીને હૈયા સમું તે ગધેડાને ગળાબોળ;' 'સોનીના સો ને લુહારનો એક;' 'મિયાં ચોરે મૂઠે ને અલ્લા ચોરે ઊંટે;' 'એક તરફ રામ ને એક તરફ ગામ.'

અનેકાર્થી શબ્દ: **કંજરી**=એક જાતની વનસ્પતિ; એક પ્રકારનું પંખી; ઝાંઝ અથવા ખંજરી; કાંચળી.

ગણિતગમ્મત: એક આંકડો ધારો. તેને તેટલા વડે જ ગુણો. જે આવે તેમાં ધારેલા આંકડા તથા તેની પછીના આંકડાનો સરવાળો ઉમેરો. જે જવાબ આવશે તે ધારેલા આંકડા પછીના આંકડાનો વર્ગ હશે. (હી. તન્ના)

સખત પવન હોય તો ધોએલાં મોજાં સૂકવ્યાં હોય તે દોરીને વીંટળાઈ વળે છે અગર કોકડાં વળી જાય છે. તે અટકાવવા મોજાંમાં સ્વચ્છ ગોળ પાંચીકા નાખવા.

મા : કનુના પેટમાં સખત ચૂંક આવે છે; દાક્તરને બોલાવીશું?

બાપ : છટ્, એને તો રોજ એમ પેટમાં દુખે છે.

મા : ના; પણ અગાઉ કદિ રાતને દહાડે નથી દુખ્યું



વિજયનગરના મહાન હિંદુ સામ્રાજ્યના સોના ને ત્રાંબાના જે અનેક સિક્કાઓ મળી આવે છે તેમાંનો વ્યંકટરાયનો (ઈ.૧૫૩૦-૪૨) સિક્કો અહીં આપ્યો છે, એમાં એક તરફ કોઈ દેવતાનું ચિત્ર અને બીજી બાજુ લખાણ છે. આ સિક્કાઓનું અનુકરણ તેની પછીના દેશી રાજાઓએ જ માત્ર નહિ, પણ પાછળથી આવેલા દક્ષિણ હિંદના યુરોપી વિજેતાઓએ પણ કરેલું.

ખુરશીનું નેતર ઝોળો ખાઇ ગયું હોય તો ખુરશીને ઊંધી નાખી નેતર પર જાડું ભીનું કપડું કલાકેક મૂકી રાખવું પછી કપડું ખસેડી લઇ સુકાવા દેશો એટલે અક્કડ થઈ જશે.



અમેરિકાના સ્વ. લોકપ્રિય પ્રમુખ રૂઝવેલ્ટના સ્મરણમાં નીકળેલો દસ સેન્ટનો સિક્કો.

જોડાને રાત્રે પૉલિશ લગાડી રાખીને બીજે દિવસે સવારે પૉલિશ કરવાથી ચમક તરત આવશે, અને વળી વધારે તેજભરી આવશે.

ખબર છે?


કે—માણસના અંગૂઠાની છાપ પેઠે કૂતરાંના નાકની પણ છાપ લઈ શકાય છે? અને માણસનાં આંગળાંની પેઠે કોઇપણ બે કૂતરાંનાં નાકની છાપ એકસરખી નથી હોતી?

કે—અનાજના કણસલામાં દાણાની સંખ્યા હમેશાં એકી અંકની જ હોય છે?

કે—આ દુનિયાપર મોટા પ્રાણી કરતાં નાનાં જીવજંતુ છે; એટલાં બધાં કે તેનું જો વજન કરવામાં આવે તો દુનિયાભરનાં મોટાં પશુ પ્રાણીઓના વજન કરતાં પણ વધી જાય !!

જુવાન માણસને જ્યારે પોતાની શક્તિ કે પિતાની લક્ષ્મીનું વધારે પડતું ભાન થાય છે ત્યારે તેનો વિકાસ અટકે છે; અને . . . કદાચ પતન શરૂ થાય છે.

વીજળીની ઇસ્ત્રી સાફ કરવા માટે સીગરેટની રાખમાં જરા હવાએલું કપડું બોળી તે વડે ઇસ્ત્રીની સપાટી ઘસવી અને થોડી વાર રહી કોરા કપડાથી તે ઘસીને સાફ કરી નાખવી. ચાંદી જેવી ચમક આવશે.



દષ્ટિફેરની ગમ્મત: બાજુના ચિત્રમાં દર્શાવવામાં આવેલો પિરામિડ તેની બેઠક ઉપર સપાટ ઊભેલો પણ દેખાશે; ને તેની બેઠકનું તળિયું તમને દેખાતું હોય ને પોતે માત્ર નીચલા ખૂણા ઉપર જ ટેકાઇને ઊભો હોય એમ પણ દેખાશે.

પડદાના નીચલા બંને ખૂણે સીસાની નાની ગોળીઓ સીવી લેવાથી પડદા અક્કડ રહેશે ને પવનના ઝપટામાં ઊડાઊડ નહિ કરે.




ટિકિટો પર ખ્રિસ્તી ધર્મના પ્રતીકો

(૧) પૅલેસ્ટાઇનની ટિકિટ પર જેરૂસલેમના ખડક પરના દેવળનો ઘુમટ; (૨) બેલ્જિયમની ટિકિટ પર ક્રૂસેડર; (૩) પૅલેસ્ટાઇનની ટિકિટ પર ગૅલિલીનો સમુદ્ર; (૪) આયર (આયર્લંડ)ની ટિકિટ પર ક્રૂસ; (૫) આર્જેન્ટિના-દક્ષિણ અમેરિકા-ની ટિકિટ પર ઈશુ ખ્રિસ્ત.









ઉપર: ડાબી બાજુ–સંત ઍનેવ્યાવ (કલાકાર–પુવી દ સાવાં); વચ્ચે–વૃક્ષ-શ્રેણી (કલાકાર–હૉબેમા); છેડે–માદીકરી: માદામ લેબ્રુન અને તેમની કન્યા (કલાકાર–માદામ લેબ્રુન પોતે); નીચે–આદમનો જન્મ (કલાકાર માઇકેલઍન્જેલો) યુરોપના ચાર સમર્થ કલાકારોનાં આ ચાર જગનામી ચિત્રો કલાના ઉત્કૃષ્ટ નમૂના ગણાય છે. એમની દરેકની ચિત્રસંયોજના એક એક વિશિષ્ટ પ્રકારની છે, જે તે તે ચિત્રની ભાવવ્યંજનાને અસરકારક બનાવે છે. એમની એ લાક્ષણિકતા આ અંકમાં પૃ. ૨૦૪-૫ ઉપર વિસ્તારથી સમજાવવામાં આવી છે.